| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૧-૦૮-૨૦૧૮ |
| નોંધણી તારીખ | ૨૧-૦૮-૨૦૧૮ |
| ફેંસલ તારીખ | ૦૬-૦૩-૨૦૨૧ |
| સમયગાળો | વર્ષઃ માસઃ દિવસઃ<br>૦૨ - ૦૬ - ૧૫ |

**મહેસાણાના છઠ્ઠા એડીશનલ સેશન્સ જજશ્રીની કોર્ટ,મુ.-મહેસાણા.**

**સેશન્સ કેસ નં.૧૧૪/૨૦૧૮.**

**આંકઃ-૯૨.**

ફરીયાદીઃ- શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપીઃ- ૧. રાવળ બાબુભાઇ લવજીભાઇ ખોડાભાઇ,
૨. રાવળ પોપટભાઇ ઉર્ફે લાલો બાબુભાઇ લવજીભાઇ,
રહે.ગણેશ વિવાન સોસાયટી,બોરની ઓરડીમાં
મૂળ રહે. ખોરસમ,તા.ચાણસ્મા,તા.જી.પાટણ.

ગુનોઃ- મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુના રજીસ્ટર નં.૮૬/૨૦૧૮, ઈ.પી.કો. કલમ-૩૦૨,,૩૦૭,૩૨૫,૩૨૪,૩૨૩,૩૪ મુજબ...

---

સરકારશ્રી તર્ફે - વિ.એ.પી.પી.શ્રી એ.એસ.મકવાણા.

આરોપીઓ તર્ફે - વિ.વ.શ્રી આર.એન.બારોટ.

---

// ઠ રા વ //

| અનુક્રમણિકા | | |
|---|---|---|
| અનુ.નં. | જજમેન્ટની વિગતો | પેરા |
| ૧. | ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત | ૧ |
| ૨. | પોલીસ તપાસ | ૨ |
| ૩. | તહોમતનામુ અને પ્લી | ૩ |
| ૪. | ફરિયાદપક્ષનો મૌખિક પુરાવો | ૪.૧ |
| ૫. | ફરિયાદપક્ષનો દસ્તાવેજી પુરાવો | ૪.૨ |
| ૬. | કલોઝીંગ પુરશીશ અને આરોપીઓનુ વિશેષ નિવેદન | ૫ |
| ૭. | દલીલો | ૬ |
| ૮. | મુદ્દાઓ | ૭ |
| ૯. | મુદ્દાઓનો નિર્ણય | ૮ |
| ૧૦. | ફરિયાદપક્ષે દલીલો | ૯ |
| ૧૧. | મૂળ ફરિયાદી તરફે દલીલો | ૯.૧ |
| ૧૨. | આરોપીપક્ષનો બચાવ અને તેની દલીલો | ૧૦ |
| ૧૩. | મૂળ ફરિયાદી તરફે વિશેષ દલીલો | ૧૧ |
| ૧૪. | ફરિયાદપક્ષે વધુ દલીલો | ૧૨ |
| ૧૫. | સાક્ષીઓની જુબાનીઓમાં સ્પષ્ટ થયેલ હકીકત- મેડીકલ વિટનેસનો પુરાવો અને તેનુ મહત્વ | ૧૩થી૧૩.૧ |
| ૧૬. | ફરિયાદીનો પુરાવો | ૧૪ |
| ૧૭. | નજરે જોનાર સાહેદોનો પુરાવો અને તેનુ મહત્વ | ૧૫થી૧૫.૨ |
| ૧૮. | રીલેટીવ તેમજ અન્ય સાહેદનો પુરાવો અને તેનુ મહત્વ | ૧૬ |
| ૧૯. | સરકારી સાહેદનો પુરાવો અને તેનુ મહત્વ | ૧૭ |
| ૨૦. | પંચ સાહેદોનો પુરાવો અને મહત્વ | ૧૮થી૧૮.૬ |
| ૨૧. | પોલીસ સાહેદોનો પુરાવો અને મહત્વ | ૧૯થી૧૯.૩ |
| ૨૨. | ન્યાય પ્રણાલી અને બંને પક્ષકારોના માનવ અધિકારો | ૨૦ |
| ૨૩. | ડેકલેરેશન ફોર વિકટીમ ઓફ ક્રાઇમ્સ | ૨૧ |

| | | |
|---|---|---|
| ૨૪. | ભારતીય બંધારણની અને ફોજદારી કાયદાની કાયદાકીય જોગવાઓ | ૨૨ |
| ૨૫. | આરોપીઓ વિરૂધ્ધના આક્ષેપ | ૨૩ |
| ૨૬. | ગુનાને લગતી કાયદાકીય જોગવાઇઓ | ૨૩.૧ થી ૨૩.૮ |
| ૨૭. | મૂલ્યાંકન– મુદ્દા નં.૧ | ૨૪ થી ૨૪.૨ |
| ૨૮. | મૂલ્યાંકન–મુદ્દા નં.૨ અને ૩ | – |
| ૨૯. | રજુ થયેલ પુરાવાની ટુંકી વિગત | ૨૫ |
| ૩૦. | ગુનાનો સમય,સ્થળ અને જગ્યા | ૨૬ |
| ૩૧. | બનાવનુ કારણ | ૨૭ |
| ૩૨. | મૌખિક ડી.ડી. અને વિરોધાભાસી પુરાવા | ૨૭.૧–૨૭.૨ |
| ૩૩. | ફરિયાદીની કપડા બાબતે વિરોધાભાસી હકીકતો | ૨૭.૩ |
| ૩૪. | ફરિયાદી,સાહેદ ગીતાબેન અને સાહેદ ધર્મેન્દ્રભાઇની જુબાનીમાં આવેલ વિરોધાભાસ | ૨૭.૪ થી ૨૭.૬ |
| ૩૫. | ફરિયાદી અને સાહેદ નરેન્દ્રભાઇની જુબાનીમાં આવેલ વિરોધાભાસ | ૨૭.૭ |
| ૩૬. | આરોપીની પેન્ટની રીકવરી બાબતે અપૂરતા પુરાવા | ૨૭.૮ |
| ૩૭. | મોટીવ બાબતે પુરાવાનો અભાવ | ૨૭.૯ |
| ૩૮. | મરણજનારની જગ્યા ઉપર હાજરી | ૨૭.૧૦ |
| ૩૯. | ક્રિ.પ્રો.કોડ ૩૧૩ અન્વયે અનુમાનનુ સ્ટેજ | ૨૭.૧૧ |
| ૪૦. | પોલીસ નિવેદનનુ મહત્વ | ૨૭.૧૨ |
| ૪૧. | તપાસ અને પ્રોસીકયુશનની ખામી(લેકયુના) | ૨૭.૧૩ થી ૨૭.૧૬,૨૮ |
| ૪૨. | બચાવપક્ષના વકીલશ્રી દ્વારા રજુ કરવામાં આવેલ કાનૂની ચૂકાદા અને તેનુ મૂલ્યાંકન | ૨૯થી૨૯.૨ |
| ૪૩. | નિષ્કર્ષ | ૩૦ |
| ૪૪. | મુદ્દા નં.૪ | ૩૧ |
| ૪૫. | હુકમ | – |

**<u>ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત</u>**

(૧).. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,તેઓ બનાવ બન્યો તે અરસામાં તેઓ તેમના માતા-પિતા સાથે ૧૨, પુષ્પવાટીકા સોસાયટી, તીરૂપતી શાહીબાગની બાજુમાં, રાધનપુર રોડ, મહેસાણા ખાતે રહેતા હતા. તે વખતે તેઓ પ્રિન્ટીંગ પ્રેસમાં કામ કરતા હતા. તેઓ બે ભાઇઓ તેમજ એક બહેન છે. જેમાં સૌથી મોટા ધર્મેન્દ્રભાઈ છે જેઓ સુરત રહે છે તેનાથી નાની બહેન મીનાક્ષીબેન છે જેના લગ્ન થઈ ગયેલ છે અને તેણી સાસરીમાં રહે છે.બનાવ તા. ૨૧/૦૫/૧૮ ના રોજ બનેલો. તે દીવસે સવારે તેઓ તથા તેમના માતા ગીતાબેન તથા તેમના પિતા જયંતીભાઈ ઘરે હાજર હતા તે વખતે સવારના સાડા છ એક વાગ્યાના સુમારે તેમના પિતાજી દુધ લેવા સારૂ સોસાયટીના નાકે આવેલ હાઈવે ઉપર દુકાન હતી ત્યાં ગયેલ હતા તે વખતે તેમના પિતાજીને દુધ લઈ આવતાં વાર લાગતાં તેઓ સામે જોવા ગયેલ તો તીરૂપતી શાહીબાગ સોસાયટીના મેઈન ગેટ આગળ તેમના પિતાજીને બાબુભાઈ લવજીભાઈ રાવળ તથા તેમનો દીકરો પોપટભાઈ બાબુભાઈ રાવળ બંને જણા હાથમાં ધારીયું તથા લાકડી લઈ માર મારતા હોઈ જેથી તેઓ દોડીને ત્યાં ગયેલા.તેઓએ જોયેલ તો તેમના પિતાજીને ધારીયુ લઇ પોપટભાઈએ માથાના ભાગે અને બાબુભાઈએ લાકડી વડે તેમના પિતાને બંને હાથે, બરડામાં,માથામાં મારતા હતા અને તે વખતે તેઓને જોઈ આ બંને જણા ત્યાંથી નાસી ગયેલા.ફરિયાદમાં વધુમાં જણાવેલ છે કે,તે વખતે તેમના પિતાજીને તેઓએ પુછતાં તેઓએ જણાવેલ કે, ''મેં પોપટભાઈ બાબુભાઈ રાવળની પત્નિના છુટાછેડામાં ગયેલ હોઈ અને તેના છુટાછેડા થયેલ હોઈ જેની અદાવત રાખી અમોને કહેલ કે, 'તમોએ છુટાછેડા કેમ કરાવેલ છે' તેમ કહી મને માર મારેલ છે'' તેવી વાત તેમના પિતાજીએ તેમને કરેલી.ત્યારબાદ તેમના પિતાજી બેભાન થઈ ગયેલા અને ત્યાં ઘણા માણસો ભેગા થઈ ગયેલ હોઈ કોઈ ઈસમે ૧૦૮ ને ફોન

કરતાં ૧૦૮ આવતાં તેમના પિતાજીને તેઓ તથા તેમના મમ્મી તથા તેમના બનેવી ચંદ્રકાન્ત હીરાભાઈ પટેલ મહેસાણા સીવીલ હોસ્પિટલમાં લઈ ગયેલા અને ત્યાં ડોકટર સાહેબે તેમના પિતાજીની પ્રાથમીક સારવાર કરેલી અને ત્યારબાદ ડોકટર સાહેબે તેમના પિતાજીને વધુ સારવાર માટે અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં લઈ જવાનું કહેતાં અમદાવાદ સીવીલમાં લઈ ગયેલા અને ત્યાં દાખલ કરેલા. ત્યાં તેમના પિતાજી બેભાન હાલતમાં છે. જેથી ઉપરોકત પોપટભાઇ બાબુભાઇ રાવળ તથા બાબુભાઈ લવજીભાઈ રાવળ બંને જણા તીક્ષ્ણ હથિયાર ધારીયુ તથા લાકડી લઈ તેમના પિતાજીને માથાના તથા આંખ ઉપર તથા બંને હાથે તથા શરીરે ગંભીર ઈજાઓ કરી,જાનથી મારી નાખવાના ઈરાદે તેમના પિતાજી ઉપર જીવલેણ હુમલો કરેલ હોઈ તેઓ વિરૂધ્ધ કાયદેસર થવા ફરિયાદ છે.સદર બનાવ આજ રોજ સવારના આશકે પોણા સાતેક વાગ્યાના સુમારે તિરૂપતિ શાહીબાદ સોસાયટીના મેઈન ગેટ આગળ બનેલ છે.જે મતલબની ફરીયાદ ફરીયાદીએ પો.ઈન્સ.શ્રી મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશન રુબરુ નોંધાવતાં આરોપીઓ સામે મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશન ફ. ગુ.ર.નં.૮૬/૧૮ થી ઈ.પી.કો.કલમ–૩૦૭,૩૨૫, ૩૨૪,૩૨૩,૩૪ મુજબનો ગુનો નોંધાયેલ.ત્યારબાદ સારવાર દરમિયાન તા.૨૮–૫–૨૦૧૮ ના રોજ ફરિયાદીના પિતા અમદાવાદ સિવીલ હોસ્પિટલમાં મરણ જતાં આ કામે ઈ.પી.કોડ કલમ ૩૦૨ નો ઉમેરો કરવામાં આવેલ છે.

**<u>પોલીસ તપાસ</u>**

(૨).. ઉપરોકત ગુનો રજીસ્ટર થયા બાદ પોલીસે આ કામે તપાસ કરી લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ પુરતો પુરાવો માલુમ પડતાં આરોપી વિરૂધ્ધ મહેસાણા ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં તા.૩૧–૭–૨૦૧૮ ના રોજ ચાર્જશીટ કરેલ જેનો ક્રિમી. કેસ નં.૪૯૭૦/૨૦૧૮ આપવામાં આવેલ. ત્યારબાદ મહેસાણાના વિદ્વાન બીજા એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીએ આરોપીને

ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ હેઠળ પોલીસ પેપર્સની નકલો આપી અને સદરહું ગુનો સેસન્સ ટ્રાયલ હોવાથી ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૯ મુજબ અત્રેની કોર્ટમાં આંક–૧ લગત હુકમ કરી તા.૧૮–૮–૨૦૧૮ ના રોજ કમીટ કરેલો. આરોપીઓ જયુડીશીયલ કસ્ટડીમાં છે.

**તહોમતનામુ અને પ્લી**

(૩) ત્યારબાદ આરોપીઓ મારા વિદ્વાન પુરોગામી ન્યાયાધીશ સાહેબશ્રી સમક્ષ હાજર થતાં તેઓએ આરોપીઓને પોલીસ પેપર્સની નકલ મળી ગયાની ખાત્રી થયા બાદ આંક–૪ થી ઈ.પી.કો.કલમ–૩૦૨, ૩૦૭, ૩૨૫, ૩૨૪, ૩૨૩, ૩૪ મુજબના ગુનાનુ તહોમતનામું ફરમાવી આરોપીની આંક–૫ અને ૬ થી પ્લી રેકર્ડ કરતાં આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરેલ છે. જેથી સદર કામ ફરીયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ છે.

(૪).. ફરીયાદપક્ષે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

**(૪.૧)ફરિયાદપક્ષનો મૌખિક પુરાવો**

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ડો.ભાર્ગવ બેચરભાઇ ઝવેરીની જુબાની | ૦૮ |
| ૨ | ડો.પ્રવિણકુમાર પોપટલાલ સોનીની જુબાની | ૧૩ |
| ૩ | પંચ સાહેદ ઠાકોર રમેશજી મગનજીની જુબાની | ૧૯ |
| ૪ | પંચ સાહેદ રાઠોડ ઉદેસિંહ મંગાજીની જુબાની | ૨૨ |
| ૫ | પંચ સાહેદ વાઘેલા રમેશજી મોહતાજીની જુબાની | ૨૬ |
| ૬ | પંચ સાહેદ ચૌધરી શંકરભાઇ ગણેશભાઇની જુબાની | ૨૯ |
| ૭ | પંચ સાહેદ ઠાકોર જીતુજી મોહનજીની જુબાની | ૩૦ |
| ૮ | પંચ સાહેદ રાઠોડ વિક્રમસિંહ રતુસિંહની જુબાની | ૩૧ |
| ૯ | પંચ સાહેદ ભીલ વિનોદભાઇ શાંતીલાલની જુબાની | ૩૪ |
| ૧૦ | ફરિયાદી પટેલ રોહીતભાઇ જયંતીભાઇની જુબાની | ૩૫ |

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧૧ | સાહેદ પટેલ ગીતાબેન જયંતિભાઇની જુબાની | ૩૮ |
| ૧૨ | સાહેદ પ્રજાપતિ નરેન્દ્રભાઇ બબાભાઇની જુબાની | ૪૧ |
| ૧૩ | સાહેદ પટેલ ધર્મેન્દ્રકુમાર જયંતીભાઇની જુબાની | ૪૪ |
| ૧૪ | સાહેદ ગાંધી અનીલભાઇ મફતલાલની જુબાની | ૪૫ |
| ૧૫ | નાયબ મામલતદાર પટેલ ભરતકુમાર રણછોડભાઇની જુબાની | ૪૬ |
| ૧૬ | પો.સ્ટે.ઓ. વાઘેલા વિપુલકુમાર રમેશભાઇની જુબાની | ૪૯ |
| ૧૭ | ત.ક.અમલદાર પટેલ મીનાક્ષીબેન જગદીશભાઇની જુબાની | ૫૮ |
| ૧૮ | ત.ક.અમલદાર ચૌધરી ઇશ્વરભાઇ બાબુભાઇની જુબાની | ૬૨ |
| ૧૯ | ત.ક.અમલદાર જયદીપભાઇ અમીતભાઇ બારોટની જુબાની | ૬૮ |

## (૪.૨)ફરિયાદપક્ષનો દસ્તાવેજી પુરાવો

| **અનુ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | મરણજનાર પટેલ જયંતીભાઇ રામદાસની પી.એમ.નોટ | ૦૯ |
| ૨ | કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ | ૧૦ |
| ૩ | મરણજનારની લાશનુ પેનલ ડોકટરથી પી.એમ. કરવા મળેલ ચાદી | ૧૧ |
| ૪ | મરણજનારનુ મહેસાણા સિવીલ હોસ્પિટલનુ મેડીકલ સર્ટીફીકેટ (એમ.એલ.સી.નં.૨૨૭૭/૧૮) | ૧૪ |
| ૫ | મરણજનારના મહેસાણા સિવીલ હોસ્પિટલના અસલ કેસ પેપર્સ | ૧૫ |
| ૬ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૨૦ |
| ૭ | મુ.આ.નં.૧,૨ ઉપરની પંચ સ્લીપ | ૨૧ |
| ૮ | મુ.આ.નં.૫ થી ૮ ઉપરની પંચ સ્લીપ | ૨૩ |
| ૯ | આરોપીઓની શરીરસ્થિતી તેમજ બનાવ વખતે પહેરેલા કપડા કબજે કર્યાનુ પંચનામુ | ૨૪ |
| ૧૦ | મરણ જનારની લાશનુ ઇન્કવેસ્ટ પંચનામુ | ૨૫ |
| ૧૧ | ઇજા પામનારની શરીરસ્થિતી તેમજ બનાવ વખતે પહેરેલા કપડા કબજે કર્યાનુ પંચનામુ | ૨૭ |
| ૧૨ | મુ.આ.નં.૩ અને ૪ ઉપરની પંચ સ્લીપ | ૨૮ |

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧૩ | પુરાવા અધિનિયમની કલમ ૨૭ મુજબ હથિયાર કબજે કર્યાનુ પંચનામુ | ૩૨ |
| ૧૪ | મુ.આ.નં.૯ અને ૧૦ ઉપરની પંચ સ્લીપ | ૩૩ |
| ૧૫ | અસલ ફરિયાદ | ૩૬ |
| ૧૬ | ગુનાવાળી જગ્યાનો નકશો | ૪૭ |
| ૧૭ | ગુનાવાળી જગ્યાનો નકશો તૈયાર કરવા સારૂ કરેલ રીપોર્ટ | ૪૮ |
| ૧૮ | ડેપ્યુટ હુકમ | ૫૧ |
| ૧૯ | દવાખાના વરધીનો ઉતારો | ૫૨ |
| ૨૦ | સીરીયસ ગુનાનો રીપોર્ટ | ૫૩ |
| ૨૧ | પો.અધિક્ષકશ્રી મહેસાણાને ગુન્હાની વિડીટેશનમાં પધારવા કરેલ ફેક્સ મેસેજ | ૫૪ |
| ૨૨ | ગુનાવાળી જગ્યાએ એફ.એસ.એલ.વાન મોકલી આપવા કરેલ રીપોર્ટ | ૫૫ |
| ૨૩ | મરણોત્તર ફોર્મ | ૫૯ |
| ૨૪ | એકજી.મેજી.શ્રી ઘીકાંટા,અમદાવાદને લાશનુ ઈન્કવેસ્ટ ભરવા સારૂ કરેલ રીપોર્ટ | ૬૦ |
| ૨૫ | દરદીનુ બ્લડ સેમ્પલ લેવા એમ.ઓ.શ્રી સિવીલ હોસ્પિટલ અમદાવાદ ને કરેલ રીપોર્ટ | ૬૩ |
| ૨૬ | એમ.ઓ.શ્રી સિવીલ હોસ્પિટલ અમદાવાદનો બ્લડ સેમ્પલ રીપોર્ટ | ૬૪ |
| ૨૭ | એમ.ઓ.શ્રી સિવીલ હોસ્પિટલ અમદાવાદને દરદી ભાનમાં આવ્યાની જાણ કરવા કરેલ રીપોર્ટ | ૬૫ |
| ૨૮ | એકજી.મેજી.શ્રી ઘીકાંટા,અમદાવાદને દરદીનુ ડી.ડી. લેવા સારૂ કરેલ રીપોર્ટ | ૬૬ |
| ૨૯ | ગુનો રજીસ્ટર કરવા બાબતનો રીપોર્ટ | ૬૭ |
| ૩૦ | ડી.એફ.એસ.ગાંધીનગરનો સ્થળ પરિક્ષણ અહેવાલ | ૬૯ |
| ૩૧ | એફ.આઈ.આર.માં ઈ.પી.કોડ કલમ ૩૦૨નો ઉમેરો કરવા કરેલ રીપોર્ટ | ૭૦ |
| ૩૨ | એમ.ઓ.શ્રી સિવીલ હોસ્પિટલ મહેસાણાને ઈજા પામનારનુ સારવાર સર્ટીફીકેટ મેળવવા સારૂ કરેલ રીપોર્ટ | ૭૧ |
| ૩૩ | એમ.ઓ.શ્રી સિવીલ હોસ્પિટલ અમદાવાદને ઈજા પામનારનુ સારવાર સર્ટીફીકેટ મેળવવા સારૂ કરેલ રીપોર્ટ | ૭૨ |

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૩૪ | એમ.ઓ.શ્રી સિવીલ હોસ્પિટલ અમદાવાદને મરણજનારની પી.એમ.નોટ મેળવવા સારૂ કરેલ રીપોર્ટ | ૭૩ |
| ૩૫ | આરોપીઓને અટક કર્યા અંગે સ્ટેશન ડાયરીમાં નોંધ કરવાનો રીપોર્ટ | ૭૪ |
| ૩૬ | મુદ્દામાલ રવાનગી નોંધ | ૭૫ |
| ૩૭ | સત્તા અંગેનુ પ્રમાણપત્ર | ૭૬ |
| ૩૮ | એફ.એસ.એલ.અમદાવાદની મુદ્દામાલ મળ્યાની પાવતી | ૭૭ |
| ૩૯ | એફ.એસ.એલ નો ફોરવર્ડીગ લેટર | ૭૮ |
| ૪૦ | એફ.એસ.એલ નો બાયોલોજીકલ વિભાગનો પૃથ્થકરણ રીપોર્ટ | ૭૯ |
| ૪૧ | એફ.એસ.એલ નો સીરોલોજીકલ વિભાગનો પૃથ્થકરણ રીપોર્ટ | ૮૦ |

**કલોઝીંગ પુરશીશ અને આરોપીઓનુ વિશેષ નિવેદન**

(૫)..ત્યારબાદ, ફરીયાદપક્ષ તર્ફે પુરાવો બંધ કરવાની પુરસીસ આંક-૮૧ થી આપવામાં આવેલ છે.ત્યારબાદ,ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ અન્વયે આરોપીઓનુ વધારાનુ નિવેદન લેવામાં આવેલ છે જેમાં આરોપીઓએ ફરીયાદપક્ષની તમામ હકીકતોનો ઈન્કાર કરી તેમની ઉપર ખોટો કેસ કરેલ હોવાનુ તેમજ તેઓ નિર્દોષ હોવાનુ જણાવેલ છે. આ સિવાય સોગંદ ઉપર પુરાવો આપેલ નથી કે બચાવના કોઈ સાહેદ તપાસેલ નથી.

**દલીલો**

(૬).. ત્યારબાદ એ.પી.પી.શ્રી એ.એસ.મકવાણાની દલીલો સાંભળવામાં આવેલ છે.મૂળ ફરિયાદી તરફે આંક-૮૭ થી લેખિત દલીલો રજુ કરેલ છે તેમજ આંક-૮૯ થી કાનૂની ચૂકાદા રજુ કરેલ છે. તથા આરોપીઓના વિ.વ.શ્રી આર.એન.બારોટની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે તથા રેકર્ડ વંચાણે લેવામાં આવેલ છે.

**મુદ્દાઓ**

(૭).. આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧). શું ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, આ કામે મરણજનાર પટેલ જયંતીભાઇ રામદાસનુ મૃત્યુ સાપરાધ મનુષ્યવધ છે?

(૨) શું ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે મરણજનાર મરણજનાર પટેલ જયંતીભાઇ રામદાસનુ મૃત્યુ તા.૨૧-૫-૨૦૧૮ ના રોજ આરોપીઓ દ્વારા ધારીયાથી માથાના ભાગે તેમજ શરીરના ભાગે ઘા મારી તેમજ લાકડીથી પણ માથામાં,જમણા હાથે તથા બરડામાં મારવાને લીધે થયેલ ગંભીર ઇજાના કારણે જ થયેલ છે ?

(૩) શું ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, આ કામના મરણજનાર પટેલ જયંતીભાઇ રામદાસનાઓએ આરોપી રાવળ પોપટભાઇ બાબુભાઇના છુટાછેડા કરાવેલ હોઇ તે અંગેની અદાવત રાખી બનાવ તા.૨૧-૫-૨૦૧૮ ના રોજ કલાક ૬-૪૫ વાગે મોજે તિરૂપતી શાહીબાગ ટાઉનશીપના મેઇન ગેટ આગળ આરોપીઓએ મરણજનાર પાસે આવી "તેં કેમ છુટાછેડા કરાવેલ છે" તેમ કહી ઉશ્કેરાઇ જઇ મારી નાખવાના ઇરાદાથી ધારીયાથી માથામાં તેમજ શરીરે ઘા મારી તેમજ લાકડીથી પણ માથામાં તેમજ જમણા હાથે તથા બરડામાં તથા શરીરે માર મારી,ગંભીર ઇજાઓ કરી વ્યથા તેમજ મહાવ્યથા કરી,મરણજનારને બેભાન કરી,સારવાર દરમિયાન મોત નિપજાવી ઇ.પી.કો.કલમ- ૩૦૨, ૩૦૭, ૩૨૫,૩૨૪,૩૨૩ સાથે વાંચતાં કલમ૩૪ મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

(૪) શું હુકમ?

**<u>મુદ્દાઓનો નિર્ણય</u>**

(૮)..ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧). હકારમાં.

(૨). નકારમાં.

(૩). નકારમાં.

(૪). આખરી હુકમ મુજબ.

// કા ર ણો //

**<u>ફરિયાદપક્ષે દલીલો</u>**

(૯)..ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એ.એસ.મકવાણાએ તેમની દલીલોમાં એવુ જણાવે છે કે,હાલનો ગુનો ઇ.પી.કોડ કલમ ૩૦૨,૩૦૭,૩૨૫,૩૨૪,૩૨૩ અને ૩૪ હેઠળ નો ગુનો છે.આંક-૪ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે.તા.૨૧-૫-૨૦૧૮ ના રોજ સવારે બનાવ બનેલ છે.ફરિયાદ ઇ.પી.કોડ કલમ ૩૦૭ હેઠળ દાખલ થયેલ. બનાવના એક અઠવાડીયામાં ઇજા પામનારનુ મૃત્યુ થયેલ અને ઇ.પી.કોડ કલમ ૩૦૨ નો ઉમેરો કરવામાં આવેલ. ફરિયાદ આંક-૩૬ થી રજુ છે.જેને ફરિયાદીએ આંક-૩૫ ની જુબાનીમાં પુરવાર કરેલ છે.તેઓએ જણાવેલ છે કે બનાવનુ કારણ આરોપી પોપટભાઇનુ તેઓની પત્નિ સાથે છુટાછેડાના બનાવની અદાવતના કારણે બનેલો.ફરિયાદીએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે બનાવના દિવસે સવારે સાડા છ વાગે તેઓના પિતાજી દૂધ લેવા માટે સોસાયટીના નાકે આવેલ હાઇવે ઉપર દુકાન હતી ત્યાં ગયેલ હતા.તે વખતે તેઓના પિતાજીને દૂધ લઇને આવતાં વાર લાગતાં તે સામે જોવા ગયેલ તો તેઓના પિતાજીને તીરુપતિ શાહીબાગ સોસાયટીના મેઇન ગેટ આગળ તેઓના પિતાજીને હાલના બંને આરોપીઓ તેઓના હાથમાં ધારીયુ અને લાકડી લઇને મારતા હતા.તેઓએ જણાવેલ છે કે પોપટભાઇએ તેઓના પિતાને માથાના ભાગે, આંખના ભાગે ધારીયુ મારેલ અને હાથે પણ ધારીયુ મારેલ જયારે બાબુભાઇએ લાકડીથી તેઓના પિતાને બંને હાથે માથા ઉપર મારતા હતા અને ફરિયાદીને જોઇને આ બંને જણા ત્યાંથી નાશી ગયેલા અને તેઓને પિતાજીને પુછતાં

તેઓએ જણાવેલ કે "મે પોપટભાઇ બાબુભાઇ રાવલની પત્નિના છુટાછેડામાં ગયેલ હોઇ અને તેના છુટાછેડા થયેલ હોઇ જેની અદાવત રાખીને અમોને કહેલ કે તમોએ છુટાછેડા કરાવેલ છે તેમ કહીને મને માર મારેલ છે".ફરિયાદી નજરે જોનાર સાહેદ છે.જે પોતાની ફરિયાદને પુરેપુરૂ સમર્થન આપેલ છે તેમજ તપાસના સમયે જરૂરી કાર્યવાહીમાં પણ તેઓએ જે ભાગ ભજવેલ છે તે બાબતે જુબાની આપેલ છે.ફરિયાદીની જુબાનીમાં એવો કોઇ વિરોધાભાસ આવેલ નથી કે જે પ્રોસીકયુશનના કેસને નુકશાન કરે.તેઓ વધુમાં જણાવે છે કે મેડીકલ એવીડન્સ બાબતે ડો.ભાર્ગવ ઝવેરીએ આંક-૮ થી જુબાની આપેલ છે.તેઓએ ઇજાનુ વિસ્તૃત વર્ણન કરેલ છે. તેઓએ જણાવેલ છે કે શરીર ઉપર ૧૫ કરતાં વધારે ઇજાઓ હતી. માથાના જમણી ડાભી અને ઓકસીપીટલ રીઝનમાં ચકામો હતુ.ડોકટરશ્રીના ઓપીનીયન પ્રમાણે મૃત્યુનુ કારણ માથાની ઇજા હતી. આંક-૯ થી પી.એમ.રીપોર્ટ,આંક-૧૦ થી કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ અને આંક-૧૧ થી યાદી રજુ છે. પી.એમ.નોટના કોલમ નં.૧૭ ની ઇજા નં.૧ અને ૨ મૃત્યુ નિપજાવવા માટે પૂરતી ઇજાઓ હતી.આંક-૨૫ થી ઇન્કવેસ્ટ પંચનામુ,આંક-૨૭ થી મરણજનારની શરીરસ્થિતી અને બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યાનુ પંચનામુ, આંક-૧૪ થી મરણજનારનુ મહેસાણા સિવીલ હોસ્પિટલનુ સર્ટીફીકેટ રજુ છે.આંક-૧૩ થી ડો.પી.પી.સોની જે મહેસાણા સિવીલ હોસ્પિટલમાં સારવાર આપેલ છે તેઓની જુબાની થયેલ છે.આંક-૧૪ થી રજુ સર્ટીફીકેટ અને આંક-૧૩ ની જુબાની સ્પષ્ટ છે કે મરણજનારની પત્નિ ગીતાબેને બનાવના તરત જ પછી બંને આરોપીઓના નામ મેડીકલ હીસ્ટ્રીમાં જણાવેલ છે.તેઓએ વધુમાં જણાવેલ છે કે જો મેડીકલ પુરાવાની સાથે ફરિયાદીની જુબાનીને ધ્યાને લઇએ તો પ્રોસીકયુશનનો કેસ પુરવાર થયેલ છે.તેઓ વધુમાં જણાવે છે કે તમામ પંચો આ કેસમાં હોસ્ટાઇલ જાહેર થયેલ છે પરંતુ તપાસ કરનાર અમલદારશ્રીની જુબાનીમાં પંચનામાની હકીકતો પુરવાર થયેલ છે.તેઓએ વધુમાં જણાવેલ છે કે પુરાવા અધિનીયમની કલમ ૨૭ હેઠળ પોલીસે હથિયાર કબજે લીધેલ છે અને તે પંચ

સ્લીપો અને પંચનામા ઉપર પંચો પોતાની સહી ઓળખી બતાવે છે.તેઓ વધુમાં જણાવે છે કે ગીતાબેનને આંક–૩૮ થી તપાસવામાં આવેલ છે.જેઓ બનાવ પછી તરત જ બનાવવાળી જગ્યાએ પહોંચેલ છે.જેઓ મરણજનારના પત્નિ છે.જેઓ બનાવનુ કારણ અને બનાવ બાબતે જણાવે છે. તેઓએ જ મેડીકલ હીસ્ટ્રી પણ ડોકટર સમક્ષ આપેલ છે.તેઓ વધુમાં જણાવે છે કે આંક–૪૪ થી મરણજનારના દિકરા ધર્મેન્દ્રકુમારને તપાસવામાં આવેલ છે.જેઓ હીયર સે વીટનેસ છે.આંક–૪૬ થી ગુનાવાળી જગ્યાનો નકશો રજુ છે.આંક–૪૯ થી પી.એસ.ઓ. અને આંક–૫૮ થી તપાસ કરનાર અધિકારી પટેલ મીનાક્ષીબેન,આંક–૬૨ થી તપાસ કરનાર અમલદાર ઇશ્વરભાઇ ચૌધરી અને આંક–૬૮ થી તપાસ કરનાર અમલદાર જયદીપભાઇ બારોટને તપાસવામાં આવેલ છે. ઉપરોકત તમામ પોલીસ અધિકારીઓની જુબાનીમાં તપાસને લગતા તમામ દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.આંક–૭૯ થી એફ.એસ.એલ. રીપોર્ટ રજુ છે જેમાં સ્થળ ઉપરની માટી અને બાબુભાઇ ને પેન્ટ ઉપર મરણ જનારનુ બ્લડ ગૃપ "ઓ" મળી આવેલ છે.તેઓએ વધુમાં જણાવેલ છે કે ટ્રાયલ દરમિયાન પડેલ તમામ પુરાવા ધ્યાને લઇએ તો પ્રોસીકયુશને પોતાનો કેસ શંકાથી પર આરોપીઓ વિરૂધ્ધના ગુના સાબિત કરેલ છે.જેથી યોગ્ય નશ્યત કરવા જણાવેલ છે.

**<u>મૂળ ફરિયાદી તરફે દલીલો</u>**

(૯.૧)મૂળ ફરિયાદી તરફે વિ.વ.શ્રી લોકેશ પી.જૈને આંક–૮૭ થી લેખિત દલીલો રજુ કરેલ છે જે વંચાણે લેવામાં આવેલ છે જે પુનરાવર્તન ટાળવાના હેતુથી ફરીથી નોંધેલ નથી,જેની ચર્ચા જજમેન્ટમાં હવે પછી કરવામાં આવેલ છે.મૂળ ફરિયાદી તરફે વિ.વ.શ્રીએ તેમની લેખિત દલીલોના સમર્થનમાં નીચે મુજબના ચૂકાદાઓ રજુ કરેલ છે;

1. Criminal Appeal No.786/2003, Shanabhai Motibhai Rathodiya V/s State of Gujarat.

2. Criminal Appeal No.364/2009, Eaman & ors. V/s State of Maharashtra.

ઉપરોકત ચૂકાદા માનસહ ધ્યાને લેવામાં આવેલ છે.

**<u>આરોપીપક્ષનો બચાવ અને તેની દલીલો</u>**

(૧૦)..બચાવપક્ષે વિ.વ.શ્રી આર.એન.બારોટે તેમની દલીલોમાં એવુ જણાવે છે કે,આંક-૪ થી ચાર્જ ફ્રેમ થયેલ છે. બે વર્ષ કરતાં વધારે સમયથી આરોપીઓ જેલમાં છે.તેઓ વધુમાં જણાવે છે કે મેડીકલ સાહેદ ડો.ભાર્ગવ ઝવેરીને તપાસવામાં આવેલ છે.તેઓએ પોતાની જુબાનીમાં પી.એમ. કરેલાનુ જણાવેલ છે.તેઓએ જણાવેલ છે કે બનાવ તા.૨૧ ના રોજ બનેલો જયારે ૨૮ મી તારીખે મરણજનારનુ મૃત્યુ થયેલ જેનો અર્થ છે કે સારવાર સારી મળી હોત તો મરણ જનાર જીવી ગયા હોત.ડોકટરશ્રીની જુબાની પ્રમાણે કુલ-૧૫ ઈજાઓનુ વર્ણન છે જેની આંતરીક તપાસ કરવામાં આવેલ છે જે આંક-૯ થી પી.એમ. રીપોર્ટ રજુ છે.ડોકટરશ્રીએ પોતાની જુબાનીમાં પેરા-૧૧ માં જણાવેલ છે કે ઈજા નં.૪,૭,૧૧ અને ૧૫ સખત અને બોથડ પદાર્થ વડે સંભવી શકે તેવી હતી.તેઓ વધુમાં જણાવે છે કે સદર ડોકટરશ્રીને ફકત ધોકા બતાવીને અભિપ્રાય લેવામાં આવેલ છે.તેઓએ વધુમાં જણાવેલ છે કે ઉલટતપાસના પેરા-૧૩ માં ડોકટરશ્રીએ ફકત ટાંકા લેવા અંગે જણાવેલ છે.કોઈ સર્જરી કરવામાં આવેલ હોય તેવુ દર્શાવેલ નથી તે બાબતની જુબાની આપેલ છે.તેઓ વધુમાં જણાવે છે કે પેરા-૧૪ માં ડોકટરશ્રીએ જણાવેલ છે કે તેઓ કહી શકતા નથી કે તાત્કાલીક સારવાર આપવામાં આવી હોત તો તેઓ બચી શકયા હોત કે કેમ? તે વધુમાં જણાવે છે કે પેરા-૧૬ પ્રમાણે ડોકટરશ્રીએ જણાવેલ છે કે ઈજા નં.૧,૨ અને ૧૫ સિવાય સાદી ઈજાઓ હતી અને ઈજા નં.૧૫ સાદા ફ્રેકચરની ઈજા હતી.તેઓ વધુમાં જણાવે છે કે ઈજા નં.૧ અને ૨ સખત અને બોથડ પદાર્થથી થઇ શકે તેવી હતી.તેઓ વધુમાં જણાવે છે કે ડોકટરશ્રીએ જણાવેલ છે કે દરદીની સારવાર ન્યુરો સર્જરીના નિષ્ણાત કરતા હતા અને

આ કિસ્સામાં સિટી સ્કેન કે એમ.આર.આઇ. બાબતે પણ કોઇ રીપોર્ટ રજુ નથી.તેઓ વધુમાં જણાવે છે કે પી.એમ. માં કોઝ ઓફ ડેથ બાબતે કાર્ડીયોરેસ્પીરેટરી ફેલ્યોર ડયુ ટુ હેડ ઇન્જરી લખવામાં આવેલ છે.જે ડોકટરશ્રીએ પી.એમ. કર્યુ તેઓ ઓપરેશનની કોઇ હકીકત જણાવતા નથી.તેઓ વધુમાં જણાવે છે કે મહેસાણા પ્રાથમિક સારવાર આપનાર ડોકટરશ્રી પ્રવિણ સોનીને આંક-૧૩ થી તપાસવામાં આવેલ છે જેઓ જણાવે છે કે ૬-૫૦ કલાકે સવારે મરણજનારને તેઓના પુત્ર અને પત્નિ લઇને આવેલ.સદર સર્ટીફીકેટમાં આરોપીઓના નામજોગ હીસ્ટ્રી જણાવેલ છે પરંતુ હકીકત એ છે કે બંને જણાએ બનાવ બનતાં જોયેલ નથી.આંક-૧૪ થી સર્ટીફીકેટ રજુ છે જેમાં ૯ ઇજાઓ છે,કેસ પેપર્સ આંક-૧૫ થી રજુ છે.તેઓએ જણાવેલ છે કે ઇજા નં.૯ ધારીયાથી થઇ શકે જયારે કે ઇજા નં.૧ થી ૮ ધોકાથી થઇ શકે.વધુમાં જણાવેલ છે કે બંને મુદ્દામાલ ડોકટરશ્રીને બતાવવામાં આવેલ છે અને તેઓએ અભિપ્રાય આપેલ છે કે ઇજા નં.૧ થી ૯ મૃત્યુ નિપજાવવા માટે પૂરતી હતી.તેઓ વધુમાં જણાવે છે કે સદર ડોકટરશ્રીએ ઉલટતપાસમાં જણાવેલ છે કે ધબકારા અને બી.પી.નોર્મલ હતા.ડોકટરશ્રીએ ઇજાની ઉમર દર્શાવેલ નથી.ઇજા નં.૯ ની ઉંડાઇ સર્ટીફીકેટમાં જણાવેલ છે અને ઇજા માથાના હાકડા સુધી થયેલ છે તેમ દર્શાવેલ નથી.આંક-૧૯થી પંચ રમેશભાઇ મગનભાઇને તપાસેલ છે,તેઓ ગુનાવાળી જગ્યાના પંચ છે તે હોસ્ટાઇલ જાહેર થયેલ છે. આંક-૨૨ થી રાઠોડ ઉદેસીંગ મંગાજીને તપાસવામાં આવેલ છે જે આરોપીઓના શર્ટ પેન્ટ કબજે લેવાના પંચનામા અને ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ છે તેઓને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે.આંક-૨૬ થી રમેશજી મોહતાજી જે મરણ જનારના કપડા કબજે કર્યા અંગેના પંચનામાના પંચ છે,તેઓ પણ હોસ્ટાઇલ જાહેર થયેલ છે.આંક-૨૯ થી શંકરભાઇ કે જેઓ આરોપીઓના કપડા કબજે કર્યાના પંચનામાના પંચ છે તેઓ હોસ્ટાઇલ જાહેર થયેલ છે.આંક-૩૦ થી જીતુજી મોહજી જે આરોપીના શરીરસ્થિતીના તેમજ કપડે કબજા કર્યાના પંચ સાહેદ છે તેઓ હોસ્ટાઇલ જાહેર થયેલ છે.આંક-૩૧ થી વિક્રમસિંહ

રતુસિંહ તથા આંક–૩૪ થી વિનોદભાઇ કે જે હથિયાર કબજે લેવા અંગેના પંચનામાના પંચ સાહેદ છે જેઓ હોસ્ટાઇલ જાહેર થયેલ છે.તેઓ વધુમાં જણાવે છે કે આંક–૩૬ થી ફરિયાદ રજુ છે.ખરેખર બનાવના દિવસે ફકત ત્રણ જ લોકો હતા.પછીથી ફરિયાદીએ જણાવે છે કે તે, તેઓની મમ્મી અને તેઓના બનેવી મરણજનારને હોસ્પિટલમાં લઇ ગયેલા જે મોટો કોન્ટ્રાડીકશન છે.તેઓ વધુમાં જણાવે છે કે ફરિયાદ ૧૨ કલાક પછી લખાવવામાં આવેલ છે.તેઓએ જણાવેલ છે કે ફરિયાદની તારીખ ગીતાબેનની નિવેદનની તારીખ અને તેમના બનેવીના નિવેદનની તારીખ જુદી જુદી છે.ફરિયાદી જણાવે છે કે તે દિવસે પોલીસે બધાની પુછપરછ કરેલી,તે પ્રમાણે પંચનામાની તારીખ અને કપડા કબજે લેવાની તારીખ ૨૨ હોવી જોઇએ,જયારે કે ૨૧ તારીખે થયેલ પંચનામુ થયેલ હોય તેવુ જણાતુ નથી.આંક–૨૭ નુ પંચનામુ ૨૨ તારીખે થયેલ છે.પંચનામા અને સ્ટેટેન્ટમાં કોન્ટ્રડીકટરી વાતો છે.ફરિયાદીએ જણાવેલ છે કે મરણજનારના બનાવ વખતે પહેરેલ કપડા પોલીસને કઢાવીને આપેલા.કઢાવીની આપવા બાબત પંચનામામાં લખેલ નથી.તેમજ ફરિયાદીએ નવા કપડા મંગાવીને પહેરાવેલા તે બાબતેના કોઇ સમય દર્શાવેલ નથી.જેથી સાહેદના વધારાના સ્ટેટમેન્ટ છે જે નોંધ લેવા જેવુ છે.ફરિયાદી જણાવે છે કે પોલીસવાળા કપડા લઇ પછી ફરિયાદમાં સહી લઇ જતા રહેલા.તો ફરિયાદમાં ૨૧ તારીખ અને પંચનામાની તારીખ ૨૨ કેમ છે.તારીખ એક જ હોવી જોઇએ.તેઓ વધુમાં જણાવે છે કે આંક–૩૫ ની જુબાનીને ધ્યાને લેતાં બનાવ સ્થળથી ફરિયાદીના ઘરનુ અંતર ચાલીને ૧૦ મીનટનો સમય લાગે છે.છ વાગે ઘરે બધા ઉઠી ગયા હતા તે શંકા ઉપજાવે છે. પછી ફરિયાદીએ જણાવેલ કે ફરિયાદીએ પિતાને મારતા જોયેલ તો બુમ પાડેલ નહી તે હકીકત પણ શંકા ઉપજાવે છે.તેઓ વધુમાં જણાવે છે કે ફરિયાદી જણાવે છે કે તે જગ્યા ઉપર તેઓની માતા કરતાં તેઓ પહેલાં પહોંચેલા.જે બાબતે ટ્રાયલ દરમિયાન વિરોધાભાસ ઉત્પન્ન થયેલ છે.તેઓ વધુમાં જણાવેલ છે કે જયારે ફરિયાદી મરણજનાર પાસે પહેલાં પહોંચેલા અને તેઓને પોતાના ખોળામાં લીધેલા તો

તેઓના કપડા લોહીવાળા થઈ જવા જોઈતા હતા પરંતુ તે હકીકત સંદર્ભે રેકર્ડ ઉપર કંઈ જણાવવામાં આવેલ નથી. તેઓ એ જણાવેલ છે કે ઈજા પામનાર દુધ લેવા ગયેલા હતા તે દૂધની થેલી બનાવ સ્થળે જોયેલ નથી.તેઓ વધુમાં જણાવે છે કે અદાવતની વાત ફરિયાદી અને ફરિયાદીની માતાએ સાંભળેલી જયારે કે તેઓની માતાની જુબાનીમાં વિરોધાભાસ આવે છે.તેઓ વધુમાં જણાવે છે કે ફરિયાદી તેમની જુબાનીમાં જણાવે છે કે નરેન્દ્રભાઈએ મને ભાગતાં જોયેલા અને જઈને તેઓના ઘરે જાણ કરેલી.સરતપાસમાં અને ઉલટતપાસમાં ઘણો વિરોધાભાસ છે.તેઓ વધુમાં જણાવે છે કે ફરિયાદીનુ કંડકટ પણ ધ્યાને લેવી જોઈએ કેમ કે સામાન્ય સંજોગોમાં પિતાને માર પડતા જોઈ કોઈપણ પુત્ર સામાન્યપણે બુમો પાડે.તેઓ વધુમાં જણાવે છે કે આંક-૩૮ થી ગીતાબેનને તપાસેલ છે જેઓ જણાવે છે કે જયારે તેઓ ત્યાં પહોંચેલા તો તેમના પતિ બેભાન હતા.તેઓએ વધુમાં જણાવેલ છે કે બનાવ સ્થળે લોકો ભેગા થઈ ગયેલા હતા.ઉલટતપાસમાં જણાવે છે કે તેઓ જયારે બનાવ સ્થળ ઉપર પહોંચી ત્યારથી લઈને મરણ થયેલ ત્યાં સુધી તેમના પતિ ભાનમાં આવેલ ન હતા.પોલીસે તેઓનો જવાબ કયારે લીધુ તે પણ તેમને યાદ નથી કારણ કે તેઓની માનસિક સ્થિતી સારી ન હતી.તેઓ વધુમાં જણાવે છે કે સદર વિટનેસનુ પોલીસ રુબરુના નિવેદન જોવામાં આવે તો તેમાં તેઓએ જણાવેલ છે કે સદર જગ્યા ઉપર તે પહેલાં પહોંચેલા અને તેઓએ તેમના પતિ જેઓ ઉંધા પડેલ હતા તેઓને સીધા કરેલા અને તેઓએ બુમાબુમ કરેલ અને જેથી આજુબાજુના માણસો આવી ગયા અને બાદમાં તેઓના દિકરા રોહીત પણ આવી ગયેલા.જયારે કે જુબાનીમાં પાન નં.૪ ના છેલ્લા પેરેગ્રાફમાં ઉપરોકત હકીકતને નકારેલ છે.જેથી સ્પષ્ટ છે કે બનાવવાળા સ્થળ ઉપર ગીતાબેન પહેલાં પહોંચેલા અને તેઓના પતિ બેભાન અવસ્થામાં હતા અને ત્યારપચી મરણ પામ્યા ત્યાં સુદી બેભાન જ હતા.જેથી તેઓના પછી સદર સ્થળ ઉપર પહોંચેલ રોહીતને પણ જાણ થયેલ નથી કે મરણજનારને કોણે ઈજા પહોંચાડેલ અને શા માટે ઈજા પહોંચાડેલ.આંક-૪૧ થી ફરિયાદપક્ષના સાહેદ નં.૧૨ નરેન્દ્રભાઈને તપાસેલ

છે.તેઓ જણાવે છે કે સદર વિટનેસે જણાવેલ છે કે જયંતીભાઇ બનાવના દિવસે તેઓને મળેલા જે દૂધ લેવા જતા હતા પછી તેઓએ ચીચીયારી સોંભળેલ અને ધોકા અને ધારીયાથી જયંતીભાઇને માર મારવામાં આવતો હતો તે જોયેલ પરંતુ તેઓને દુરના ચશ્મા હોઇ અને તે દિવસે ચશ્મા પહેરેલ ન હતા અને આરોપીઓને દુરથી જોયેલા જેથી ઓળખી શકેલ નથી.તેઓએ ઉલટતપાસમાં જણાવેલ છે કે ચોકકસપણે કહી શકે નહી કે હાલના આરોપીઓ તે દિવસે જયંતીભાઇને માર મારતા હતા કે કેમ.તેમજ સદર સાહેદે કોર્ટ રુબરુ મુદ્દામાલ ઓળખેલ નથી જેથી હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે.તેઓ વધુમાં જણાવે છે કે બનાવવાળી જગ્યાનુ બીજા દિવસે પંચનામુ થયેલ છે અને પંચનામાવાળી જગ્યા ઉપર તે દિવસે સાહેદ નરેન્દ્રભાઇ અને પોલીસ સિવાય કોઇ વ્યકિત ત્યાં હતુ નહી.તેઓ વધુમાં જણાવે છે કે આંક-૪૪ થી તેઓના દિકરા ધર્મેન્દ્રકુમાર કે જેઓ હીયર સે વિટનેસ છે તેઓએ જુબાની આપેલ છે જેઓ બનાવ બાબતે કહેલ છે કે બનાવ બાબતે તેઓએ તેમના માતાના કહેવાથી જાણેલ.આંક-૪૫ થી સાહેદ અનીલભાઇ ગાંધીને તપાસવામાં આવેલ છે,જેઓ ત્યાં સીક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવે છે.જેઓ હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે.આંક-૪૬ થી મામલતદારશ્રી ભરતકુમાર રણછોડભાઇ પટેલને તપાસવામાં આવેલ છે જેઓએ જુબાનીના એક દિવસ પહેલાં એટલે કે તા.૬-૯-૧૯ ન રોજ નકશો બનાવેલ છે.આંક-૪૯ થી વાઘેલા વિપુલકુમાર ને તપાસવામાં આવેલ છે. આંક-૫૮ થી ત.ક.અમલદાર મીનાક્ષીબેનને તપાસવામાં આવેલ છે જેઓએ ઇન્કવેસ્ટ પંચનામુ કરેલ છે.આંક-૫૨ ત.ક.અમલદાર ઇશ્વરભાઇ ચૌધરી કે જેઓએ ફરિયાદ લીધેલ છે તેઓને તપાસવામાં આવેલ છે.તેઓએ બ્લડ સેમ્પલ લેવા અંગે જણાવેલ નથી કે કેમ, જીવીત વ્યકિતનુ બ્લડ કેમ લીધુ.આંક-૬૪ થી મેડીકલ ઓફીસરશ્રી સિવીલ હોસ્પિટલ અમદાવાદનો બ્લડ સેમ્પલ રીપોર્ટ રજુ છે પરંતુ બ્લડ રીપોર્ટ આવ્યુ તે જણાવેલ નથી.તેઓ વધુમાં જણાવે છે કે બ્લડની યાદી કે મુદ્દામાલ પાવતી નથી તો તેની વેલ્યુ શું.તેઓ વધુમાં જણાવેલ છે કે આ સાહેદ અને ફરિયાદીની જુબાનીમાં ઘણો

તફાવત છે.ફરિયાદી જણાવે છે કે સાહેદે તેને ફોન કર્યો.જયારે આ સાહેદ કહે છે કે હોસ્પિટલમાં પુછીને મરણજનારના બેડ પાસે ગયેલા.ફરિયાદી કહે છે કે તે દિવસે તેઓની મમ્મીની પુછપરછ કરેલી જયારે આ સાહેદ કહે છે કે તે જગ્યા ઉપર કોઇ સ્ત્રી ન હતી.ફરિયાદી કહે છે કે ૨૧ તારીખે પંચનામુ થયેલ જયારે સાહેદ કહે છે કે ૨૨ તારીખે પંચનામુ થયેલ.ફરિયાદી કહે છે કે પોલીસની હાજરીમાં ઈજા પામનારના કપડા બદલાવેલ જયારે સાહેદ કહે છે કે તેમની હાજરીમાં બદલાવેલ નથી.તેઓ વધુમાં જણાવેલ છે કે પી.એસ.આઇ. જયદીપભાઇ બારોટ તેઓની જુબાનીના પાના નં.૧૦ ઉપર જણાવેલ છે કે,"ગીતાબેને એવુ લખાવેલ છે કે તેઓના દિકરા રોહીત અને દિકરી ઘરે સુતેલા હતા".તેઓ વધુમાં જણાવે છે કે ગુનાનો મોટીવ શુ હતો તે પણ પ્રોસીકયુશન પુરવાર કરી શકેલ નથી.તેઓએ જણાવેલ છે કે આંક-૧૯ ની જુબાનીમાં તપાસ કરનાર અમલદારશ્રીએ જણાવેલ છે કે બીજી વખત બ્લડ સેમ્પલ લેવામાં આવેલ.તેઓ વધુમાં જણાવે છે કે કેસમાં ઘણા બધા કોન્ટ્રાડીકશન છે જે છુટાછેડાની હકીકત ઉપર પ્રોસીકયુશન ઉભુ છે તે જ પુરવાર કરવામાં આવેલ નથી.કોઇ નજરે જોનાર સાહેદ નથી. બંને આરોપીઓને નિર્દોષ છોડી મુકવા જોઇએ. અઢી વર્ષથી આરોપીઓ જેલમાં છે.કેસના તમામ પંચો હોસ્ટાઇલ જાહેર થયેલ છે.આરોપીના કપડા ઉપર "ઓ" બ્લડ ગૃપની હાજરી નબળો પુરાવો છે. એકપણ સાહેદની જુબાનીમાં આરોપીઓની સ્થળ ઉપર હાજરી પુરવાર થયેલ નથી. મારક હથિયાર ઉપર લોહી મળેલ નથી.જે કપડા ઉપર લોહી મળેલ છે તે આરોપીઓનુ જ હોઇ શકે કારણ કે આરોપીના લોહીની તપાસ કરવામાં આવેલ નથી.ઉપરોકત તમામ હકીકતો ઘ્યાને લઇ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

આરોપીઓના વિ.વ.શ્રીએ તેમની દલીલોના સમર્થનમાં આંક-૯૧ ના લીસ્ટથી નીચે મુજબના ચૂકાદાઓ રજુ કરેલ છે;

1. 2011(0) AIJEL-HC-225581,Abdulbhai Samratbhai Sipai V/s

State of Gujarat.

2. 2012(0) AIJEL–HC–232523,Thakor Govaji Sendhaji V/s State of Gujarat ના કેસમાં પ્રતિપાદીત કરેલ સિધ્ધાંતો હાલના કેસમાં પુરેપુરા લાગુ પડે છે.

3. 2012(0) AIJEL–HC–229531,Khodabhai Babubhai Gohel V/s State of Gujarat

ઉપરોકત ચૂકાદાના સિધ્ધાંતો માનસહ ધ્યાને લેવામાં આવેલ છે.

**<u>મૂળ ફરિયાદી તરફે વિશેષ દલીલો</u>**

(૧૧) મૂળ ફરિયાદી તરફે તેઓની વિશેષ દલીલમાં જણાવેલ છે કે મરણજનારનુ પેન્ટ,શર્ટ, હથિયાર, કંટ્રોલ માટી અને આરોપીના કપડા ઉપર મરણજનારનુ લોહીની હાજરી મળી આવેલ છે જે બાબતે ક્રિ.પ્રો.કોડ કલમ ૩૧૩ પ્રમાણે નોંધવામાં આવેલ આરોપીના નિવેદનમાં તેઓને ખુલાસા આપવો જોઇતો હતુ પરંતુ તેઓએ ફકત નકારેલ છે જેથી અનુમાન તેઓના વિરૂધ્ધ જાય છે.તે સંદર્ભે તેઓએ Criminal Appeal No.786/2003, Shanabhai Motibhai Rathodiya V/s State of Gujarat ચૂકાદો રજુ કરેલ છે અને જણાવેલ છે કે આરોપીઓની ફરજ છે કે ક્રિ.પ્રો.કોડ કલમ ૩૧૩ ના છેલ્લા પ્રશ્નના જવાબમાં ખુલાસો આપે કે તેઓના શરીર ઉપર લોહી કેવી રીતે આવ્યુ જયારે કે તેઓના શરીર ઉપર કોઇ ઇજાઓ ન હતી.તેઓએ વધુમાં જણાવેલ છે કે આરોપીનુ બ્લડ FSL માં મોકલવામાં આવેલ છે જે વ્યકિતને ઇજા થયેલ ન હોય તેનુ બ્લડ લેવાની જરૂરી રહેતી નથી જેથી આરોપીઓના બ્લડ લેવામાં આવેલ નથી.તેઓ વધુમાં જણાવે છે કે તીક્ષ્ણ અને ધારદાર જગ્યા ઉપર પડવાથી થયેલ ઇજા બાબતે પુછેલ ડોકટરશ્રીને પ્રશ્નના સંદર્ભે ગુનાવાળી જગ્યાના પંચનામામાં સ્થળ ઉપર કોઇ તીક્ષ્ણ અથવા ધારદાર વસ્તુની હાજરી મળી આવેલ

નથી.તેઓ વધુમાં જણાવે છે કે અગત્યના પ્રશ્ન બાબતે જયારે સાક્ષીને પુછયા વગર તપાસ કરનાર અધિકારીને પુછવામાં આવેલ હોય તો સદર હકીકત કોન્ટ્રાડીકશનનો ભાગ ગણાય નહી અથવા તો કેસને નુકશાન કરે નહી.

**<u>ફરિયાદપક્ષે વધુ દલીલો</u>**

(૧૨) વિ.એ.પી.પી.શ્રીએ તેમની વધુ દલીલોમાં જણાવેલ છે કે ફરિયાદીએ ફરિયાદને પુરેપુરૂ સમર્થન આપેલ છે.તેઓએ મરણજનારે ગુનાનુ કારણ જણાવેલ છે.નરેન્દ્રભાઈ કે જેઓ સ્વતંત્ર સાહેદ છે તેઓ પણ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે તેઓએ મરણજનારને હથિયારથી મારતાં જોયેલા.બનાવની હકીકતને મેડીકલ પુરાવાથી પણ સમર્થન મળેલ છે.બ્લડ લીધા અંગેની હકીકત ફરિયાદ લેનાર અને તપાસ કરનાર અધિકારીશ્રી તેમજ રેકર્ડ ઉપરના દસ્તાવેજી પુરાવાથી પુરવાર થયેલ છે. આરોપીના કપડા ઉપર "ઓ" બ્લડ ગૃપની હાજરી છે જે મરણજનારનુ બ્લડ ગૃપ છે. મોટીવના સંદર્ભે બચાવપક્ષે તપાસ કરનાર અધિકારીને કોઈ પ્રશ્ન પુછવામાં આવેલ નથી.તેઓ વધુમાં જણાવે છે કે નજરે જોનાર સાહેદ જયારે પોતાની જુબાનીમાં બનાવની વિગતો જણાવતા હોય તો મોટીવ પુરવાર કરવાની જરૂર રહેતી નથી.ફરિયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ હોઈ આરોપીઓને મહત્તમ સજા ફરમાવવા તેમજ ફરિયાદીને વળતર અપાવવા રજુઆત કરેલ છે.

**<u>સાક્ષીઓની જુબાનીમાં સ્પષ્ટ થયેલ હકીકત</u>**

**<u>મેડીકલ વિટનેસનો પુરાવો અને તેનુ મહત્વ</u>**

(૧૩)..સદર કામે ફરીયાદપક્ષે આરોપી સામેના આક્ષેપ મુજબનો કેસ પુરવાર કરવા માટે સાહેદ નં.૧ તરીકે આંક–૮ થી મરણજનારનુ પી.એમ.કરનાર ડો.ભાર્ગવ બેચરભાઈ ઝવેરીને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં એવુ જણાવેલ છે કે,તેઓ સીવીલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવે છે

જે ફરજના ભાગરૂપે તા. ૨૮/૦૫/૧૮ ના રોજ તેમની પોસ્ટમોર્ટમ અંગેની ડયુટી હોઈ પી.એમ. રૂમમાં જાણવા મળેલ કે મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ. શ્રી એમ.જે. પટેલની યાદી, ઈન્કવેસ્ટ પંચનામું તથા મરણોત્તર ફોર્મ સાથે મરણ જનાર પટેલ જયંતીભાઈ રામદાસ ની લાશને પેનલ ડોકટર દ્બારા પી.એમ. કરવા સારૂ બપોરના ૦૩:૦૫ વાગ્યે લાવવામાં આવેલ.આ લાશ ઉપર તેઓએ તથા તેમના પેનલ ડોકટરશ્રી એચ.કે. રાઠોડે તે જ દીવસે બપોરના ૦૩:૩૦ વાગ્યે પી.એમ. શરૂ કરી ૦૪:૪૫ વાગ્યે પુર્ણ કરેલું. ડોકટરશ્રીએ વધુ સરતપાસમાં જણાવેલ છે કે, સદર લાશ જોતાં એક ૫૪ વર્ષના પુરૂષ ઈસમની હતી, શરીર ઉપર ચાદર ઓઢાડેલ હતી, કમ્મર ફરતે ડાઈપર બાંધેલ હતો, ગળાના આગળના ભાગે ડ્રેસીંગ કરેલ હતું જે ખોલીને જોતાં સારવાર સારૂ કરવામાં આવેલ ટ્રેકીયોસ્ટોમી માટેનો હોલ જોવા મળેલો, જમણા હાથના ભુજા થી પંજા સુધી દવાખાનાનો પાટો બાંધેલ હતો, લાશ ઓળખાયેલ હતી, લાશ મજબુત બાંધાની અને ઠંડી હતી, લાશ ઉપર રાઈગર મોટીસની હાજર જણાતી હતી અને લાશના પીઠના ભાગે પી.એમ. લીવીડીટીની હાજરી ફીકસ થયેલી જણાતી હતી, બંને આંખો બંધ હતી જે પૈકી ડાબી આંખના પોપચા કાળા પડીને સુજી ગયેલ હતા, મોંઢું બંધ હતું અને નાકમાંથી રકત સ્ત્રાવ થયાનું જણાતું હતું.

ડોકટરશ્રીએ વધુ સરતપાસમાં જણાવેલ છે કે,લાશ ઉપર બાહ્ય ઈજાઓ નોંધતા નીચે મુજબની ઈજાઓ જોવા મળેલી.

૧. માથાના ડાબા ટેમ્પોરલ ભાગમાં ૪ સે.મી. લંબાઇનો આગળની તરફ નીચે તરફ જતો હોય તેવી દીશાનો ત્રાંસો ટાંકા લીધેલ ઘા હતો, જેનો આગળનો છેડો ડાબા કાનથી ૫ સે.મી. જેટલો આગળ હતો.

૨. માથાના જમણા ઓકસીપીટલ ભાગમાં ૨ સે.મી. તથા ૧ સે.મી. લંબાઈના બંને વચ્ચે ૧ સે.મી. ની ગેપ હોય તેવા ટાંકા લીધેલ ત્રાંસા ઘા હતા જે બહારની તરફ નીચે જતા હોય તેવી દીશાના હતા.

૩. ડાબી આંખની ભ્રમરના બહારના છેડા ઉપર ૧ સે.મી. લંબાઈનો ઉભો ટાંકા લીધેલ ઘા હતો.

૪. ડાબી આંખની ભ્રમરથી ૪ સે.મી. ઉપરના ભાગે કપાળમાં ૧×૦.૫ સે. મી. માપનું ત્રાંસુ ચકામું હતું.

૫. ડાબી આંખની ભ્રમરથી ૧.૫ સે.મી. ઉપર ૩×૦.૫ સે.મી. માપનું આડો ભીંગડા સાથેનો ઉઝરડો હતો.

૬. ડાબા ગાલ ઉપર આંખથી ૩.૫ સે.મી. નીચે ૦.૫ × ૦.૫ સે.મી. માપનો ભીંગડા સાથેનો ઉઝરડો હતો.

૭. જમણા કાનથી નીચેના ગરદનના ભાગે ૬×૪ સે.મી. માપનું ફેલાયેલું ચકામું હતું.

૮. પીઠ ઉપર છેક ઉપરના ભાગે ગરદનથી નીચે ૨×૧.૫ સે.મી. માપનો ભીંગડા સાથેનો ઉઝરડો હતો.

૯. પીઠના જમણા સ્કેપ્યુલર ભાગમાં ૨×૧.૫ સે.મી. માપનો ભીંગડા સાથેનો ઉઝરડો હતો.

૧૦. જમણા પડખાના ભાગે ૫×૧ સે.મી. માપનો ભીંગડા સાથેનો ઉઝરડો હતો.

૧૧. જમણા હાથની ભુજા ઉપર નીચેના ભાગે ૮×૪ સે.મી. માપનો ફેલાયેલું ચકામું હતું અને તેના ઉપર નીચેના ભાગે કોણીના પાછળના ભાગે ૧.૫ સે.મી. માપનો ટાંકા લીધેલ ઘા હતો.

૧૨. જમણા હાથની કલાઈમાં કોણી નજીકના પાછળના ભાગે ૨.૫×૧ સે.મી. માપનો ભીંગડા સાથેનો ઉઝરડો હતો.

૧૩. જમણી કોણીના કાંડા પાસેના પાછળના ભાગે ૩×૦.૫ સે.મી. માપનો ભીંગડા સાથેનો ઉઝરડો હતો.

૧૪. જમણા હાથની કાંડાના પાછળના ભાગે ૩×૦.૫ સે.મી. માપનો ભીંગડા સાથેનો ઉઝરડો હતો.

૧૫. જમણા હાથના પંજાના પાછળના ભાગે ફેલાયેલો સોજો જણાતો હતો અને તેમાં જમણા હાથના કાંડાના હાડકાનું ફ્રેકચર હોવાનું તપાસમાં જણાતું હતું.

ડોકટરશ્રીએ વધુ સરતપાસમાં જણાવેલ છે કે,ઉપર દર્શાવેલ ઈજાઓ પૈકી ચકામા લીલાશ પડતા કલરના હતા અને બધા ઉઝરડા ઉપર છીંકણી કલરના ભીંગડા બનેલા હતા. ઉપરોકત દર્શાવેલ ઈજાઓ મૃત્યુ પહેલાંની હતી.

ડોકટરશ્રીએ વધુ સરતપાસમાં જણાવેલ છે કે, લાશની આંતરીક તપાસ કરતાં માથાની આંતરીક તપાસ કરતાં ખોપરીના સ્નાયુઓ પૈકી જમણા પરાઇટલ અને ટેમ્પોરલ ભાગ ઉપર ડાબા ટેમ્પોરલ ભાગ ઉપર અને જમણા ઓકસીપીટલ ભાગ ઉપર ચામડી નીચેના ચકામા હતા અને ડાબી તરફનો ટેમ્પોરાલીસ સ્નાયુ પર ચકામું હતું, ખોપરીના હાડકામાં કોઈ અસ્થિભંગ જણાઈ આવેલ નહી, મગજ ફરતે બંને ઓકસીપીટલ ભાગમાં સબડયુરલ હેમરેજની હાજરી જોવા મળેલી અને આખા મગજ ફરતે સબ એરેકનોઈડ હેમરેજની હાજરી જોવા મળેલી, મગજ સુજાયેલું હતું અને ફીકકું પડેલ હતું.છાતીની આંતરીક તપાસ કરતાં બંને ફેફસા કન્જેસ્ટેડ હતા અને સારવાર માટે કરવામાં આવેલ ટ્રેકીયોસ્ટોમીના હોલ સિવાય બધું સામાન્ય હતું. પેટની આંતરીક તપાસ કરતાં લીવર, બરોડ, બંને કીડની, અન્નાશય વિગેરે કન્જેસ્ટેડ હતા, હોજરી સામાન્ય હતી અને તેમાં કોફી કલરનું પ્રવાહી જોવા મળેલું, પેશાબની કોથળી સામાન્ય અને ખાલી હતી. કરોડસ્તંભના મણકા અને કરોડરજ્જુ ઉપર કોઈ ઈજા જોવા મળેલ નહી.

ડોકટરશ્રીએ વધુ સરતપાસમાં જણાવેલ છે કે,તેમના તથા પેનલ ડોકટરશ્રી એચ.કે.રાઠોડના સંયુકત અભિપ્રાય મુજબ મરનારનું મૃત્યુ તેને થયેલ માથાની ઈજાના કારણે હૃદય અને ફેફસાની કામગીરી બંધ થઇ જવાથી

થયેલ.ડોકટરશ્રીને પી.એમ. નોટ બતાવવામાં આવતાં તેમના હસ્તાક્ષરમાં હોવાનુ તેમજ નીચે તેમની તથા પેનલ ડોકટરશ્રી ની સહી છે તથા તેમની હોસ્પિટલનો સિકકો ઓળખી બતાવી આંક – ૯ થી રજુ કરેલ છે તેમજ તેઓએ દર્દીનું કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ પોતાના હસ્તાક્ષરમાં ઈસ્યુ કરેલ, જેમાં તેમની તથા પેનલ ડોકટરશ્રીની સહી તથા તેમની હોસ્પિટલનો સિકકો ઓળખી બતાવી આંક – ૧૦ થી તેમજ પી.એસ.આઇ. શ્રી એમ.જે. પટેલ, મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશનનાઓએ તેમને ઉદ્દેશીને મરણ જનારનું પેનલ ડોકટરથી પી.એમ. કરવા સારૂ કરેલ યાદી અસલ તેમને મળેલી જે આંક – ૧૧ થી રજુ કરેલ છે.

ડોકટરશ્રીએ વધુ સરતપાસમાં જણાવેલ છે કે,પી.એમ. નોટના કોલમ નં. ૧૭ માં દર્શાવેલ ઈજા નં. ૧ અને ૨ પી.એમ. નોટમાં દર્શાવેલ આંતરીક ઈજાને સંલગ્ન હતી.બોડી ઉપર જે ઈજા જોવા મળેલી તે ઈજા મૃત્યુ નિપજાવવા માટે પુરતી હતી.પી.એમ. નોટમાં કોલમ નં. ૧૭ માં દર્શાવેલ ઈજાઓ પૈકી ઈજા નં. ૪,૭,૧૧ તથા ૧૫ સખત અને બોથડ પદાર્થ વડે સંભવી શકે તેવી હતી. અન્ય ઈજાઓમાં જે ઈજાઓ ટાંકા લીધેલ ઘા તરીકે દર્શાવેલ છે તે ઈજાઓ કેવા પ્રકારના હથીયાર વડે થઈ હશે તે અંગે ચોકકસ અભિપ્રાય આપી શકે નહી તથા ઉઝરડાની ઈજાઓ રફ સરફેસ ઉપર ઘસાવાથી કે પછડાવાથી થઈ શકે તેવી હતી.

ડોકટરશ્રીએ વધુ સરતપાસમાં જણાવેલ છે કે,મુદ્દામાલ આર્ટીકલ નં.૯ એક લાકડા નો ધોકો બતાવવામાં આવતાં આવા ધોકા વડે શબ ઉપર જોવા મળેલ ઈજા નં.૪,૭,૧૧ તથા ૧૫ જેવી ઈજાઓ સંભવી શકે.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાત કબુલ રાખેલ છે કે,પી.એમ. નોટમાં તેઓએ લાશના શરીર ઉપર ટાંકા લીધા સિવાયની અન્ય કોઈ સર્જરી કરવામાં આવેલ હોય તેવું દર્શાવેલ નથી. તેઓ લાશના માથાના ભાગે જે હેમરેજની ઈજા હતી તે વિષે એવું ચોકકસ કહી શકું નહી કે જે તે

સમયે દર્દીને તાત્કાલીક સારવાર આપવામાં આવેલ હોત તો તે બચી શકયો હોત કે કેમ ? લાશનું પી.એમ. કરતી વખતે પોલીસ પેપર્સમાં ઈજાની તારીખ અને સમય દર્શાવેલ છે તેના આધારે તેમને માલુમ પડેલ કે બનાવ કયારે બનવા પામેલ. એ વાત કબુલ રાખેલ છે કે,બનાવ ૨૧ મી તારીખે બનેલો અને પી.એમ. ૨૮ મી તારીખે કરેલું. તેઓ ચોકકસ કહી શકે નહી કે બનાવની તારીખથી દર્દીનું મૃત્યુ થયું તે સમયગાળા દરમ્યાન તેના માથાના ભાગે સર્જરી કરવામાં આવેલ હોત તો દર્દી બચી શકેલ હોત કે કેમ ? લાશ ઉપર જોવા મળેલ ઈજા નં. ૧,૨ અને ૧૫ સિવાયની બાકીની તમામ ઈજાઓ સાદા પ્રકારની છે. એ વાત કબુલ રાખેલ છે કે,ઈજા નં. ૧૫ હતી તે ઈજા સાદા ફ્રેકચર ની હતી. આ ઈજામાં પાટો બાંધવામાં આવે તો કયોર થઈ શકે તેવી હતી. એ વાત કબુલ રાખેલ છે કે, ઈજા નં. ૧ અને ૨ સિવાયની ઈજાઓ જો કોઈ વ્યકિત સખત અને બોથડ પદાર્થ ઉપર પટકાય અને થોડો ઘસડાય તો સંભવી શકે તેવી હતી. ઈજા નં. ૧ અને ૨ સ્ટીચ વુન્ડની ઈજાઓ હોઈ તેઓએ ખોલેલ ન હતી જેથી આ ઈજા વિષે તેઓ કોઈ અભિપ્રાય આપી શકે નહી. સાહેદે વધુ ઉલટતપાસમાં જણાવેલ છે કે, તેમના ધ્યાન ઉપર એવું આવેલ ન હતું કે દર્દીનો સીટી સ્કેન કે એમ.આર.આઈ. કરવામાં આવેલ હતો કે કેમ ? સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં ન્યુરોસર્જીકલ વિભાગમાં માથાની ઈજા સાથે આવેલ દર્દીને સારવાર લગભગ તમામ કેસમાં અદ્યતન ટેકનોલોજી જેવા કે સીટી સ્કેનના રીપોર્ટ કઢાવ્યા બાદ જ કરવામાં આવતી હોય છે. તેઓ તે ચોકકસ કહી શકે નહી કે દર્દીના માથાના ભાગે જે બ્લડ કલોટ થઈ ગયેલ હતું તે તાત્કાલીક ધોરણે સર્જરી કરીને દુર કરવામાં આવેલ હોત તો દર્દી બચી શકયો હોત કે કેમ ? સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, આ દર્દીની સારવાર ન્યુરોસર્જરીના નિષ્ણાત કરતા હતા અને આ કીસ્સામાં સીટી સ્કેન કે એમ.આર.આઈ. કરાવીને ઓપેરશન જેવી સારવાર કરવી કે ન કરવી ? તે બાબતે તેમની વિવેકબુધ્ધીના આધારે નિર્ણય લેતા હોય છે. એ વાત કબુલ રાખેલ છે કે, હેડ ઈન્જરી ન હોય તેવા કીસ્સામાં પણ કાર્ડીયો રેસ્પીરેટરી ફેઈલ્યરના

કારણે વ્યકિતનું મૃત્યુ નિપજી શકે.

(૧૩.૧)..ફરીયાદપક્ષે સાહેદ નં.૨ તરીકે આંક–૧૩ મરણજનારની પ્રથમ સારવાર કરનાર ડોકટરશ્રી પ્રવિણકુમાર પોપટલાલ સોનીને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં એવુ જણાવેલ છે કે,તા. ૨૧/૦૫/૧૮ ના રોજ તેઓ જનરલ હોસ્પિટલ, મહેસાણા ખાતે મેડીકલ ઓફીસર તરીકે તેમની ફરજ ઉપર હતો દરમ્યાન વહેલી સવારે ૦૬:૫૦ કલાકે જયંતીભાઈ રામદાસભાઈ પટેલ, ઉ.વ.૬૦, રહે. મહેસાણા, મુળ ગામ છઠીયારડાવાળાને ૧૦૮ એમ્બ્યુલન્સ તેમજ તેમના પુત્ર અને પત્નિ સારવાર માટે લાવેલા.દર્દીને સમય, સ્થળ તથા સંજોગોનું કોઈ ભાન ન હતું. દર્દીના પત્નિને પુછતાં જણાવેલ કે, ''તે જ દીવસે એક કલાક પહેલાં મહેસાણા તીરૂપતી શાહીબાગ સોસાયટી આગળ ધારીયું અને લાકડી મારવાથી ઈજા થયેલ છે અને ઈજા કરનાર તરીકે બાબુભાઈ લવજીભાઈ રાવળ અને પોપટભાઈ બાબુભાઈ રાવળ હતા''.

ડોકટરશ્રીએ વધુ સરતપાસમાં જણાવેલ છે કે, દર્દીને તપાસતાં નીચે મુજબની ઈજાઓ હતી.

૧. માથાના પાછળના ભાગે અને જમણી બાજુ ૫ સે.મી. લંબાઈનો કચડાયેલો, છુંદાયેલો, લોહી વહેતો ઘા હતો અને જેની આજુબાજુ સોજો આવી ગયેલ હતો.

૨. નાકમાંથી લોહી વહેતું હતું.

૩. જમણી હાથે કાંડા થી ઉપરના ભાગે અને પાછળની બાજુએ ૫×૪ સે.મી. નો ઉપર નીચે દીશા તરફનો સોજો આવેલ હતો.

૪. જમણા હાથે કાંડાથી ઉપર ના ભાગે અને પાછળની બાજુએ ૪×૦.૨૫ સે. મી. લંબાઈનો ઉપર નીચે દીશા તરફનો ઉઝરડો પડેલ હતો.

૫. જમણી હથેળીના પાછળના ભાગે સોજો આવેલ હતો.

૬. જમણી હથેળીના પાછળના ભાગે અને ઉપરના ભાગે ૨×૦.૨૫ સે.મી. નો આડી

દીશાનો ઉઝરડો પડેલ હતો.

૭. ડાબી આંખની ઉપરની પાંપણ ઉપર ૧ સે.મી. લંબાઈનો આડી દીશાનો લોહી વહેતો કચડાયેલો, છુંદાયેલો ઘા હતો.

૮. ડાબા ભ્રમર ઉપર ૨×૧ સે.મી. લંબાઈનો સોજો આવેલ હતો.

૯. માથાની ડાબી બાજુ ૫ સે.મી. લંબાઈનો તીક્ષ્ણ ધારવાળો ઘા, આગળ પાછળ દીશાનો, લોહી વહેતો હતો.

દર્દીની બંને આંખની કીકીઓ સંકોચાયેલી હતી.

ડોકટરશ્રીએ વધુ સરતપાસમાં જણાવેલ છે કે ઉપરોકત ઈજાઓ પૈકી ઈજા નં. ૧ થી ૮ કઠણ અને બોથડ પદાર્થ વડે થઈ શકે તેવી અને ઈજા નં. ૯ તીક્ષ્ણ ધારવાળા હથીયાર થી થઈ શકે તેવી હતી.સદર દર્દીને પ્રાથમીક સારવાર આપી તે જ દીવસે સવારે ૦૭:૪૫ કલાકે વધુ સારવાર માટે સીવીલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે રીફર કરેલા. તેઓએ આ અંગેનું મેડીકલ સર્ટીફીકેટ તેમના હસ્તાક્ષરમાં ઈસ્યુ કરેલ. જે નીચે તેમની સહી તથા હોદ્દાનો સિકકો ઓળખી બતાવી આંક–૧૪ થી રજુ કરેલ છે.દર્દીના અસલ કેસ પેપર્સ કુલ પેજ નંગ–૩ માં આંક–૧૫ થી રજુ કરેલ છે.

ડોકટરશ્રીએ વધુ સરતપાસ દરમિયાન મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૦ વાળું ધારીયું બતાવવામાં આવતાં જણાવેલ છે કે દર્દીના શરીર ઉપર માથાના ભાગે જોવા મળેલ સર્ટીફીકેટમાં દર્શાવેલ ઈજા નં. ૯ જેવી ઈજા આવા હથીયાર વડે સંભવી શકે. તેમજ ઈજા નં. ૧ અને ૩ થી ૮ ની ઈજા લાકડાના ધોકા વડે સંભવી શકે તેવી ઈજાઓ હતી.મુદ્દામાલ લાકડાનો ધોકો બતાવવામાં આવે છે, જે જોઈને જણાવેલ છે કે આવા ધોકા વડે આ પ્રકારની ઈજાઓ સંભવી શકે. ડોકટરશ્રી વધુ સરતપાસ દરમિયાન એ વાતનો ઈન્કાર કરેલ છે કે માથાની આંતરીક ઈજાઓ કારણસર દર્દીના નાકમાંથી લોહી આવવાની સંભાવના રહે. એ વાત કબુલ રાખેલ છે કે

મેડીકલ સર્ટીફીકેટમાં દર્શાવેલ ઈજા નં. ૧ અને ૯ ની ઈજાઓ ગંભીર પ્રકારની છે અને દર્દીનું મૃત્યુ નિપજાવવા માટે પુરતી છે.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાત કબુલ રાખેલ છે કે, દરદી તેમની પાસે સારવાર અર્થે આવ્યો ત્યારે તેનું ધબકારા અને બી.પી. નોર્મલ હતા. એ વાત કબુલ રાખેલ છે કે,તેઓએ સર્ટીફીકેટમાં ઈજાની ઉંમર દર્શાવેલ નથી. એ વાત કબુલ રાખેલ છે કે,ઈજા નં. ૯ ની ઉંડાઈ સર્ટીફીકેટમાં દર્શાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, આ ઈજામાં ઉંડાઈ દર્શાવવાની હોતી નથી. એ વાત કબુલ રાખેલ છે કે, આ ઈજા માથાના હાડકા સુધીની ઉંડી છે તેવું સર્ટીફીકેટમાં દર્શાવેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, કોઈ વ્યકિતના નાકમાં વાગે ત્યારે અને નસકોરી ફુટે ત્યારે પણ નાકમાંથી લોહી આવી શકે. વધુ ઉલટતપાસમાં જણાવેલ છે કે, ઈજા નં. ૧ થી ૮ ની ઈજા કોઈ વ્યકિત સખત અને બોથડ પદાર્થ જેવી ફર્શ ઉપર બે-ત્રણ ગોઠમડા ખાઈ જાય તો તેવી ઈજાઓ સંભવી શકે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે કે કોઈ વ્યકિત નીચે ધારદાર પથ્થર ઉપર પડે તો સર્ટીફીકેટમાં દર્શાવેલ ઈજા નં. ૯ જેવી ઈજા સંભવી શકે. એ વાત કબુલ રાખેલ છે કે,ઈજા નં. ૧ તથા ઈજા નં. ૯ ના કેસમાં યોગ્ય સારવાર તાત્કાલીક ધોરણે આપવામાં આવે તો દર્દી બચી પણ શકે અને ન પણ બચી શકે. આ દર્દીને તેઓએ પ્રાથમીક સારવાર આપ્યા બાદ તાત્કાલીક ધોરણે વધુ સારવાર માટે અમદાવાદ સીવીલમાં ટ્રાન્સફર કરેલો. એ વાત કબુલ રાખેલ છે કે, તેમને જે મુદ્દામાલનો જે લાકડાનો ધોકો બતાવવામાં આવેલ છે, તે લાકડી જેવો નથી.

**<u>મહત્વ</u>**

*મેડીકલ ઓફીસરની જુબાનીમાં સમર્થન કારી પુરાવા તરીકે ક્રિમીનલ કેસમાં મહત્વ ધરાવે છે.અને જયારે મેડીકલ ઓફીસરની જુબાની મહત્વના નજરે જોનાર સાહેદોની જુબાની સાથે મહદઅંશે સમાનતા ધરાવતી હોય તો તેને ન માનવા માટે કોઈ કારણ*

*રહેતુ નથી.પરંતુ તે નિર્ણય કરતાં પહેલાં નજરે જોનાર સાહેદોની જુબાનીનુ મૂલ્યાંકન કરવુ જરૂરી છે.*

**<u>ફરિયાદીનો પુરાવો</u>**

(૧૪)..ફરીયાદપક્ષે સાહેદ નં.૧૦ તરીકે આંક–૩પ થી ફરિયાદી પટેલ રોહીતભાઇ જયંતીભાઇને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં એવુ જણાવેલ છે કે,બનાવ બન્યો તે અરસામાં તેઓ તેમના માતા–પિતા સાથે ૧૨, પુષ્પવાટીકા સોસાયટી, તીરૂપતી શાહીબાગની બાજુમાં, રાધનપુર રોડ, મહેસાણા ખાતે રહેતા હતા. તે વખતે તેઓ પ્રિન્ટીંગ પ્રેસમાં કામ કરતા હતા. તેઓ બે ભાઇઓ તેમજ એક બહેન છે. જેમાં સૌથી મોટા ધર્મેન્દ્રભાઇ છે જેઓ સુરત રહે છે તેનાથી નાની બહેન મીનાક્ષીબેન છે જેના લગ્ન થઇ ગયેલ છે અને તેણી સાસરીમાં રહે છે.બનાવ તા. ૨૧/૦૫/૧૮ ના રોજ બનેલો. તે દીવસે સવારે તેઓ તથા તેમના માતા ગીતાબેન તથા તેમના પિતા જયંતીભાઈ ઘરે હાજર હતા તે વખતે સવારના સાડા છ એક વાગ્યાના સુમારે તેમના પિતાજી દુધ લેવા સારૂ સોસાયટીના નાકે આવેલ હાઇવે ઉપર દુકાન હતી ત્યાં ગયેલ હતા તે વખતે તેમના પિતાજીને દુધ લઈ આવતાં વાર લાગતાં તેઓ સામે જોવા ગયેલ તો તીરૂપતી શાહીબાગ સોસાયટીના મેઈન ગેટ આગળ તેમના પિતાજીને બાબુભાઈ લવજીભાઈ રાવળ તથા તેમનો દીકરો પોપટભાઈ બાબુભાઈ રાવળ બંને જણા હાથમાં ધારીયું તથા લાકડી લઈ માર મારતા હોઈ જેથી તેઓ દોડીને ત્યાં ગયેલો અને તે વખતે તેમના પિતાજીને પોપટભાઈએ ધારીયાથી માથાના ભાગે મારેલું અને આંખના ભાગે ધારીયું મારેલું તેમજ હાથે પણ ધારીયું મારેલું અને બાબુભાઈએ લાકડી વડે તેમના પિતાજીને બંને હાથે, બરડામાં તેમજ માથામાં માર મારતા હતા તે વખતે તેઓને જોઈ આ બંને જણા ત્યાંથી નાસી ગયેલા. ફરિયાદી વધુ સરતપાસમાં જણાવે છે કે,તે વખતે તેમના પિતાજીને તેઓએ પુછતાં તેઓએ જણાવેલ કે, ''મેં પોપટભાઈ બાબુભાઈ રાવળની પત્નિના છુટાછેડામાં ગયેલ

હોઈ અને તેના છુટાછેડા થયેલ હોઇ જેની અદાવત રાખી અમોને કહેલ કે, 'તમોએ છુટાછેડા કરાવેલ છે' તેમ કહી મને માર મારેલ છે'' તેવી વાત તેમના પિતાજીએ તેમને કરેલી. ફરિયાદી વધુ સરતપાસમાં જણાવે છે કે,ત્યારબાદ તેમના પિતાજી બે ભાન થઈ ગયેલા અને ત્યાં ઘણા માણસો ભેગા થઈ ગયેલ હોઈ કોઈ ઈસમે ૧૦૮ ને ફોન કરતાં ૧૦૮ આવતાં તેમના પિતાજીને તેઓ તથા તેમના મમ્મી તથા તેમના બનેવી ચંદ્રકાન્ત હીરાભાઈ પટેલ મહેસાણા સીવીલ હોસ્પિટલમાં લઈ ગયેલા અને ત્યાં ડોકટર સાહેબે તેમના પિતાજીની પ્રાથમીક સારવાર કરેલી અને ત્યારબાદ ડોકટર સાહેબે તેમના પિતાજીને વધુ સારવાર માટે અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં લઈ જવાનું કહેતાં અમદાવાદ સીવીલમાં લઈ ગયેલા અને ત્યાં દાખલ કરેલા. ત્યાં તેમના પિતાજી બેભાન હાલતમાં જ હતા. ફરિયાદી વધુ સરતપાસમાં જણાવે છે કે, ત્યારબાદ અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં પોલીસ આવેલી અને ત્યાં પોલીસે તેઓની ફરીયાદ લીધેલી. બનાવની વિગત તેઓએ પોલીસને જણાવતાં તેમના લખાવ્યા મુજબ પોલીસે ફરીયાદ લખી લીધેલી અને જે ફરીયાદ નીચે પોલીસે તેમની સહી લીધેલી. અસલ ફરીયાદ આંક-૩૬ થી રજુ કરી તેમાં તેમની સહી ઓળખી બતાવેલ છે. ફરિયાદી વધુ સરતપાસમાં જણાવે છે કે, તેમના પિતાજીની અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન તા. ૨૮/૦૫/૧૮ ના રોજ સવારે મરણ ગયેલા. સારવાર દરમ્યાન તેમના પિતાજી ભાનમાં આવેલા ન હતા. ફરિયાદી વધુ સરતપાસમાં જણાવે છે કે, તેમના પિતાજીની લાશનું પી.એમ. થયા બાદ લાશ તેમને સોંપેલી અને તેઓ તેમના પિતાજીની લાશ તેમના ઘરે છઠીયારડા લાવેલા અને ત્યાં તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવેલા. તેમના પિતાજીના બનાવ સમયે પહેરેલ કપડાં પોલીસે તેમની હાજરીમાં પંચનામાની રૂઇએ કબજે લીધેલા. તેમના પિતાજીના કપડાં શર્ટ વાદળી કલરનું તેમજ પેન્ટ સીલેટીયા કલરનું તેઓએ રજુ કરેલું. તે મુદ્દામાલ આર્ટીકલ નં. ૩ તથા ૪ વાળા કપડાં બતાવવામાં આવે છે, તેમના પિતાજીના તે જ કપડાં તેઓએ પોલીસમાં રજુ કરેલ હોવાનુ જણાવેલ છે. ફરિયાદી વધુ સરતપાસમાં

જણાવે છે કે, તેમના પિતાજીને જે ધારીયા અને ધોકા વડે માર મારવામાં આવેલ તે બતાવવામાં આવે તો તે ઓળખી શકે તેમ જણાવી મુદ્દામાલ આર્ટીકલ નં. ૯ વાળો ધોકો તથા મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૦ વાળું ધારીયું બતાવવામાં આવતાં આ તે ધોકો તથા ધારીયું છે જેના વડે તેમના પિતાજીને આરોપીઓએ માર મારેલો. વધુ સરતપાસ દરમિયાન આરોપીઓને ઓળખતા હોવાનુ જણાવી કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાત કબુલ રાખેલ છે કે,તેઓ જે પુષ્પાવાટીકા સોસાયટીમાં રહેતા હતા તેની આજુબાજુમાં અન્ય સોસાયટીઓ આવેલ છે. તેમના ઘરેથી દુધવાળાની દુકાન અડધો કી.મી. ના અંતરે આવેલ છે. તેમના પિતા દુધ લેવા માટે ચાલતા ગયા હતા. તેમના પિતા સવારે ૦૬:૨૦ ના સમયગાળામાં ઘરેથી નીકળેલા. તેઓ ઘરેથી દસ થી પંદર મીનીટ બાદ પપ્પાને શોધવા નીકળેળા. તેમના ઘરેથી ચાલતા દુધવાળાની દુકાને જતાં દસ મીનીટ જેટલો સમય લાગે. તેઓએ તેમની ફરિયાદ ૨૧ તારીખે ૬ થી ૬.૩૦ વચ્ચે લખાવેલી. આ ફરિયાદ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં લખાવેલી. મહેસાણા સિવિલ હોસ્પિટલમાંથી પોલીસને જાણ કરેલ હતી તેથી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં પોલીસનો ફોન આવેલો. તેઓએ મહેસાણા પોલીસને મારો મોબાઈલ નંબર આપેલો. જેથી મોબાઈલથી પોલીસે તેમને જાણ કરેલી. પોલીસ અમદાવાદ પહોંચતા તેમના મોબાઈલ ઉપર આશરે ૬ વાગે ફોન આવેલો. પોલીસે મોબાઈલથી ફોન કરી તેમને પુછેલ કે, તમે ક્યાં છો ? પછી પોલીસ મારા પિતાની જ્યાં સારવાર ચાલતી હતી તે વોર્ડમાં આવેલ. તે સમયે ત્રણ પોલીસવાળા આવેલા. પોલીસે તેમને અડધો કલાક જેટલી પુછપરછ કરેલી. પોલીસે તેઓને એક એક ને બોલાવીને પુછપરછ કરેલી. પહેલી તેમની પુછપરછ કરેલી, પછી તેમના માતાની પુછપરછ કરેલી, ત્યારબાદ તેમના બનેવીને પુછપરછ કરેલી. બધાની પુછપરછ આશરે સાડા છ થી પોણા સાતે પુરી થયેલ. આ બધાની પુછપરછ તેમના પિતાના ખાટલા પાસે કરેલી. જે વોર્ડમાં

તેમના પિતાને દાખલ કરેલ હતા તે વોર્ડમાં બીજા અન્ય પણ ખાટલાઓ હતા. તે વોર્ડમાં આશરે ૫ થી ૬ ખાટલા હતા. વોર્ડમાં બીજા ખાટલાવાળાના સંબંધીઓ વોર્ડમાં હાજર હતા કે કેમ તેની મને ખબર નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, પુછપરછ સમયે ફક્ત સ્ટાફના લોકો ત્યાં હતા.ફરિયાદીએ "તમારી, તમારી માતાની તથા તમારા બનેવીની પુછપરછ કરી પોલીસે તેઓના નિવેદન ઉપર જેવી રીતે તમારી સહી લીધેલી તેવી રીતે તે બંને લોકોની પણ સહી લીધેલી ?" પ્રશ્નનો જવાબ "ના" માં આપેલ છે.

વધુ ઉલટતપાસમાં તેમની સહી કોણે લીધેલી તેનું નામ તેમને ખબર ન હોવાનુ તેમજ તેમના મમ્મી અને બનેવીએ પોલીસને જે નિવેદન આપેલું તે બાબતની તેમની સાથે તેઓએ ચર્ચા કરેલ ન હોવાનુ જણાવેલ છે તેમજ તેમના પપ્પાના લોહીવાળા કપડાં પોલીસને તેઓએ તે જ દિવસે આપેલા. પોલીસે જ્યારે તેમની ફરિયાદ લીધી ત્યારે જ તે જ વખતે તેઓએ પોલીસને તેમના પપ્પાના લોહિવાળા કપડાં આપેલા. પોલીસવાળાએ લોહિવાળા કપડાં માંગતા તેમના પપ્પાના પહેરેલાં કપડાં કઢાવીને પોલીસને આપેલા. પોલીસને જ્યારે તેમના પપ્પાના લોહિવાળા કપડાં આપ્યા ત્યારે તેમના પિતા બેભાન હતા. તેઓએ તેમના પપ્પાના પેન્ટ અને શર્ટ પોલીસને આપેલા. તે વખતે તેમના પપ્પાને નવાં કપડાં મંગાવીને પહેરાવેલા. તેમના પપ્પાના કપડાં લેવા તેમના મોટા ભાઈ ગયેલા અને તે કેટલા વાગે લઈને આવેલા તેની તેમને ખબર નથી. તેમના મોટાભાઈએ અને તેઓએ તેમને પકડી રાખી કપડાં કાઢી આપેલા. પોલીસવાળાએ કપડાં લઈ થોડીવાર પછી તેમની ફરિયાદમાં સહી લઈ અને જતા રહેલા. આ સિવાય પોલીસે બીજી કોઈ કાર્યવાહી કરેલ નહિ.

વધુ ઉલટતપાસમાં જણાવેલ છે કે તેમની સોસાયટીમાં તેમનુ મકાન ઉભી લાઈનમાં છેલ્લેથી બીજું છે.એ વાત કબુલ રાખેલ છે કે, તેમના મકાનની સામે કોમન પ્લોટ આવેલ છે.કોમન પ્લોટ પછી તેમની જેમ લાઈનવાળા મકાન આવેલા છે.જે જગ્યાએ બનાવ બનેલ હતો ત્યાં તેમના ઘરેથી જવું હોય તો ૧૦ મીનીટ જેટલો

ચાલતા સમય લાગે. બનાવના દિવસે તેઓ સવારે છ વાગે ઉઠેલા. તે વખતે તેમના મમ્મી, તેમના પપ્પા, તેમના બહેન અને તેમના બનેવી બધા ઉઠેલા હતા. તેમના પપ્પા સવારે ૬.૨૦ કલાકે દુધ લેવા માટે નિકળેલા. તેમના પપ્પાને દુધ લઈ પાછું આવવું હોય તો આશરે ૨૫ મીનીટ જેટલો સમય થાય. તેમના પપ્પાને દુધ લઈને આવતા આશરે ૨૦ થી ૨૫ મીનીટ જેટલો સમય લાગેલો તેથી તેઓ સામે ગયેલા. તેમના પપ્પાને દુધ લઈને આવતા આટલો સમય થાય નહિ તેથી તેવું લાગતા તેઓ સામે ગયેલા.તેઓ તેમની સોસાયટીથી બહાર નિકળ્યા તે વખતે તેઓએ બનાવ જોયેલો. તે વાતનો ઈન્કાર કરેલ છે કે તેઓએ જ્યારે આ બનાવ જોયો ત્યારે ઘણાબધા માણસોનું ટોળું ભેગું થઈ ગયેલું હતું. તેઓ જ્યારે તેમની સોસાયટીની બહાર નિકળ્યા ત્યારે તેઓએ તેમના પપ્પા અને બે આરોપીઓને જોયેલા.તેઓ બનાવ જોઈ દોડેલા ત્યારે બુમ પાડેલી નહિ. તેઓ દોડતા તેમના પિતા પાસે પહોંચ્યા ત્યાં સુધી બીજા કોઈ માણસો આવેલા નહિ. તેમને જોઈ આરોપીઓ ત્યાંથી ભાગી ગયેલા. આરોપીઓ ૩૦ થી ૪૦ ફુટ દુર હતા અને તેઓએ તેમને જોયેલ અને ભાગી ગયેલા. તેઓ આરોપીઓને પકડવા માટે દોડેલ નહિ. તેઓએ આરોપીઓને નાસી જતા જોઈ કોઈ બુમ પાડેલી નહિ. તેઓ જ્યારે તેમના પપ્પા જોડે પહોંચ્યો ત્યારે તેમના પપ્પા લોહીલુહાણ અવસ્થામાં નિચે પડેલ હતા.તેઓ જ્યારે તેમના પપ્પા પાસે પહોંચ્યો તુરત જ તેમના માતા આવેલા. તે વાત કબુલ રાખેલ છે કે, તેમના પિતા પાસે પહોંચવામાં પહેલા તેઓ હતા, તે વખતે તેમના પપ્પા તરફડતા હતા. જે જગ્યાએ તેમના પપ્પા પડેલ હતા તે જગ્યાએ લોહિ પણ પડેલ હતું. તેઓએ તેમના પપ્પાને જઈ અને તેમના બંને હાથમાં બાથમાં લીધેલા. તેઓએ તેમના પપ્પાને જ્યારે બાથમાં લીધેલા ત્યારે તેમના કપડાં લોહિવાળા થયેલ હશે. તેઓ અને તેમની માતા પહોંચ્યા પછી પાંચ મીનીટ પછી ટોળું ભેગું થઈ ગયેલું. તેઓએ તપાસ કરતાં આજુબાજુ કોઈ દુધની થેલી પડેલી જોયેલી નહિ. તેઓએ તેમના પપ્પાને જોયા પછી ટોળું ભેગું થઈ ગયા પછી તેઓએ બુમાબુમ કરેલી નહિ. ૧૦૮ ગાડીને કોણે બોલાવેલી તેની તેમને

ખબર નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, ટોળાંમાંથી કોઈએ ૧૦૮ ને ફોન કરેલો. તેમના બનેવી પણ ૧૫ થી ૨૦ મીનીટમાં આવી ગયેલા. તેઓ જ્યારે ત્યાં પહોંચ્યા અને તેમના પિતાને બાથમાં લીધા તે વખતે તેઓએ પુછ્યું કે આવું કેમ થયું ? ત્યારે તેમના પપ્પાએ જણાવેલ કે, "પોપટભાઈ બાબુભાઈના છુટાછેડા થયેલા તેમાં ગયેલો એટલે એમને એવું લાગતા કે છુટાછેડા મે કરાવેલ છે તેની અદાવત રાખી મને મારેલ". આ વાત તેઓએ અને તેમની માતાએ સાંભળેલ. આટલી વાત કરી અને તેમના પપ્પા બેભાન થઈ ગયેલા. જે તેઓનું મરણ થતાં સુધી ભાનમાં આવેલા નહિ. તેઓ જ્યારે તેમના પપ્પાને સામે તપાસ કરવા માટે ગયેલો ત્યારે તેમની સોસાયટીના નાકે તેમની સોસાયટીના નરેશભાઈ પ્રજાપતિ મળેલા. જે કુતરો લઈને મળેલા. તેઓ જ્યારે તેમની સોસાયટીના નાકે મળેલા ત્યારે તેમને અને નરેશભાઈ પ્રજાપતિ સાથે કોઈ વાતચીત થયેલી નહિ. ફરિયાદીએ,"નરેશભાઈ પ્રજાપતિ સોસાયટીના નાકે મને મળેલા તેઓને મે ટોળામાં પાછળથી જોયેલા ?" ના પ્રશ્નના જવાબમાં જણાવેલ છે કે,"હું જ્યારે સોસાયટીમાંથી નિકળ્યો ત્યારે સોસાયટીના નાકે અવળી દિશામાં ઉભેલ હતા અને મને ભાગતા જોઈ પછી એ બાજુ જોઈ મારા ઘરે જાણ કરેલી."

ફરિયાદીએ વધુ ઉલટતપાસમાં જણાવેલ છે કે,જ્યારે નરેશભાઈ પ્રજાપતિએ તેમના ઘરે જાણ કરી ત્યારે તેમના માતા, તેમના બનેવી અને તેમની બહેન ઘરે જ હતા. તે વાત કબુલ રાખેલ છે કે, નરેશભાઈ પ્રજાપતિએ તેમના ઘરે જાણ કરતાં પછી તેમની માતા અને તેમના બનેવી બનાવવાળી જગ્યાએ આવેલા. જે ટોળું ભેગું થઈ ગયેલ હતું તેમાં કેટલા માણસો હતા તે તેઓએ ધ્યાન આપેલું નહિ. આ ટોળામાં કોઈપણ પરિચિત માણસને જોયેલ હોય તેનું ધ્યાન આપેલ નહિ. તેઓ ત્યાં પહોંચ્યા ત્યારપછી ૨૫ થી ૩૦ મીનીટમાં ૧૦૮ ત્યાં આવેલી. તેમના પપ્પાને જ્યારે ૧૦૮ માં હોસ્પિટલમાં લઈ ગયા ત્યારે તેઓની સાથે તેઓ, તેમની માતા અને તેમના બનેવી હતા.

ફરિયાદીએ વધુ ઉલટતપાસમાં જણાવેલ છે કે,બનાવ તિરૂપતી શાહીબાગ સોસાયટીના મેઈન ગેટ આગળ બનેલો. તે વાતનો ઈન્કાર કરેલ છે કે, જે તે સમયે લોકોની અવર જવર હતી. તે વાતનો ઈન્કાર કરેલ છે કે, તેઓએ તેમની ફરિયાદમાં લખાવેલ નથી કે, "પોપટજીએ મારા પિતાજીને આંખના ભાગે ધારીયું મારેલું". તે વાતનો ઈન્કાર કરેલ છે કે,નરેશભાઈ પ્રજાપતિએ તેમના ઘરે આવીને વાત કરી હોય અને જેના કારણે તેઓ ગુનાવાળી જગ્યાએ પહોંચ્યા હોય.તે વાતનો ઈન્કાર કરેલ છે કે, નરેશભાઈ પ્રજાપતિના કહેવાથી બનાવવાળી જગ્યાએ સૌપ્રથમ તેમની માતા પહોંચેલી. તે વાતનો ઈન્કાર કરેલ છે કે, નરેશભાઈ પ્રજાપતિએ જ્યારે બનાવ સંબંધે વાત કરી હોય ત્યારે તેઓ ઘરમાં સુતા હતા. તે વાતનો ઈન્કાર કરેલ છે કે, બનાવ બન્યો તે સમયે તેમના બનેવી તેમના ઘરે હાજર નહોતા. તે વાત કબુલ રાખેલ છે કે, તેમની બેન મીનાક્ષીબેનને બોકરવાડા ગામે પરણાવેલી છે. તે વાતનો ઈન્કાર કરેલ છે કે, બનાવ બન્યા પછી તેમના બનેવીને બોકરવાડા મુકામે મોબાઈલ ફોનથી જાણ કરી બોલાવેલ હોય.તે વાતનો ઈન્કાર કરેલ છે કે, તેમના બનેવી તેમના પપ્પાને ૧૦૮માં જ્યારે હોસ્પિટલ લઈ ગયા ત્યારે વાનમાં હાજર ન હોતા. તે વાતનો ઈન્કાર કરેલ છે કે, તેમના પપ્પાને ઈજા થયા બાદ તેમને કોઈ વાત કરેલી નહિ અને ઈજા થઈ ત્યારથી જ બેભાન થઈ ગયેલા.તે વાતનો ઈન્કાર કરેલ છે કે, બનાવ સમયે તેઓ પહોંચ્યા તે પહેલાં ઘણાબધા માણસો ભેગા થઈ ગયેલ હતા.તે વાતનો ઈન્કાર કરેલ છે કે, આ બનાવ તેઓએ નજરે જોયેલ નથી.તે વાતનો ઈન્કાર કરેલ છે કે, આરોપીઓના હાથમાં તેઓએ હથિયાર જોયાં હોય કે આરોપીઓને નાસતાં જોયા હોય તેવું બનેલ નથી.તે વાતનો ઈન્કાર કરેલ છે કે, બનાવની અંગેની તેમને કોઈ જાત માહિતી ન હોવા છતાં હાલના આરોપી વિરૂધ્ધ ખોટી ફરિયાદ આપેલ છે. તે વાત કબુલ રાખેલ છે કે, તા.૦૬/૦૬/૨૦૧૮ ના રોજ પોલીસે તેમનો જવાબ લીધેલ. તે વાત કબુલ રાખેલ છે કે, તેઓએ ફરિયાદ આપ્યા પછી તા.૦૬/૦૬/૨૦૧૮ ના રોજ ફરિયાદનો જવાબ લીધેલ ત્યારબાદ પોલીસે તેમનો જવાબ લીધેલ નથી કે પોલીસને મળવાનું થયેલ

નથી. તા.૨૮/૦૫/૨૦૧૮ ના રોજ તેમના પિતાજીનું અવસાન સવારે સાત વાગે થયેલું. તેમનો મોટોભાઈ બનાવના દિવસે બપોરના અઢી વાગે સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે આવેલો. તે વાત કબુલ રાખેલ છે કે, આરોપીઓને તેમના પપ્પા સાથે અદાવત હતી તે તેમના પપ્પાએ ઈજા થયા પછી તેમને કહ્યું ત્યારે જ ખબર પડી હતી. તેમના પપ્પાની અંતિમવિધિ તેમના વતન ગામડે કરેલ હતી.

**<u>નજરે જોનાર સાહેદોનો પુરાવો અને તેનુ મહત્વ</u>**

(૧૫)..ફરીયાદપક્ષે સાહેદ નં.૧૧ તરીકે આંક–૩૮ થી સાહેદ પટેલ ગીતાબેન જયંતિભાઈને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં એવુ જણાવેલ છે કે,બનાવ વખતે તેઓ પુષ્પાવાટીકા સોસાયટી રાધનપુર રોડ મહેસાણા ખાતે રહેતા હતા. તેમને સંતાનમાં ત્રણ બાળકો છે. જેમાં સૌથી મોટો ધર્મેન્દ્ર છે જે તેના કુટુબ સાથે સુરત રહે છે. તેનાથી નાની મીનાક્ષીબેન છે તેના લગ્ન બોકરવાડા તા.વિસનગર મુકામે પટેલ ચંદ્રકાંન્તભાઈ વિશાભાઈ સાથે કરેલા છે અને સૌથી નાનો દિકરો રોહિત છે. જે કુવારો છે અને તેણીની સાથે રહે છે અને જે હાલમાં પ્રિન્ટીગ પ્રેસ ચલાવે છે. સદર બનાવ તા.૨૧ /૫/૨૦૧૮ના રોજ બનેલો. બનાવ વખતે સવારે તેઓ તેમના ઘરે હતી. તેણીના પતિ સવારે સાડા છ થી સાતના ગાળા દરમિયાન દૂધ લેવા ગયેલ હતા. તેમની સોસાયટીના પ્રજાપતિ નરેન્દ્રભાઈ બબાભાઈ તેમનુ કુતરુ લઈને બહાર ગયેલ હતા અને તેમણે બનાવ જોએલ તેથી તેમના ઘરે આવી બુમ પાડેલ હતી. તેણીના પતિને ઘરે આવતા વાર લાગતાં તેમના દિકરા રોહિતને સોસાયટીના દરવાજે સામે જયાં તેણીના પતિ દુધ લેવા ગયેલ ત્યા મોકલેલ હતો. નરેન્દ્રભાઈએ તેમના ઘરે આવીને તેઓને જણાવેલ કે જયંતીભાઈને તીરુપતી શાહીબાગ ટાઉન શીપના મેઈન ગેઈટ આગળ રાવળ બાબુભાઈ લવજીભાઈ તથા રાવળ પોપટભાઈ બાબુભાઈએ ધારીયા તથા લાકડીથી મારેલ છે. જેથી તેણી તરત દોડતી સોસાયટીના મેઈન ગેઈટ આગળ ગયેલી. તેણીએ જઈને જોએલ તો તેણીના પતિ ઉઘા જમીન ઉપર પડેલ હતા અને તેણીના દિકરાએ

સીધા કરેલ હતા. તેણીના પતિને માથામાં લોહી નીકળેલ હતુ અને તેઓ બેભાન હતા. તેમને માથામાં, બંને હાથે, આંખના ડોઘા ઉપર અને શરીરે ગંભીર ઈજાઓ કરેલ હતી અને તેઓએ બુમા બુમ કરતાં આજુબાજુથી માણસો આવેલા અને કોઈએ ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી મહેસાણા સીવીલ હોસ્પીટલમાં સારવાર માટે લઈ ગયેલ ડોકટર સાહેબે વધુ સારવાર માટે અમદાવાદ સીવીલ હોસ્પીટલમાં મોકલેલા. સાહેદે વધુ સરતપાસમાં જણાવેલ છે કે,તેણીના પતિને મારવાનુ કારણ તેણીને જાણવા મળેલ કે "રાવળ બાબુભાઈના દિકરા પોપટભાઈની પત્નીના છુટાછેડા થયેલ હોય અને આરોપીઓએ કહેલ કે મારી પત્નીના છુટાછેડા કેમ કરાવેલ છે તેમ કહી માર મારેલ હતો". સાહેદે વધુ સરતપાસમાં જણાવેલ છે કે સદર બનાવની ફરીયાદ તેણીના દિકરા રોહિતે આપેલ હતી. પોલીસે તેણીનો જવાબ લીધેલ હતો. આરોપીઓને ઓળખતા હોવાનુ જણાવી કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે.પોલીસે તેણીનુ બીજીવારનુ નિવેદન લીધેલ તેમાં તેણીના પતિ ભાનમાં નહી આવેલાનું જણાવેલ.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાત કબુલ રાખેલ છે કે,તેમની પુષ્પવાટીકા સોસાયટીમાં ઉભી લાઈનમાં છેલ્લેથી બીજુ તેમનુ મકાન આવેલ છે. એ વાત કબુલ રાખેલ છે કે,તેમના ઘરની સામે કોમન પ્લોટ આવેલ છે અને તેની બાજુમાં પ્રજાપતિ નરેન્દ્રભાઈનું મકાન આવેલ છે. એ વાત કબુલ રાખેલ છે કે, નરેન્દ્રભાઈએ કુતરુ પાળેલ છે. એ વાત કબુલ રાખેલ છે કે, નરેન્દ્રભાઈ રોજ સવારે કુતરો લઈ સવારે ચાલવા જાય અને કલાક પછી પાછા આવે છે. બનાવ વખતે તેઓ તથા તેમના જમાઈ તથા તેમની દિકરી અને તેમનો દિકરો રોહિત એમ ચાર જણા હાજર હતા. બનાવના દિવસે સવારે સાડા પાંચ વાગ્યે તેણી એકલી ઉઠેલ હતી. તેણીના પતિ સવારે સાડા છ વાગ્યે ઉઠેલ હતા અને તે વખતે તેમનો દિકરો અને તેમની દિકરી સુઈ ગયેલ હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેમના પતિને આવવામાં વાર લાગેલ તેથી તેમના દિકરાને ઉઠાડેલ હતો અને સામે મોકલેલ હતો. તેણીના

પતિ સવારે સાડા છ થી સાતની વચ્ચે દૂધ લેવા ગયેલ હતા. એ વાત કબુલ રાખેલ છે કે, દરરોજ તેણીના પતિ ઘરેથી ચાલતા દૂધ લેવા જાય અને દશ મીનીટ પછી દૂધ લઈને પાછા આવતાં. એ વાત કબુલ રાખેલ છે કે, નરેન્દ્રભાઈએ તેમના ઘરે આવીને વાત કરેલ કે તમારા પતિને કોઈ માર મારે છે તેથી તેણી ત્યાં ગયેલ હતી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેણી બનાવવાળા સ્થળે ગયેલ ત્યારે તેણીના પતિ ઉધા પડેલ હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેણીના પતિને તેમના દિકરાએ બેઠા કરેલ હતા અને તેણી ત્યાં ગયેલ હતી. એ વાત કબુલ રાખેલ છે કે, તેણી બનાવવાળા સ્થળે ગયેલ ત્યારે તેમના પતિને તેમના દિકરાએ બેઠા કરી ખોળામાં બેસાડેલ હતા. બનાવવાળી જગ્યાએ તેમને પહોચતા દશ મીનીટ લાગેલ હતી અને તેણી નરેન્દ્રભાઈના કહેવાથી ત્યાં ગયેલ હતી. બનાવવાળા સ્થળે તેણી પહોચી ત્યારે બે સોસાયટીના લોકો ભેગા થયેલ હતા. એ વાત કબુલ રાખેલ છે કે, તેણી જયારે ત્યાં ગયેલ ત્યારે તેણીના પતિ બેભાન અવસ્થામાં હતા. બનાવવાળી જગ્ગાએ તેમની દિકરી આવેલ નહી તે ઘરે હતી પરંતુ તેણીના જમાઈ તેમની સાથે આવેલ હતા. એ વાત કબુલ રાખેલ છે કે,પહેલાં તેણી ત્યાં ગયેલ પછી તેણીના જમાઈ આવેલા હતા. તેણીએ તેના પતિને ખોળામાં લીધેલા નહી. એ વાત કબુલ રાખેલ છે કે,તેણીના પતિને માથામાં ઈજાઓ થવાથી પુષ્કળ લોહી નીકળતુ હતુ. એ વાત કબુલ રાખેલ છે કે,તેમના દિકરાએ તેણીના પતિને ખોળામાં લેવાથી તેના કપડા લોહી વાળા થયેલા હતા. ત્યા ભેગા થયેલ માણસોમાંથી કોઈએ ૧૦૮ કોણે બોલાવેલ પરંતુ કોને બોલાવેલ તેની તેમને ખબર નથી. એ વાત કબુલ રાખેલ છે કે,તેણીના પતિ તીરુપતિ શાહીબાગ ટાઉન શીપના દરવાજાની આગળ પડેલ હતા. એ વાત કબુલ રાખેલ છે કે, જે જગ્યાએ તેઓ પડેલ હતા ત્યા નીચે પણ લોહી પડેલ હતુ. તેણીના પતિને ૧૦૮માં સીવીલમાં લઈ ગયેલા ત્યારે તેણી, તેમનો દિકરો અને તેણીના જમાઈ સાથે હતા. એ વાત કબુલ રાખેલ છે કે, જે ટોળુ ભેગુ થઈ ગયેલ તેમાં તેમની સોસાયટીના માણસો પણ હતા. એ વાત કબુલ

રાખેલ છે કે,તેણીના પતિ પાસે તેણી પહોચી અને હોસ્પીટલ લઈ ગયેલા અને તેમને મરણ થયેલ ત્યાં સુધી તેઓ ભાનમાં આવેલ ન હતા. એ વાત કબુલ રાખેલ છે કે, તેણીના પતિને આરોપીઓએ મારેલ છે તે લોકોના કહેવાથી તેમને ખબર પડેલ હતી. પોલીસે તેણીનો જવાબ અમદાવાદ સીવીલમાં લીધેલ હતુ પરંતુ કયારે લીધેલ તે તેમને યાદ નથી. એ વાત કબુલ રાખેલ છે કે,પોલીસે તેણીનો જવાબ લીધેલ ત્યારે તેણીની માનસીક હાલત સારી ન હતી. એ વાત કબુલ રાખેલ છે કે,પોલીસે તેણીનો જવાબ તેણીના પતિના ખાટલાની બાજુમાં લીધેલ હતો. એ વાત કબુલ રાખેલ છે કે,પોલીસે તેણીનો જવાબ લીધેલ ત્યારે તેમનો દિકરો અને જમાઈ તેણીની પાસે હતા. એ વાતનો ઈન્કાર કરેલ છે કે પોલીસ તેણીનો જવાબ લખતી હતી તે વખતે તેણીની માનસીક હાલત સારી ન હતી તેથી જવાબ તેમનો દિકરો આપતો હતો. એ વાત કબુલ રાખેલ છે કે,તેણીની પુછપરછ કરેલ તે વખતે તેમના દિકરા અને તેમના જમાઈની પુછપરછ કરેલ હતી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે પોલીસે તેણીની પુછપરછ કર્યા બાદ તેણીની સહી કે અંગુઠો કરાવેલ હોય. પોલીસે તેણીની સીવીલ હોસ્પીટલમાં કર્યા બાદ ફરી પુછપરછ તા.૨૩/૫/૨૦૧૮ના રોજ કરેલ હતી.

વધુ ઉલટતપાસમાં એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેણીએ તેના પોલીસ નિવેદનમાં એવુ લખાવેલ હતુ કે "હુ જયારે બનાવવાળા સ્થળે પહોચેલ ત્યારે મારા પતિ ઉઘા જમીન ઉપર પડેલ હતા જેથી મે તેમને સીધા કરેલ, ત્યારબાદ મારો દિકરો રોહિત આવેલ હતો." એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેણીએ તેના પોલીસ નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે "એમ્બ્યુલન્સ આવી જતા મારા પતિને તેમાં બેસાડી હુ તથા મારો દિકરો રોહીત બંને સારવાર સારુ સીવીલ હોસ્પીટલ મહેસાણા ખાતે લઈ ગયેલા". સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તે વખતે તેણીના જમાઈ તેણીની સાથે હતા. તેણીના જમાઈનુ નામ ચંદ્રકાંન્ત વિશાભાઈ પટેલ છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે બનાવના દિવસે તેણીના જમાઈ તેમના ગામ બોકરવાડા હતા અને તેઓ તેણીના

ઘરે હાજર ન હતા. એ વાતનો ઇન્કાર કરેલ છે કે તેણીના જમાઇને તેમની દિકરીએ ફોન કરી જાણ કરેલ અને તેઓ સીધા સીવીલ હોસ્પીટલ મહેસાણા આવેલ હતા. તેણીના પતિ દુધ લઈને આવેલ નહી તેથી તેમના દિકરા રોહીતને તેઓએ પાંચ મીનીટમાં મોકલેલ હતો. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેમનો દિકરો ઘરમાં સુઈ ગયેલ હોય અને તે ત્યા ગયેલ ન હોય તેવુ બનેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેણીએ તેના પોલીસ નિવેદનમાં એવી હકિકત લખાવેલ છે કે "તા.૨૧/૫/૧૮ના રોજ હુ સવારે મારા ઘરે હાજર હતી અને મારો દિકરો રોહીત અને મારી દિકરી અમારા ઘરે આવેલ હોય અને તેઓ સુતેલા હતા". એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેણીના પતિને કોણે મારેલ તેની તેમને ખબર નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે બનાવની જાણ સૌથી પહેલા નરેન્દ્રભાઈએ કરેલ હતી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેણીના દિકરાને તેણીએ સામે મોકલેલ તે વાત ખોટી જણાવે છે.એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેણીનો દિકરો પાછળથી આવેલ અને તેણી પહેલાં ગયેલ હતી.એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેણી નામદાર કોર્ટમાં ખોટી જુબાની આપે છે.

(૧૫.૧)..ફરીયાદપક્ષે સાહેદ નં.૧૨ તરીકે આંક-૪૧ થી સાહેદ પ્રજાપતિ નરેન્દ્રભાઇ બબાભાઇને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં એવુ જણાવેલ છે કે,તેઓ મહેસાણા ધ્વારકાપુરી ફ્લેટ રવી શોપીંગ સેન્ટરમાં તેમની ધોબીકામની દુકાન હોય જેમાં ધોબીકામ કરે છે.બનાવ તા.૨૧/૫/૨૦૧૮ના રોજ બનેલ હતો. સવારે સાડા છ થી પોણા સાતના ગાળામાં તેઓ તેમનો કુતરો લઈ સંડાસ કરવા સારુ ઘરેથી લઈને નીકળેલો.તિરુપતી શાહીબાગ સોસાયટી અને પુષ્પવાટીકા સોસાયટી વચ્ચે રસ્તામાં સંડાસ કરાવી ઘર તરફ જતા હતા તે વખતે રસ્તામાં સામે જયંતીભાઈ પટેલ તેમને મળેલા. તેઓ દૂધ લેવા જતાં હતાં તેવુ તેમને જણાવેલ. તેવુ કહી તેઓ આગળ નીકળેલા .સાહેદે વધુ સરતપાસમાં જણાવેલ છે કે તેઓ તેમની સોસાયટી પુષ્પવાટીકાના નાકે પહોંચેલા અને તેઓએ ચીંચીયારી સાંભળેલી. તેઓએ પાછુ વળી

જોયુ તો બે લોકો જયંતિકાકાને મારતા હતા. એકની પાસે ધોકો હતો અને બીજાની પાસે તેમને ધારીયા જેવુ દેખાયેલ. જે લોકો મારતા હતા પરંતુ મને તેમનું નામ યાદ નથી. તેઓ તિરુપતી શાહીબાગના ગેટ આગળ તેઓએ મારતા જોએલા અને તેઓને બનાવ બનેલ તે પહેલા જોએલ ન હતા.જયંતિભાઈને ધારીયા વડે મારેલ હતુ. જેથી તેઓ જયંતિભાઈના ઘરે બનાવની હકિકત કહેવા દોડેલ હતો અને બહારથી તેઓએ બુમ પાડેલી તો તેમના ઘરેથી કોણ નીકળેલ તે તેમને ખબર નથી અને તેઓ તેમનુ કુતરુ લઈ તેમના ઘરમાં જતા રહેલા. જયંતિભાઈ કેવી હાલતમાં પડેલા તે તેઓએ જોએલ ન હતુ. જયંતીભાઈને ૧૦૮ એમ્બ્યુલન્સમાં દવા કરવા લઈ ગયેલા પણ કયાં લઈ ગયેલા તેની તેમને ખબર નથી. ગુન્હાવાળી જગ્યા તેઓએ પોલીસને પંચનામા વખતે બતાવેલી. સદર બનાવની ફરીયાદ તેમના બાબાએ આપેલી તેમના બાબાનું નામ રોહીત છે. પોલીસે તેમની બનાવ અનુસંધાને પુછપરછ કરેલી અને તેમનો જવાબ લીધેલો. જયંતીભાઈને માર મારતા હતા જે બે વ્યકિત આરોપીના કઠેરામાં બેઠેલ છે તે છે. આરોપી ને તેઓએ દુરથી જોએલા. તેમને દુરના ચશ્મા છે અને બનાવ વખતે તેઓએ ચશ્મા પહેરેલ ન હતા. બનાવ વખતે આરોપીના હાથમાં હથિયાર હતા તે તેઓ ઓળખી શકે.સાહેદને એ.પી.પી. શ્રીની રજુઆતથી હથિયાર બતાવવામાં આવતાં સાહેદને મુદામાલ હથિયાર ધોકો અને ધારીયુ બતાવવામાં આવતાં તે હથિયાર આરોપીના હાથમાં હતા કે કેમ તે તેઓ કહી શકે નહી તેમ જણાવેલ છે.

સદર સાહેદ ફરિયાદપક્ષના કેસની મહત્વની હકીકતોને સમર્થન કરતા ના હોઇ વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટ તપાસ કરતાં વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ એ વાતનો ઈન્કાર કરેલ છે કે,"તા.૨૨/૫/૧૮ના રોજ મે મારા પોલીસ રુબરુના જવાબમાં એવુ લખાવેલ કે મે જોએલ તો છિહૃિયારડા ગામના રાવળ બાબુભાઈ લવજીભાઈ કે જેઓના હાથમાં ધોકો હતો અને તેઓના દિકરા રાવળ પોપટભાઈના હાથમાં ધારીયુ હતુ, જે અમારી

સોસાયટી સામે હાઈવે રોડ ઉપર શાકભાજીની લારી રાખી વેપાર કરતાં હોય તેઓને ઓળખુ છુ અને મે જોએલ તો જયંતિભાઈ લોહીલુહાણ હાલતમાં જોએલા''. એ વાતનો પણ ઈન્કાર કરેલ છે કે તેઓએ બનાવ નજરે જોએલ હોવા છતાં આરોપીને બચાવવા ખોટી જુબાની આપે છે.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાત કબુલ રાખેલ છે કે,"તેઓ રોજ સવારે તેમના કુતરાને લઈને સવારે સાડા છ વાગ્યે નીકળે છે અને પંદર મીનીટમાં પરત આવે છે. એ વાત કબુલ રાખેલ છે કે,તેઓ તેમની સોસાયટીના નાકા પાસે પહોંચેલા ત્યારે તેઓએ ચીચીયારી સાંભળેલી. એ વાત કબુલ રાખેલ છે કે, તેઓએ જોએલ તો જયંતીભાઈનો કોઈ મારતુ હતુ પણ તેઓએ તે વ્યકિતને ઓળખી શકેલ નહી. એ વાત કબુલ રાખેલ છે કે,તે દિવસે તેઓએ ચશ્મા પહેરેલા નહી તેમને દુરના ચશ્મા હોય તેઓએ જોએલ નહી. એ વાત કબુલ રાખેલ છે કે,તેમની સરતપાસમાં આરોપી કોર્ટમાં હાજર છે તેવુ જણાવે છે તે જ આરોપી હતા તે તેઓ ચોકકસ કહી શકે નહી. તેઓ કુતરો લઈ તેમના ઘર આગળ પહોચી બુમ મારેલી કે તીરુપતી શાહીબાગ આગળ જયંતીભાઈને કોઈ મારે છે. એ વાત કબુલ રાખેલ છે કે,તેમનુ મકાન અને જયંતિભાઈનુ મકાન સામ સામે આવેલ છે અને વચ્ચે આવવા જવાનો રસ્તો છે. એ વાત કબુલ રાખેલ છે કે,તેઓએ બુમ પાડી પછી તેમના ઘરમાંથી કોણ નીકળેલુ તેની તેમને ખબર નથી. એ વાત કબુલ રાખેલ છે કે,તેમના ઘરમાંથી કોણ નીકળેલ અને ૧૦૮માં કોણ લઈ ગયેલ તેની તેમને ખબર નથી. એ વાત કબુલ રાખેલ છે કે,તેઓ તેમના ઘરે નાહી ધોઈ તેમની દુકાન જવા નીકળેલા ત્યારે બનાવના સ્થળ ઉપર કોઈ હાજર ન હતુ. બનાવના બીજા દિવસે પોલીસનો તેમના ઉપર ફોન આશરે અગિયાર વાગ્યે આવેલો જેથી તેઓ બનાવવાળા સ્થળે ગયેલા અને પોલીસ ત્યાં બેઠેલ હતી તેઓએ પોલીસને જે જગ્યાએ બનાવ બનેલ તે જગ્યા તેઓએ બતાવેલી. એ વાત કબુલ રાખેલ છે કે,પોલીસે તેમનુ નામ, સરનામુ,

મોબાઈલ નંબર લીધેલ ત્યારબાદ તેઓ ત્યાથી નીકળી ગયેલા. એ વાત કબુલ રાખેલ છે કે, બનાવવાળી જગ્યાએ પોલીસે તેમનુ નામ, સરનામુ પુછેલુ તે સિવાય બીજી કોઈ કાર્યવાહી પોલીસે કરેલી નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે પોલીસે તેમને બનાવ બાબતે પુછેલ તે તેઓએ તેમને જણાવેલ, અને તે પંચનામાની લખાણ બનાવવાળી જગ્યાએ થયેલ હતી, પરંતુ તેમને આરોપીના નામ પુછેલ પણ તેઓએ આરોપીઓને જોએલ નહી જેથી તેમના નામ લખાવેલ ન હતા. એ વાત કબુલ રાખેલ છે કે,ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ લખાવ્યા બાદ તેમને પોલીસને મળવાનો કોઈ પ્રસંગ થયેલ નથી. એ વાત કબુલ રાખેલ છે કે,બનાવ વખતે આરોપીના પાસે ધોકો અને ધારીયુ હતુ તેવુ તેઓ ચોકકસ કહી શકે નહી કારણ કે તેઓએ ચશ્મા ન પહેરેલ હોય તેમને દુરનુ દેખાતુ નથી. એ વાત કબુલ રાખેલ છે કે,જયંતિભાઈનુ ચાર પાંચ દિવસ પછી મરણ થયેલુ તેવા સમાચાર તેઓએ પાછળથી જાણેલા. એ વાત કબુલ રાખેલ છે કે, પંચનામા વખતે પોલીસવાળા અને તેમના સિવાય બીજા કોઈ હાજર ન હતા.

(૧૫.૨)..ફરીયાદપક્ષે સાહેદ નં.૧૪ તરીકે આંક-૪૫ થી સાહેદ ગાંધી અનીલભાઇ મફતલાલને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં એવુ જણાવેલ છે કે,તેઓ આઈ.એસ.એસ. સીકયુરીટીમાં છેલ્લા અઢી વર્ષથી સીકયુરીટી ગાર્ડ તરીકે તીરુપતી શાહીબાગ ટાઉનશીપમાં રાત્રીના સમયે અંદરના ભાગે ફરજ બજાવે છે. તેઓ તેમની નોકરી ઉપર સાંજના સાત વાગ્યે આવે છે અને સવારના છ વાગ્યે નોકરી પુરી થાય છે અને તેઓ અપ-ડાઉન કરે છે. તેઓ તા.૨૦/૫/૧૮ના રોજ સાંજના સાત વાગ્યે તેમની નોકરી ઉપર આવેલા. સોસાયટીના મેઈન ગેટ ઉપર ફરજ બજાવતા ગુમાનસિંહ દરબારે તેમને કહેલ કે અહી તુ બેસ મારે બહાર જવુ છે. તેઓ ત્યાં સવારે છ વાગ્યે મેઈન ગેટ ઉપર બેઠેલ હતા.ગેટ ઉપર બેઠલ હતા ત્યાં ગેટ આગળ કોણ શુ લેવા આવેલ તે તેઓ જાણતા નથી. બનાવ બાબતે તેઓ કંઈ જાણતા નથી.

કોઈએ કોઈને માર મારેલ હોય તેની તેમને ખબર નથી. તેઓ રાત્રે નોકરી ઉપર આવેલ ત્યારે ખબર પડેલ કે મારા મારી થયેલ છે કોની કોની વચ્ચે મારામારી થયેલ તે જાણેલ નહી. બનાવ બાબતે ફરીયાદ થયેલ તેની તેમને ખબર નથી. પંચનામામાં તેમની સહીઓ કરાવેલી તેમને પોલીસ સ્ટેશન બોલાવેલ. પોલીસે તેમની પુછપરછ કરી જવાબ લીધેલ હતો. એવુ બનેલ નહી કે તેઓ સોસાયટીના મેઈન ગેટ આગળ હાજર હતા તે વખતે પુષ્પવાટીકા સોસાયટીમાં રહેતા જયંતીભાઈ હાઈવે તરફ જતાં હતા તે વખતે બે ઈસમોએ તેમની ઉપર ધારીયા તથા ધોકા વડે હુમલો કરી ઈજાઓ પહોચાડેલ.આરોપીઓ પાસે શુ હથિયાર હતા તે તેઓ કહી શકે નહી. તેમને હથિયાર બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે નહી. તેઓ આરોપીઓને ઓળખતા નથી.

સદર સાહેદ ફરિયાદપક્ષના કેસની મહત્વની હકીકતોને સમર્થન કરતા ના હોઈ વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટ તપાસ કરતાં વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ એ વાતનો ઈન્કાર કરેલ છે કે,"૨૨/૫/૧૮ના રોજના પોલીસ રુબુરના નીવેદનમાં એવુ લખાવેલ છે કે'' હુ મેઈન ગેટ ઉપર હાજર હતો તે દરમ્યાન પોણા સાત વાગ્યે શાહીબાગ ટાઉનશીપની બાજુમાં આવેલ પુષ્પવાટીકા સોસાયટીમાં રહેતા પટેલ જયંતિભાઈ રામાભાઈ ચાલતા અમારી સોસાયટીના મેઈન ગેટ આગળ થઈ હાઈવે તરફ જતાં હતા દરમિયાન છઠીયારડા ગામના રાવળ બાબુભાઈ લવજીભાઈ કે જેઓના હાથમાં ધોકો હતો અને તેઓના દિકરા રાવળ પોપટભાઈ બાબુભાઈની પાસે ધારીયુ હતુ, તે વખતે તેઓ બંને પટેલ જયંતીભાઈ રામાભાઈ ઉપર એકદમ ઉશ્કેરાઈ ધારીયાના તથા લાકડીઓના ઘા માથામાં તથા શરીર ઉપર મારવા લાગેલા અને કહેતા કે તુ કેમ મારી પત્નીના છુટાછેડા કરાવેલ તેમ કહેતા હતા અને જયંતીભાઈ રામભાઈ પટેલ નીચે પડી ગયેલા. એ વાતનો ઈન્કાર કરેલ છે કે આરોપીઓને બચાવવા ખોટી જુબાની આપે છે.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાત કબુલ રાખેલ છે

કે,પોલીસે તેમને પોલીસ સ્ટેશન બોલાવી માત્ર કાગળમાં સહી કરાવેલ તે સિવાય તેઓ બીજુ કશુ જાણતા નથી, બનાવના દિવસે તેઓ તેમની નોકરી પુરી કરી જતા રહેલ હતા, તેથી બનાવ સંબંધની તેમને કોઈ જાત માહીતી નથી. એ વાત કબુલ રાખેલ છે કે,પોલીસે તેમનુ માત્ર નામ, સરનામુ પુછેલ તે સિવાય બીજી કોઈ પુછપરછ કરેલ નહી.

**<u>મહત્વ</u>**

*નજરે જોનાર અને ભોગ બનનાર સાહેદોની સોગંદ ઉપરની જુબાની મુખ્ય પુરાવા ગણાય છે પરંતુ જયારે તે હીત ધરાવતા અથવા તો રીલેટીવ સાહેદોએ કોઈ સદર જુબાનીને બહુ કાળજી રાખીને સમર્થનકારી પુરાવા સાથે સરખામણી કરીને સ્વિકારવુ યોગ્ય ગણાય છે.જયારે સાહેદની જુબાની પુરાવાની કલમ-૬ હેઠળ આવતી હોય તો તેનુ મહત્વ વધી જાય છે.જેથી ઉપરોક્ત નજરે જોનાર સાહેદોની જુબાનીને તેઓના પોલીસ રૂબરૂના નિવેદન સાથેનુ કોન્ટ્રીડીકશન તેમજ ઓમીશન તેમજ સમર્થનકારી પુરાવા સાથે સરખામણી કરીને મૂલ્યાંકન કરવામાં આવશે.*

**<u>રીલેટીવ તેમજ અન્ય સાહેદનો પુરાવો અને તેનુ મહત્વ</u>**

(૧૬)..ફરીયાદપક્ષે સાહેદ નં.૧૩ તરીકે આંક-૪૪ થી ફરિયાદીના ભાઈ સાહેદ પટેલ ધર્મેન્દ્રકુમાર જયંતીભાઈને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં એવુ જણાવેલ છે કે,તેઓ સુરત કે.એલ. ફેબ્રીકસમાં ઉમરવાડા ખાતે નોકરી કરે છે અને તેમના પરીવાર સાથે સુરત રહે છે.મરનાર જયંતિભાઈ તેમના પિતા થાય છે. તા.૨૧ /૫/૨૦૧૮ના રોજ તેઓ સુરત મુકામે તેમના ઘરે હાજર હતા તે દરમ્યાન સવારે સાત વાગ્યે તેમની બહેન મીનાક્ષીબેનનો ફોન આવેલ અને તેમને જણાવેલ કે પપ્પા ઉપર તીરુપતી શાહીબાગ ટાઉનશીપ આગળ રાવળ બાબુભાઈ તથા પોપટભાઈએ માર મારેલ છે.ત્યારબાદ તેઓ બપોરના અઢી વાગ્યે અમદાવાદ સીવીલ હોસ્પિટલે પહોચેલ હતા. તે વખતે તેમના પિતાને જોતા બેભાન અવસ્થામાં હતા. આ બાબતે તેમના મમ્મીને પુછપરછ કરતાં તેમણે જણાવેલ કે "તારા પપ્પા સવારે દૂધ લેવા માટે છ

વાગ્યે ગયેલ હતા અને તેઓ લેટ થતાં રોહીત તેમને ભાળ લેવા બહાર નીકળેલ હતો અને પ્રજાપતિ નરેન્દ્રભાઈ બબાભાઈએ કહેલ કે તમારા ઘરેથી બહાર દૂધ લેવા ગયેલ છે શાહીબાગ સોસાયટીના ગેટ આગળ પોપટભાઈએ ધારીયા વડે હુમલો કરેલ અને બાબુભાઈએ ધોકા વડે હુમલો કરેલ છે અને હુ ત્યાં ગયેલ અને જોએલ તો તેઓ ઉધા માથે બેભાન અવસ્થામાં પડેલ હતા તેમના માથાના પાછળના ભાગે ધારીયાનો ઘા વાગેલ હતો અને હાથના ભાગે લાકડીથી ફ્રેકચર થયેલ હતુ. વાગવાથી બ્લડીંગ થયેલ હતુ તેમને ૧૦૮માં એમ્બ્યુલન્સમાં મહેસાણા સીવીલ હોસ્પિટલ માં લઈ ગયેલ હતા અને ત્યાંથી અમદાવાદ સીવીલ હોસ્પિટલ માં ટ્રાન્સફર કરેલા." તેમના મમ્મીએ એવુ જણાવેલ કે "બાબુભાઈના દિકરાના છુટાછેડા થયેલ હોય અને તે બાબતે આરોપીઓએ તેમની ઉપર હુમલો કરી માર મારેલ છે."સદર બનાવની ફરીયાદ તેમના ભાઈ રોહીતભાઈએ આપેલ હતી. તેમના પિતા તા.૨૮/૫/૧૮ના રોજ મરણ ગયેલ હતા. તેઓ આરોપીઓને ઓળખતા નથી.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાત કબુલ રાખેલ છે કે,બનાવ સંબધે તેમને તેમની મમ્મીએ જણાવેલ હતુ તે સિવાય બનાવ બાબતે તેમને કોઈ જાત માહીતી નથી. પોલીસે તેમનો જવાબ લીધેલ ત્યારે તેઓ એકલા હતા. સાહેદે વધુ ઉલટતપાસમાં ," તમારા જવાબમાં તમે એવુ લખાવેલ છે કે રોહીત ઘરે સુતેલ હતો". તે પ્રશ્નના જવાબમાં જણાવેલ છે કે "મે મારા જવાબમાં એવુ લખાવેલ નથી".

સાહેદે વધુ ઉલટતપાસમાં એ વાત કબુલ રાખેલ છે કે," નરેન્દ્રભાઈ બબાભાઈ પ્રજાપતિના કહેવાથી મારી મમ્મીએ જાણેલુ અને બનાવના સ્થળે મારી મમ્મી પ્રથમ પહોચેલી". એ વાત કબુલ રાખેલ છે કે,"તેઓએ તેમના પોલીસ રુબરુના નીવેદનમાં એવુ લખાવેલ નથી કે '' રોહીત તેમની ભાળ લેવા બહાર નીકળેલો હતો''. એ વાત કબુલ રાખેલ છે કે,"તેઓએ તેમના પોલીસ રુબરુના નીવેદનમાં એવુ લખાવેલ

નથી કે '' મારા પપ્પાના માથાના પાછળના ભાગે ધારીયાના ઘા વાગેલ હતો અને હાથના ભાગે લાકડીથી ફેકચર થયેલ હતુ''. એ વાત કબુલ રાખેલ છે કે,બનાવ બનેલ તે દિવસે તેઓ સુરત હતા અને તેમના ઘરે તેમના મમ્મી તેમની બહેન મીનાક્ષી અને તેમનો ભાઈ રોહીત ઘરે હતા. એ વાત કબુલ રાખેલ છે કે, તેમના પિતાને મારા મારીમાં ઈજા થયેલ ત્યારથી બેભાન થયેલ અને મરણ ગયેલ ત્યા સુધી બેભાન અવસ્થામાં હતા. એ વાત કબુલ રાખેલ છે કે,તા.૨૨/૫/૧૮ના રોજ પોલીસે તેમનો જવાબ લીધેલ અને તેમના પિતા તા.૨૮/૫/૧૮ના રોજ મરણ પામેલ ત્યા સુધી તેઓ અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં હતા. એ વાત કબુલ રાખેલ છે કે બનાવ સબંધેની વાત તેમની બહેને ટેલીફોનથી વાત કરતાં તેઓ અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં આવેલ હતા. એ વાત કબુલ રાખેલ છે કે તેમના પિતા સાથે કેમ ઝઘડો થયેલ અને કેમ મારા મારી થયેલ તે બાબતે તેમને કોઈ જાત માહીતી નથી.

<u>મહત્વ</u>

*જયારે બનાવ સંદર્ભે વિગતવાર હકીકત જુબાનીમાં જણાવતા હોય તો તેઓની જુબાની મહત્વપૂર્ણ બની જાય છે.જો સાહેદ રીલેટીવ સાહેદ હોય તો તેઓની જુબાનીને બહુ કાળજી રાખીને સમર્થનકારી પુરાવા સાથે સરખામણી કરીને સ્વિકારવુ યોગ્ય ગણાય છે જેથી ઉપરોકત સાહેદોની જુબાનીને તેઓના પોલીસ રૂબરૂના નિવેદન સાથેનુ કોન્ટ્રીડીકશન તેમજ ઓમીશન તેમજ સમર્થનકારી પુરાવા સાથે સરખામણી કરીને મૂલ્યાંકન કરવામાં આવશે.*

<u>**સરકારી સાહેદનો પુરાવો અને તેનુ મહત્વ**</u>

(૧૭)..ફરીયાદપક્ષે સાહેદ નં.૧૫ તરીકે આંક-૪૬ થી નાયબ મામલતદાર શ્રી પટેલ ભરતકુમાર રણછોડભાઇને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં એવુ જણાવેલ છે કે,તેઓ જાન્યુઆરી-૨૦૧૬થી નાયબ મામલતદાર તરીકે મહેસાણા મામલતદાર કચેરીમાં ફરજ બજાવે છે. તેમની ફરજમાં સર્કલ ઓફિસર તરીકેની તમામ

કામગીરી સંભાળે છે. તેઓ તા.૨૫/૫/૨૦૧૮ના રોજ તેમની ફરજ ઉપર હતો તે દિવસે પો.ઈન્સ.તાલુકા પોલીસ પો.સ્ટે.મહેસાણાનાઓએ લેખીત યાદી સાથે કામના બનાવવાળા સ્થળનો નકશો બનાવવા લેખીત રીપોર્ટ આપેલ જેના આધારે તેઓ બનાવવાળી જગ્યાએ ગયેલ અને બે પંચો બોલાવેલા અને પંચોની હાજરીમાં બનાવવાળી જગ્યાનો તેઓએ જાતે જ નકશો તૈયાર કરેલો.બનાવવાળી જગ્યાની ઉત્તરે તીરુપતી શાહીબાગ ટાઉનશીપનો મેઈન ગેઈટ તથા દક્ષિણે મહેસાણા રાધનપુર જવાનો મેઈન હાઈવે આવેલ છે. હાઈવે થી તીરુપતી મેઈન ગેઈટ સુધી ૪૦ ફુટ પહોળો આર.સી.સી.રોડ આવેલ છે. ગુન્હાવાળી જગ્યાથી પૂર્વ બાજુથી આઠ ફુટ જેટલા અંતરે પાણીનો વહેરો આવેલ છે. પશ્ચિમ બાજુએ ખુલ્લી જગ્યા આવેલ છે. બનાવની જગ્યાની પૂર્વ બાજુએ પુષ્ટવાટીકા સોસાયટીમાં જવાનો રસ્તો આવેલ છે. બનાવવાળી જગ્યાથી ઉત્તરે ૪૧ ફુટના અંતરે તીરુપતી શાહીબાગ ટાઉનશીપનો મેઈન ગેઈટ તથા પૂર્વ બાજુમાં મહાકાળી પાર્લર તથા ઉમીયા પાર્લર આવેલ છે. બનાવવાળી જગ્યાની પશ્ચિમે ડીવાઈડરથી થોડે દુર લાઈટનો થાંભલો આવેલ છે. તીરુપતી શાહીબાગના મેઈન ગેઈના પશ્ચિમ બાજુએ અન્ય સોસાયટીમાં જવાનો રસ્તો આવેલ છે. એ રીતેનો ખૂટ વર્ણનવાળો નકશો તૈયાર કરી તેમાં નીચે તેમની સહી કરેલ છે તથા તેમની રુબરુ પંચોની સહી લીધેલ હતી. જે નકશો આંક-૪૭ થી રજુ કરેલ છે તેમજ નકશો તૈયાર કરવા સારુ કરેલ રીપોર્ટ આંક-૪૮ થી રજુ કરેલ છે.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે ગુન્હાવાળી જગ્યાનો નકશો બનાવવાની યાદી સાથે ફરીયાદ તેમજ ગુન્હાવાળી જગ્યાનું પંચનામું તેમને મળેલ હતુ. એ વાત કબુલ રાખેલ છે કે તેઓએ ગુન્હાવાળી જગ્યાનો નકશો પંચનામાના આધારે બનાવેલ હતો. તેઓએ જયારે આ નકશો બનાવેલ તે સમયે ગુન્હાવાળી જગ્યાના જે પંચો હતો તે જ પંચોની હાજરીમાં નકશો તૈયાર કરેલ હતો. સદર ગુન્હાવાળી જગ્યાનો નકશો તેઓએ ગઈકાલે તા.૬/૯/૨૦૧૯ના રોજ બનાવેલ છે. તેઓએ પંચોને જાતે બોલાવેલ હતા. એ વાત કબુલ રાખેલ છે કે તેઓએ

નકશો બનાવના સવા વર્ષ પછી બનાવેલ હતો. એ વાત કબુલ રાખેલ છે કે તેઓએ પંચોના કહયા મુજબ ગુન્હાવાળી જગ્યાનો નકશો તૈયાર કરેલ હતો. એ વાત કબુલ રાખેલ છે કે ગુન્હાવાળી જગ્યા તીરુપતી શાહીબાગ ટાઉનશીપના ગેઈટથી દક્ષિણ તરફ ૪૧ ફુટ દુર આવેલ છે. એ વાત કબુલ રાખેલ છે કે ગુન્હાવાળી જગ્યાથી પુષ્પવાટીકામાં જવાનો ગેઈટ કેટલે દુર છે તેનું માપ નકશામાં બતાવેલ નથી. સાહેદ જણાવે છે કે પુષ્ટવાટીકા તરફ જવાનો રસ્તો બતાવેલ છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે ગુન્હાવાળી જગ્યાના પંચનામાં જે પંચો હતા તે જ પંચો નકશો તૈયાર કરતી વખતે હતા તે ચોકકસ કહી શકે નહી. એ વાત કબુલ રાખેલ છે કે ગુન્હાવાળી જગ્યાના પંચનામા વખતે જે પંચો હતા તે જ પંચો નકશો તૈયાર કરતી વખતે હતા તે નામના આધારે કહી શકુ. એ વાત કબુલ રાખેલ છે કે પંચોને પંચમાં હાજર રહેવા માટે કોઈ લેખીત યાદી મોકલેલ નથી. પરંતુ મોબાઈલથી જાણ કરેલ છે. એ વાત કબુલ રાખેલ છે કે જયારે બનાવ બનેલ ત્યારે નકશો બનાવવાની યાદી મળેલ હતી. તેઓએ પ્રથમવાર નકશો બનાવેલ હોય તાત્કાલીક નકશો બનાવો પડે તેની જાણ ન હતી. એ વાત કબુલ રાખેલ છે કે પુષ્પવાટીકા સોસાયટી તરફ જવાનો રસ્તાની પોહળાઈ તથા માપ દર્શાવેલ નથી. એ વાત કબુલ રાખેલ છે કે તેઓએ નકશામાં જે વિગતો દર્શાવેલ છે તે ગુન્હાવાળી જગ્યાના પંચનામા આધારે દર્શાવેલ છે. એ વાત કબુલ રાખેલ છે કે નકશામાં સમય દર્શાવેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે સદર નકશો ઓફિસમાં બેસીને પંચોને બોલાવી તૈયાર કરેલ છે. એ વાત કબુલ રાખેલ છે કે ગુન્હાવાળી જગ્યાએ રોડ આવેલ છે. એ વાત કબુલ રાખેલ છે કે નકશામાં ગુન્હાવાળી જગ્યાથી હાઈવે કેટલે દુર છે તેનું માપ દર્શાવેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેઓએ ગુન્હાવાળી જગયાની કોઈ મુલાકાત લીધેલ નથી.

**મહત્વ**

*સદર સાહેદ જાહેર સેવક છે. તેઓએ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ તૈયાર કરેલ*

*છે.તેઓએ પંચનામામાં બનાવસ્થળની તમામ હકીકતોનુ વર્ણન કરેલ છે.પરંતુ તેઓએ બેદરકારીપૂર્વક ગુનાવાળી જગ્યાનો નકશો પોતાની જુબાની આપેલ તેના આગળના દિવસે એટલે કે બનાવ બન્યાના સવા વર્ષ પછી બનાવેલ છે.જેથી સદર સાહેદની જુબાની અને ગુનાવાળી જગ્યાના નકશાનુ કોઇ કાયદાકીય મૂલ્ય રહેતુ નથી.*

**<u>પંચ સાહેદોનો પુરાવો અને તેનુ મહત્વ</u>**

(૧૮)..ફરીયાદપક્ષે સાહેદ નં.૩ તરીકે આંક–૧૯ થી ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ ઠાકોર રમેશજી મગનજીને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં એવુ જણાવેલ છે કે,ગઈ તા. ૨૨/૦૫/૧૮ ના રોજ પોલીસ તેમની ચા ની હોટલ ઉપર આવેલી અને તેમને સહી કરવાનુ કરતાં તેઓએ સહી કરેલી. પંચનામું કઈ બાબતનું હતું? તેની તેમને ખબર નથી. તેઓએ માત્ર સહી કરેલી. સહી કર્યા સિવાય તેઓ બીજું કંઈ જાણતા નથી. વધુ સરતપાસમાં જણાવેલ છે કે તેમની હાજરીમાં કોઈ એફ.એસ.એલ. અધિકારીશ્રીએ લોહીવાળી માટી તેમજ સેમ્પલો કબજે કરેલા હોય તેવું બનેલ નથી. આંક–૨૦ ના પંચનામામાં તેમની સહી ઓળખી બતાવેલ છે.સાહેદને મુદ્ધામાલ આર્ટીકલ નં. ૧ તથા ૨ બતાવવામાં આવતાં જોઇને જણાવેલ છે કે આવો કોઈ મુદ્ધામાલ તેમના રૂબરૂ રજુ થયેલ નથી કે પોલીસે કબજે કરેલ નથી. મુદ્ધામાલ આર્ટીકલ નં. ૧ તથા ૨ ઉપરની પંચ સ્લીપો બતાવવામાં આવતાં તેમાં પંચ નં.૧ તરીકે તેમની સહી ઓળખી બતાવી આંક–૨૧ થી રજુ કરેલ છે.

સદર પંચ સાહેદે તેઓ રુબરુ કરવામાં આવેલ આંક–૨૦ ના પંચનામામાં પોતાની સહી હોવાનુ ઓળખી બતાવેલ છે પરંતુ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી જેથી તેમને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે,સદર પંચ સાહેદને હોસ્ટાઇલ જાહેર કર્યા બાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટપાસમાં પણ કોઇ મહત્વની હકીકતને સમર્થન આપેલ નથી જેથી આ પંચ સાહેદ રુબરુ સદર વિગતવારના પંચનામા કરવામાં આવેલ હોય તે હકીકતને સમર્થન મળતુ

નથી.સદર સાહેદની બચાવપક્ષે કોઇ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

(૧૮.૧)..ફરીયાદપક્ષે સાહેદ નં.૪ તરીકે આંક-૨૨ થી ગુનાવાળી જગ્યાના પંચનામાના તેમજ આરોપીઓની શરીરસ્થિતી તથા બનાવ વખતે પહેરેલ કપડા કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ રાઠોડ ઉદેસીંહ મંગાજીને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં એવુ જણાવેલ છે કે,ગઈ તા. ૨૨/૦૫/૧૮ ના રોજ તેઓ ચાની લારી ઉપર બેસેલ હતા તે વખતે પોલીસ ત્યાં આવેલ અને તેમને સહી કરવાનુ કરતાં તેઓએ સહી કરેલી. પંચનામું કઇ બાબતનું હતું? તેની તેમને ખબર નથી. તેઓએ માત્ર સહી કરેલી. સહી કર્યા સિવાય તેઓ બીજું કંઇ જાણતા નથી. વધુ સરતપાસમાં જણાવેલ છે કે તેમની હાજરીમાં કોઈ એફ.એસ.એલ. અધિકારીશ્રીએ લોહીવાળી માટી તેમજ સેમ્પલો કબજે કરેલા હોય તેવું બનેલ નથી. આંક-૨૦ ના પંચનામામાં તેમની પંચ નં.૨ તરીકે સહી ઓળખી બતાવેલ છે.સાહેદને મુદ્દામાલ આર્ટીકલ નં. ૧ તથા ૨ ઉપરની આંક-૨૧ વાળી પંચસ્લીપોમાં તેમની પંચ નં.૨ તરીકે સહી ઓળખી બતાવેલ છે.

સાહેદે વધુ સરતપાસમાં જણાવેલ છે કે ગઈ તા. ૨૩ /૦૫/૧૮ ના રોજ તેઓ તેમનુ ચેનલનુ કામ રાધનપુર ચોકડી ખાતે ચાલતુ હોઈ ત્યાં જતા હતા તે વખતે પોલીસ તેમની પાસે આવેલ અને તેમને સહી કરવાનુ કરતાં તેઓએ સહી કરેલી. પંચનામું કઇ બાબતનું હતું? તેની તેમને ખબર નથી. તેઓએ માત્ર સહી કરેલી. સહી કર્યા સિવાય તેઓ બીજું કંઇ જાણતા નથી. વધુ સરતપાસમાં જણાવેલ છે કે તેમની હાજરીમાં કોઇની શરીરસ્થિતીનુ કે કપડા કબજે કર્યાનુ પંચનામુ કરેલ હોય તેવું બનેલ નથી.

સાહેદને મુદ્દામાલ આર્ટીકલ નં. ૫ આછા રાખોડી રંગનું શર્ટ તેમજ મુદ્દામાલ આર્ટીકલ નં. ૬ આછા રાખોડી કલરનું પેન્ટ તેમજ મુદ્દામાલ નં. ૭ એક સફેદ કલરનું ટપકાવાળું શર્ટ તેમજ મુદ્દામાલ આર્ટીકલ નં. ૮ એક વાદળી કલરનું જીન્સનું

પેન્ટ બતાવવામાં આવતાં તે જોઈને જણાવેલ છે કે આવો કોઈ મુદ્દામાલ તેઓ રૂબરૂ રજુ થયેલ નથી કે પોલીસે કબજે કરેલ નથી. તેમને મુદ્દામાલ આર્ટીકલનં. ૫ થી ૮ ઉપરની પંચ સ્લીપો બતાવવામાં આવતાં તેમાં પંચ નં. ૧ તરીકે તેમની સહી ઓળખી બતાવી આંક ૨૩ થી રજુ કરેલ છે.આરોપીઓની શરીરસ્થિતી તથા બનાવ સમયે પહેરેલા કપડા કબજે કર્યાના પંચનામામાં પંચ નં.૧ તરીકે તેમની સહી ઓળખી બતાવી આંક–૨૪ થી પંચનામુ રજુ કરેલ છે.

સદર પંચ સાહેદે તેઓ રુબરુ કરવામાં આવેલ આંક–૨૦ અને ૨૩ ના પંચનામામાં પોતાની સહી હોવાનુ ઓળખી બતાવેલ છે પરંતુ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી જેથી તેમને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે,સદર પંચ સાહેદને હોસ્ટાઇલ જાહેર કર્યા બાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટપાસમાં પણ કોઈ મહત્વની હકીકતને સમર્થન આપેલ નથી જેથી આ પંચ સાહેદ રુબરુ સદર વિગતવારના પંચનામા કરવામાં આવેલ હોય તે હકીકતને સમર્થન મળતુ નથી.સદર સાહેદની બચાવપક્ષે કોઇ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

(૧૮.૨)..ફરીયાદપક્ષે સાહેદ નં.૫ તરીકે આંક–૨૬ થી ઈજા પામનારની શરીરસ્થિતી તેમજ બનાવ વખતે પહેરેલ કપડા કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ વાઘેલા રમેશજી મહોતજીને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં એવુ જણાવેલ છે કે,તા. ૨૨/૦૫/૧૮ ના રોજ મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશનના નીચે ચા ની લારી ઉપર તેઓ હતા તે વખતે પોલીસ તેમની પાસે આવેલ અને તેમને એક લખાણમાં સહી કરવાનુ કહેતાં તેઓએ સહી કરેલી. તેઓ ધોરણ–૧૨ સુધી ભણેલ છે.તેમની પાસે જે જમાદાર આવેલા તેમના કહેવાથી તેઓએ સહી કરેલી. જમાદારે તેમની પોલીસ કાગળોમાં સહી લીધેલી. તેમણે તેમની પંચનામામાં સહી કરાવેલી. પંચનામું તેઓએ વાંચેલું નહી. તેઓએ માત્ર જમાદારના કહેવાથી સહી કરેલી. પંચનામુ બતાવવામાં આવતાં પંચ નં.૧ તરીકે તેમની સહી ઓળખી બતાવી આંક–૨૭ થી પંચનામુ રજુ

કરેલ છે.તેમને આંક-૨૭ વાળુ પંચનામુ બતાવવામાં આવતાં તે મુજબની કોઇ કાર્યવાહી તેમની હાજરીમાં થયેલ નથી.તેઓએ માત્ર પોલીસના કહેવાથી સહી કરેલી.તેમને મુદ્દામાલ આર્ટીકલ નં. ૩ વાદળી કલરનો શર્ટ તથા મુદ્દામાલ આર્ટીકલ નં. ૪ પેન્ટ સીલેટીયા કલરનું બતાવવામાં આવતાં જોઇને જણાવેલ છે કે આવો કોઈ મુદ્દામાલ તેઓ રૂબરૂ રજુ થયેલ નથી કે પોલીસે કબજે કરેલ નથી. મુદ્દામાલ આર્ટીકલનં. ૩ તથા ૪ ઉપરની પંચ સ્લીપો બતાવવામાં આવતાં તેમાં પંચ નં. ૧ તરીકે તેમની સહી ઓળખી બતાવી સંયુકત આંક ૨૮ થી રજુ કરેલ છે.

સદર પંચ સાહેદે તેઓ રુબરુ કરવામાં આવેલ આંક-૨૭ ના પંચનામામાં પોતાની સહી હોવાનુ ઓળખી બતાવેલ છે પરંતુ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી જેથી તેમને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે,સદર પંચ સાહેદને હોસ્ટાઇલ જાહેર કર્યા બાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટપાસમાં પણ કોઇ મહત્વની હકીકતને સમર્થન આપેલ નથી જેથી આ પંચ સાહેદ રુબરુ સદર વિગતવારના પંચનામા કરવામાં આવેલ હોય તે હકીકતને સમર્થન મળતુ નથી.સદર સાહેદની બચાવપક્ષે કોઇ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

(૧૮.૩)..ફરીયાદપક્ષે સાહેદ નં.૬ તરીકે આંક-૨૯ થી ઈજા પામનારની શરીરસ્થિતી તેમજ બનાવ વખતે પહેરેલ કપડા કબજે કર્યાના પંચનામાના બીજા પંચ સાહેદ ચૌધરી શંકરભાઇ ગણેશભાઈને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં એવુ જણાવેલ છે કે,તા. ૨૨/૦૫/૧૮ ના રોજ તેઓ મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશન ના બાજુમાં આવેલ દુકાન ઉપર ગયા હતા તે વખતે પોલીસ તેમની સહી કરેલી,સહી કર્યા સિવાય બીજુ કંઇ જાણતા નથી. આંક-૨૭નુ પંચનામુ બતાવવામાં આવતાં પંચ નં.૨ તરીકે તેમની સહી ઓળખી બતાવેલ છે.તેમને મુદ્દામાલ આર્ટીકલ નં. ૩ વાદળી કલરનો શર્ટ તથા મુદ્દામાલ આર્ટીકલ નં. ૪ પેન્ટ સીલેટીયા કલરનું બતાવવામાં આવતાં જોઇને જણાવેલ છે કે આવો કોઈ મુદ્દામાલ તેઓ રૂબરૂ રજુ થયેલ નથી કે પોલીસે

કબજે કરેલ નથી. મુદ્દામાલ આર્ટીકલનં. ૩ તથા ૪ ઉપરની પંચ સ્લીપો આંક–૨૮ માં પંચ નં. ૨ તરીકે તેમની સહી ઓળખી બતાવેલ છે.

સદર પંચ સાહેદે પણ તેઓ રુબરુ કરવામાં આવેલ આંક–૨૭ ના પંચનામામાં પોતાની સહી હોવાનુ ઓળખી બતાવેલ છે પરંતુ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી જેથી તેમને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે,સદર પંચ સાહેદને હોસ્ટાઇલ જાહેર કર્યા બાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટપાસમાં પણ કોઇ મહત્વની હકીકતને સમર્થન આપેલ નથી જેથી આ પંચ સાહેદ રુબરુ સદર વિગતવારના પંચનામા કરવામાં આવેલ હોય તે હકીકતને સમર્થન મળતુ નથી.સદર સાહેદની બચાવપક્ષે કોઇ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

(૧૮.૪)ફરીયાદપક્ષે સાહેદ નં.૭ તરીકે આંક–૩૦ થી આરોપીઓની શરીરસ્થિતી તથા બનાવ વખતે પહેરેલ કપડા કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ ઠાકોર જીતુજી મોહનજીને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં એવુ જણાવેલ છે કે,તા.૨૩ /૦૫/૧૮ ના રોજ તેઓ તેમની રીક્ષા લઇ આઝાદચોક મહેસાણા ખાતે ઉભા હતા તે સમયે પોલીસ તેમની પાસે આવેલ અને તેમને સહી કરવાનુ કરતાં તેઓએ સહી કરેલી.સહી કર્યા સિવાય તેઓ બીજું કંઇ જાણતા નથી. આંક–૨૪ ના પંચનામામાં તેમની પંચ નં.૨ તરીકે સહી ઓળખી બતાવેલ છે.

સાહેદને મુદ્દામાલ આર્ટીકલ નં. ૫ આછા રાખોડી રંગનું શર્ટ તેમજ મુદ્દામાલ આર્ટીકલ નં. ૬ આછા રાખોડી કલરનું પેન્ટ તેમજ મુદ્દામાલ નં. ૭ એક સફેદ કલરનું ટપકાવાળું શર્ટ તેમજ મુદ્દામાલ આર્ટીકલ નં. ૮ એક વાદળી કલરનું જીન્સનું પેન્ટ બતાવવામાં આવતાં આવો કોઈ મુદ્દામાલ તેમના રૂબરૂ રજુ થયેલ ન હોવાનુ કે પોલીસ કબજે કરેલ ન હોવાનુ જણાવેલ છે. મુદ્દામાલ આર્ટીકલનં. ૫ થી ૮ ઉપરની આંક–૨૩ વાળી પંચ સ્લીપો બતાવવામાં આવતાં તેની ઉપરની તેમની સહી ઓળખી બતાવેલ છે.

સદર પંચ સાહેદે તેઓ રુબરુ કરવામાં આવેલ આંક–૨૪ ના પંચનામામાં પોતાની સહી હોવાનુ ઓળખી બતાવેલ છે પરંતુ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી જેથી તેમને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે,સદર પંચ સાહેદને હોસ્ટાઇલ જાહેર કર્યા બાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટપાસમાં પણ કોઇ મહત્વની હકીકતને સમર્થન આપેલ નથી જેથી આ પંચ સાહેદ રુબરુ સદર વિગતવારના પંચનામા કરવામાં આવેલ હોય તે હકીકતને સમર્થન મળતુ નથી.સદર સાહેદની બચાવપક્ષે કોઇ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

(૧૮.૫)..ફરીયાદપક્ષે સાહેદ નં.૮ તરીકે આંક–૩૧ થી આરોપીઓએ બનાવ વખતે ઉપયોગમાં લીધેલ હથિયાર બતાવવા માંગતા હોઇ પુરાવા અધિનિયમની કલમ ૨૭ મુજબ હથિયાર કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ રાઠોડ વિક્રમસિંહ રતુસિંહને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં એવુ જણાવેલ છે કે, તા.૨૩/૦૫/૧૮ ના રોજ તેઓ ગોપીનાળા બહાર ઉભા હતા તે વખતે પોલીસ તેમની પાસે આવેલ અને તેમને સહી કરવાનુ કહેતાં તેઓએ સહી કરેલી,પંચનામુ કઇ બાબતનુ હતુ તેની તેમને ખબર નથી.સહી કર્યા સિવાય બીજુ કંઇ જાણતા નથી. તેમની હાજરીમાં પોલીસ કસ્ટડીમાં બે ઇસમો હાજર હોય અને તેમના કહયા મુજબ કોઇ જગ્યાએ ગયેલા હોય અને આરોપીઓએ તેમની હાજરીમાં ગુન્હામાં વાપરેલ મારક હથિયાર રજુ કરેલ હોય તેવુ બનેલ નથી. પંચનામુ બતાવવામાં આવતાં પંચ નં.૧ તરીકે તેમની સહી ઓળખી બતાવી આંક–૩૨ થી પંચનામુ રજુ છે.તેમને મુદ્દામાલ આર્ટીકલ નં. ૯ વાળો ધોકો તથા મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૦ વાળુ ધારીયુ બતાવવામાં આવતાં જોઇને જણાવેલ છે કે આવો કોઇ મુદ્દામાલ તેઓ રૂબરૂ રજુ થયેલ નથી કે પોલીસે કબજે કરેલ નથી. મુદ્દામાલ આર્ટીકલનં. ૯ તથા ૧૦ ઉપરની પંચ સ્લીપોમાં પંચ નં.૧ તરીકે તેમની સહી ઓળખી બતાવી આંક–૩૩ થી રજુ કરેલ છે.

સદર પંચ સાહેદે તેઓ રુબરુ કરવામાં આવેલ આંક–૩૨ ના

પંચનામામાં પોતાની સહી હોવાનુ ઓળખી બતાવેલ છે પરંતુ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી જેથી તેમને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે,સદર પંચ સાહેદને હોસ્ટાઇલ જાહેર કર્યા બાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટપાસમાં પણ કોઇ મહત્વની હકીકતને સમર્થન આપેલ નથી જેથી આ પંચ સાહેદ રુબરુ સદર વિગતવારના પંચનામા કરવામાં આવેલ હોય તે હકીકતને સમર્થન મળતુ નથી.સદર સાહેદની બચાવપક્ષે કોઇ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

(૧૮.૬)..ફરીયાદપક્ષે સાહેદ નં.૯ તરીકે આંક–૩૪ થી આરોપીઓએ બનાવ વખતે ઉપયોગમાં લીધેલ હથિયાર બતાવવા માંગતા હોઇ પુરાવા અધિનિયમની કલમ ૨૭ મુજબ હથિયાર કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ ભીલ વિનોદભાઇ શાંતીલાલને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં એવુ જણાવેલ છે કે,તા.૨૩ /૦૫/૧૮ ના રોજ તેમને પોલીસે મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશનમાં બોલાવેલ અને ત્યાં તેમને સહી કરવાનુ કહેતાં તેઓએ સહી કરેલી,પંચનામુ કઇ બાબતનુ હતુ તેની તેમને ખબર નથી.સહી કર્યા સિવાય બીજુ કંઇ જાણતા નથી. તેમની હાજરીમાં પોલીસ કસ્ટડીમાં બે ઇસમો હાજર હોય અને તેમના કહયા મુજબ કોઇ જગ્યાએ ગયેલા હોય અને આરોપીઓએ તેમની હાજરીમાં ગુન્હામાં વાપરેલ મારક હથિયાર રજુ કરેલ હોય તેવુ બનેલ નથી. આંક–૩૨ નુ પંચનામુ બતાવવામાં આવતાં પંચ નં.૨ તરીકે તેમની સહી ઓળખી બતાવેલ છે.તેમને મુદ્દામાલ આર્ટીકલ નં. ૯ વાળો ધોકો તથા મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૦ વાળુ ધારીયુ બતાવવામાં આવતાં જોઇને જણાવેલ છે કે આવો કોઈ મુદ્દામાલ તેઓ રૂબરૂ રજુ થયેલ નથી કે પોલીસે કબજે કરેલ નથી. મુદ્દામાલ આર્ટીકલનં. ૯ તથા ૧૦ ઉપરની પંચ સ્લીપો આંક–૩૩ માં પંચ નં.૨ તરીકે તેમની સહી ઓળખી બતાવેલ છે.

સદર પંચ સાહેદે તેઓ રુબરુ કરવામાં આવેલ આંક–૩૨ ના પંચનામામાં પોતાની સહી હોવાનુ ઓળખી બતાવેલ છે પરંતુ પંચનામાની હકીકતને

સમર્થન આપેલ નથી જેથી તેમને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે,સદર પંચ સાહેદને હોસ્ટાઇલ જાહેર કર્યા બાદ વિ.એ.પી.પી.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટપાસમાં પણ કોઈ મહત્વની હકીકતને સમર્થન આપેલ નથી જેથી આ પંચ સાહેદ રુબરુ સદર વિગતવારના પંચનામા કરવામાં આવેલ હોય તે હકીકતને સમર્થન મળતુ નથી.સદર સાહેદની બચાવપક્ષે કોઇ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**મહત્વ**

*ક્રિમીનલ કેસમાં કેસની તટસ્થતાને ધ્યાને લઇને પંચનામાની પ્રક્રિયા કરવામાં આવે છે. હાલના કેસમાં ગુનાવાળી જગ્યાનુ પંચનામુ, મુદ્દામાલ રીકવરીનુ પંચનામુ વિગેરે કરવામાં આવે છે જે સંદર્ભે તમામ પંચ સાહેદો હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે પરંતુ તેઓને કાપલી ઉપર અને પંચનામા ઉપરની સહી તેમના દ્વારા સ્વિકારવામાં આવેલ છે તેમજ તપાસ કરનાર અધિકારી દ્વારા સદર પંચનામાને સમર્થન આપવામાં આવેલ છે.ઉપરોકત હકીકતોને કેસના સંજોગોના મૂલ્યાંકનના તબકકે ધ્યાને લેવામાં આવશે.*

**પોલીસ સાહેદોનો પુરાવો અને મહત્વ**

(૧૯)..ફરીયાદપક્ષે સાહેદ નં.૧૬ તરીકે આંક-૪૯ થી પો.સ્ટે.ઓ.વાઘેલા વિપુલકુમાર રમેશભાઇને તપાસવામાં આવેલ છે,તેઓએ પોતાની જુબાનીમાં એવુ જણાવેલ છે કે, ગઈ૨૧/૫/૨૦૧૮ના રોજ તેઓ મહેસાણા તાલુકા પો.સ્ટે.માં પી.એસ.ઓ.તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન પી.એસ.આઈ.શ્રી આઈ.બી.ચૌધરી સાહેબની રુબરુની ફરીયાદ રીપોર્ટ સાથે ગુન્હો રજીસ્ટર કરવા સારુ આવતાં તેઓએ સ્ટેશન ડાયરીના પાના નં.૧૪ તથા ૧૫ ઉપર અનુ. ૨૯ કલાક ૨૨:૦૦ વાગ્યે મહેસાણા તાલુકા પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૮૬/૨૦૧૮ ઈ.પી.કો.૩૦૭, , ૩૨૫, ૩૨૪, ૩૨૩ તથા ૩૪ મુજબ ગુન્હો રજી કરેલ અને આગળની તપાસ ઈ.ચા. પો.ઈન્સ.શ્રી જે.એ.બારોટ સાહેબને ડેપ્યુટ હુકમ કરેલ તેમજ લાગતા વળગતા અધિ.શ્રીઓને મેસેજ કરેલ. સાહેદે

વધુ સરતપાસ દરમિયાન સ્ટેશન ડાયરીના પાના નં.૧૪ તથા ૧૫ ની અસલ ઉપરથી ખરી નકલ આંક-૫૦ થી તથા અસલ ડેપ્યુટ છે જેમાં તેમની સહી ઓળખી બતાવી આંક-૫૧ થી રજુ કરેલ છે.દવાખાના વર્ધિ ઉતારામાં પી.એસ.ઓ. આર.એમ.સોલંકીની સહી ઓળખી બતાવી આંક ૫૨ થી તેમજ સીરીયસ ગુન્હાનો રીપોર્ટ તેમાં તેમની સહી ઓળખી બતાવી આંક ૫૩ થી, પો.અધિ.શ્રી મહેસાણા ને ગુન્હાની વિજીટેશમાં કરેલ ફેકસ મેસેજ માં તેમની સહી ઓળખી બતાવી આંક ૫૪ થી, પો.અધિ.શ્રી મહેસાણાને ગુન્હાવાળી જગ્યાએ એફ.એસ.એલ.વાન મોકલી આપવા કરેલ રીપોર્ટ માં તેમની સહી ઓળખી બતાવી આંક ૫૫ થી રજુ કરેલ છે.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્ટેશન ડાયરીમાં તેઓએ ક.૨૨:૦૦ વાગ્યે ગુન્હાની એન્ટ્રી કરેલ હોવાનુ જણાવેલ છે. એ વાત કબુલ રાખેલ છે કે સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી લેખીત ફરીયાદ આધારે કરેલ હતી. એ વાત કબુલ રાખેલ છે કે આંક-૫૧ ડેપ્યુટ હુકમમાં આઈ.પી.સી.કલમ ૩૨૬ લખેલ નથી. એ વાત કબુલ રાખેલ છે કે આંક-૫૪ તથા ૫૫ વાળો ફેકસ મેસેજ તથા એફ.એસ.એલ.વાન માટે કરેલ રીપોર્ટ જે સીરીયસ ગુન્હામાં કરવામાં હોય છે તેથી કરેલો. એ વાત કબુલ રાખેલ છે કે આઈ.પી.સી.કલમ ૩૦૭, ૩૨૬ મુજબનો ગુન્હો હોય તો તેમાં ફેકસ મેસેજ તથા એફ.એસ.એલ.વાન મોકલવાનો રીપોર્ટ કરવાનો હોય છે. એ વાત કબુલ રાખેલ છે કે કોઈપણ પ્રકારની મેસેજ મોકલવાની કાર્યવાહી કોમ્પ્યુટર ઓપરેટર કરતા હોય છે. એ વાત કબુલ રાખેલ છે કે તેઓએ ફરીયાદ દાખલ કરેલ તથા ડેપ્યુટ હુકમ કરેલ તથા ફેકસ મેસેજ કરેલ તે સિવાયની અન્ય કોઈ કામગીરી કરેલ નથી. એ વાત કબુલ રાખેલ છે કે કોમ્પ્યુટર ઓપરેટરને મેસેજ કરવા માટેની જે સમજ આપીએ તેની કાગળ ઉપર નોંધ કરવામાં આવતી નથી.

(૧૯.૧)..ફરીયાદપક્ષે સાહેદ નં.૧૭ તરીકે આંક-૫૮ થી ત.ક.અમલદાર પટેલ મીનાક્ષીબેન વા/ઓ જગદીશભાઇને તપાસવામાં આવેલ છે,તેઓએ પોતાની જુબાનીમાં એવુ

જણાવેલ છે કે, ગઈ તા.૨૮/૫/૨૦૧૮ના રોજ તેઓ મહેસાણા તાલુકા પો.સ્ટે.માં પી.એસ.આઈ..તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન પી.એસ.ઓ.શ્રીએ તેમને ફોનથી જાણ કરેલ કે અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં દર્દી નામે પટેલ જયંતીભાઈ રામદાસની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ ભરવાનુ હોય તેથી ત્યાં જઈ યોગ્ય કાર્યવાહી કરવી. દરમિયાન તેઓ અમદાવાદ સીવીલમાં દવાખાના વર્ધી સાથે ગયેલા અને મરણજનારના સગાની પુછપરછ કરતાં મરણજનારની લાશ પી.એમ.રુમમાં પડેલ હોય જેનું પી.એમ.કરવા સારુ એમ.ઓ.શ્રી સીવીલ હોસ્પિટલ અમદાવાદને રીપોર્ટ કરેલ તેમજ મરણોત્તર ફોર્મ સાથે પી.એમ. સારુ લાશ મોકલી આપેલ. તેમજ ઈન્કવેસ્ટ ભરવા સારુ એકજી.મેજી.શ્રી અમદાવાદને રીપોર્ટ કરેલ અને બે પંચોને બોલાવેલ અને પંચોની હાજરીમાં તથા એકજી.મેજી.શ્રીની હાજરીમાં પંચોના લખાવ્યા મુજબ લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ ભરી નીચે પંચોની સહી લીધેલ અને રુબરુમાં તેઓએ સહી કરેલ.આંક–૨૫ વાળુ ઈન્કવેસ્ટ પંચનામુ બતાવવાં આવતાં તે જ હોવાનુ જણાવેલ છે.બાદમાં લાશનો કબ્જો મરણનારના સગાને સોપી પાવતી મેળવેલ. સાહેદે વધુ સરતપાસ દરમિયાન આંક–૧૧ થી રજુ મરણજનારનું પેનલ ડો.શ્રી પી.એમ.કરવા સારુ કરેલ રીપોર્ટ નીચે તેમની સહી ઓળખી બતાવેલ છે. તેમજ મરણોત્તર ફોર્મની સ્થળ પ્રતમાં તેમની સહી ઓળખી બતાવી આંક ૫૯ થી તથા એકજી.મેજી.શ્રી ઘીકાંટા અમદાવાદનાઓને લાશનું ઈન્કવેસ્ટ ભરવા સારુ કરેલ રીપોર્ટમાં તેમની સહી ઓળખી બતાવી આંક–૬૦થી રજુ કરેલ છે.વધુ સરતપાસમાં જણાવેલ છે કે તે દિવસે પો.સ્ટે.આવી તેમની તપાસના કાગળો જે તે તપાસ કરનાર અમલદાર શ્રી જે.એ.બારોટ સાહેબને સોપેલ.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાતનો ઈન્કાર કરેલ છે કે ઈન્કવેસ્ટ પંચનામાના પંચોને મરણજનારના દિકરાએ બોલાવેલ. તેઓએ પંચોને સીવીલ હોસ્પિટલ અમદાવાદની આજુબાજુથી તેમની સાથેના રાઈટરે બોલાવેલ

હતા. સાહેદે વધુ ઉલટતપાસમાં "મરણજનારનું મૂળ વતન છઠીયારડા ગામ હતુ. તમને જાણ છે. " તે પ્રશ્નના જવાબમાં જણાવેલ છે કે, "પંચનામાં મૂળ વતન જણાવેલ નથી જેથી હુ કહી શકુ નહી. "એ વાત કબુલ રાખેલ છે કે પંચોનુ મૂળ વતન છઠીયારડા ગામ હતુ પરંતુ પંચો હાલ રહે. અમદાવાદના છે. એ વાત કબુલ રાખેલ છે કે આંક-૨૫ વાળા ઈન્કવેસ્ટ પંચનામા એકજી.મેજી.શ્રી હાજર હોય કે તેઓની તેમાં તેઓની સહી હોય તેવો કોઈ જગ્યાએ ઉલ્લેખ થયેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે ઈન્કવેસ્ટ પંચનામુ પંચોએ લખાવેલ તે મજુબ પંચનામુ લખેલ તેઓએ જાતે કોઈ જગ્યાએ જોએલ નહી. એ વાત કબુલ રાખેલ છે કે મરણનારની ઈજાઓનું માપ ડોકટરશ્રીની હાજરીમાં તેમના કહેવા મુજબ લખેલ હતુ. એ વાત કબુલ રાખેલ છે કે આખા પંચાનામા દરમ્યાન ડોકટરશ્રી હાજર હતા તેવો કોઈ જગ્યાએ ઉલ્લેખ કરેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તૈયાર પંચનામા માં પંચોની સહીઓ લીધેલ હતી.

(૧૯.૨)..ફરીયાદપક્ષે સાહેદ નં.૧૮ તરીકે આંક-૬૨ થી ત.ક.અમલદાર ચૌધરી ઈશ્વરભાઈ બાબુભાઈને તપાસવામાં આવેલ છે,તેઓએ પોતાની જુબાનીમાં એવુ જણાવેલ છે કે, ગઈ ૨૧/૫/૨૦૧૮ના રોજ તેઓ મહેસાણા તાલુકા પો.સ્ટે.માં પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન ઈ.ચા. પો.ઈન્સ.શ્રીનાઓના હુકમના આધારે તથા દવાખાના વર્ધી નં.૧૬૩/૧૮ના કામે અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં મારામારીના કેસમાં ઈજા પામનાર જયંતિભાઈ રામદાસ પટેલ અમદાવાદ સીવીલ હોસ્પીટલમાં દાખલ હોય અને જેઓ ભાનમાં ન હોય તેમના દિકરા રોહિતભાઈ જયંતિભાઈ પટેલ ઉ.વ.૩૦ ધંધો પ્રાઈવેટ નોકરી રહે. ૧૨, પુષ્પવાટીકા સોસાયટી તીરૂપતિ શાહીબાગની બાજુમાં રાધનપુર રોડ મહેસાણાનાઓને બનાવ અંગે હકિકત પુછતાં તેઓએ તેઓ રુબરુ ફરીયાદ જાહેર કર્યા મુજબ તેમના લખાવ્યા મુજબ તેઓએ તેમના હસ્તાક્ષરમાં લખી લીધેલ અને ફરીયાદ નીચે ફરીયાદીની સહી લીધેલ અને રુબરુ તરીકે પોતે સહી કરેલ. તેમને આંક-૩૬વાળી ફરીયાદ બતાવવામાં આવતાં

તેમાં લખેલ હકિકત તેમની રુબરુમાં ફરીયાદીએ જણાવેલ અને તેઓના કહેવા પ્રમાણે નોંધ કરવામાં આવેલ ફરીયાદ નીચે ફરીયાદીની સહી તેમની હાજરીમાં કરેલ છે જે રુબરુ તરીકે પોતે સહી કરેલ જે સહી ઓળખી બતાવેલ છે. સદરહું ફરીયાદ સાથેના કાગળો તેઓએ પી.એસ.ઓ.શ્રીને ગુન્હો રજીસ્ટર કરવા સારુ રીપોર્ટ કરેલ હતો. સાહેદે વધુ સરતપાસમાં જણાવેલ છે કે ત્યારબાદ દર્દીના બ્લડ સેમ્પલ લેવા સારુ એમ.ઓ.શ્રી સીવીલ હોસ્પિટલ અમદાવાદને રીપોર્ટ કરેલ જે બ્લડ સેમ્પલ સીલ બંધ હાલતમાં મેળવેલ જે તપાસ કરનાર અમલદારને સોપેલ. ત્યારબાદ દર્દી ભાનમાં ન હોય તેનું ડી.ડી.લેવા સારુ મેડીકલ ઓફિસરશ્રીને દર્દી ભાનમાં આવે તો તેઓને જાણ કરશો તે અંગેનો રીપોર્ટ કરશો. ત્યારબાદ એકજી.મેજી.ઘી કાંટા અમદાવાદનાઓને દર્દીનું ડી.ડી. લેવા સારુ રીપોર્ટ કરેલ.ત્યારબાદ દર્દીની શરીર સ્થિતિ તથા તેઓએ બનાવ સમયે પહેરેલ કપડાંનું બે પંચોને બોલાવી પંચોની હાજરીમાં પંચોના લખાવ્યા મુજબ પંચનામુ લખી લઈ અંતે પંચોની સહી લઈ રુબરુ તરીકે પોતે સહી કરેલ. આંક–૨૭વાળુ પંચનામુ પંચોના લખાવ્યા મુજબ લખી લીધેલ અને નીચે તેમની સહી લીધેલ તથા રુબરુ તરીકે તેઓની સહી કરેલ જે ઓળખી બતાવેલ છે.તેઓએ પંચનામાના રૂએ દર્દીના કપડાં કબ્જે કરેલ જે મુદામાલ આર્ટીકલ નં.૩ તથા ૪ શર્ટ તથા પેન્ટ બતાવવામાં આવતાં તેમની હાજરીમાં કબજે લેવામાં આવેલ હોવાનુ ઓળખી બતાવેલ છે. દર્દીનું બ્લડ લેવા સારુ એમ.ઓ.શ્રી સીવીલ હોસ્પિટલ અમદાવાદને કરેલ રીપોર્ટ ની ઓફીસ કોપી આંક–૬૩ રજુ કરી તેમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે.સાહેદે વધુ સરતપાસ દરમિયાન દર્દી ના બ્લડનો રીપોર્ટ તેઓએ મેળવેલ અને તપાસના કામે સામેલ રાખેલ જે આંક–૬૪ થી તથા એમ.ઓ.શ્રી સીવીલ હોસ્પિટલ અમદાવાદને દર્દી ભાનમાં આવ્યાથી જાણ કરવા કરેલ રીપોર્ટ આંક–૬૫ તથા એકજી.મેજી.શ્રી ઘીકાંટા કોર્ટ અમદાવાદ શહેરનાઓને દર્દીનું ડી.ડી.લેવા સારુ કરેલ રીપોર્ટની ઓ.સી. આંક–૬૬ થી રજુ કરી તેમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. સાહેદે વધુ સરતપાસ દરમિયાન તેઓએ ધર્મેન્દ્રકુમાર જયંતિભાઈ રામદાસ પટેલ તથા પટેલ ચંદ્રકાંતભાઈ

વિસાભાઈ તથા વિષ્ણુભાઈ જીવરામભાઈ પટેલનાઓના બનાવ અનુસંધાને નિવેદન લીધેલા. સદર કામના કાગળો તેઓએ આઈ.ઓ.શ્રી જે.એ.બારોટ સાહેબને સોપેલા. સાહેદે વધુ સરતપાસ દરમિયાન ગુન્હો રજીસ્ટર કરવા સારુ કરેલ રીપોર્ટ આંક-૬૭ થી રજુ કરી તેમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે આ કોગ્નીઝેબલ ગુન્હાની જાણ તેમને તા.૨૧/૫/૨૦૧૮ના રોજ બપોરના આશરે ૧૧:૦૦ થી ૧૨:૦૦ વચ્ચે થયેલ હતી. સદર ગુન્હાની જાણ ઈન્ચા.પી.આઈ.શ્રીએ તેમને ગુન્હાની જાણ કરતો હુકમ કરેલ જેથી હુ અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં ગયેલ હતા. સીવીલ હોસ્પીટલ અમદાવાદમાં તેઓ તથા તેમની સાથે એક પોલીસના માણસ સાથે ખાનગી વાહનમાં ગયેલ હતા. તેમને ઈ.ચા.પી.આઈ.શ્રીએ અમદાવાદ મુકામે સીવીલ હોસ્પીટલમાં જવાનુ છે તેવી હુકમમાં જાણ કરેલ હતી. તેમને લેખીત હુકમ કરેલ હતો. તેમને હુકમમાં દવાખાના વર્ધીના આધારે જયંતિભાઈ રામદાસ પટેલને ઈજા થયેલ છે અને અમદાવાદ સીવીલમાં દાખલ છે તે આધારે ગયેલ હતા.

વધુ ઉલટતપાસમાં સાહેદે " તમને લેખીત હુકમ કરેલ તે સદર કામે રજુ કરેલ છે ? " પ્રશ્નના જવાબમાં જણાવેલ છે કે "મને ઈ.ચા.પી.આઈ.શ્રીએ મૌખિક હુકમ કરેલ હતો પરંતુ દવાખાના વર્ધી મને આપવામાં આવેલ હતી." તેમજ "તમને જે દવાખાનાની વર્ધી આપવામાં આવેલ તે સદર કામે રજુ છે ? " પ્રશ્નનો જવાબ " નથી " તેમ આપેલ છે તેમજ "તમારી પાસે લેખીત વર્ધી ન હોવા છતાં તમે અમદાવાદ સીવીલ હોસ્પી.માં કયા આધારે ગયેલ હતા ? " પ્રશ્નના જવાબમાં "મારી કેસ ડાયરીમાં દવાખાના ટેલીફોનીક વર્ધી નં.૧૬૩/૧૮થી ઉલ્લેખ થયેલ છે. તેમજ ઈ.ચા.પી.આઈ.શ્રીના મૌખિક હુકમ આધારે અમો અમદાવાદ સીવીલ

હોસ્પિટલમાં ગયેલ હતા. " તેવો જવાબ આપેલ છે.

વધુ ઉલટતપાસમાં એ વાત કબુલ રાખેલ છે કે, સીવીલ હોસ્પિટલ તરફથી મહેસાણા પોલીસ સ્ટેશનને જે જાણ કરેલ અને તેની જે નોંધ કરેલ તે વર્ધી છે. તેઓ તથા તેમના પોલીસના માણસ અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં કેટલા વાગ્યે પહોચેલ તે ચોકકસ સમય તેમને યાદ નથી. એ વાત કબુલ રાખેલ છે કે અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં કાઉન્ટર ઉપર પુછેલ ત્યારબાદ તેમને જાણ થયેલ કે દર્દી કયા વોર્ડમાં છે તેની જાણ થયેલ હતી. એ વાત કબુલ રાખેલ છે કે અમદાવાદ સીવીલમાં જે વોર્ડમાં ગયા ત્યા બીજા ઘણા દર્દીઓ દાખલ થયેલ હતા. જયંતિભાઈ વોર્ડમાં કયા નંબરના ખાટલા હતા તેની નોંધ પંચનામામાં ખાટલા નં.૧ અને વોર્ડ નં.૮/સી.માં હતા તે દર્શાવેલ છે. જયંતિભાઈ રામદાસ પટેલની સાથે તે વખતે બીજા બે માણસો હાજર હતા. તેમાં એક તેમનો દિકરો તથા બીજુ એક તેમના દૂરના સગા સંબધી હતા. તે દુરના સંબધી કોણ હતા તેમનું નામ યાદ નથી. રોહિતભાઈની જે ફરીયાદ લીધેલ તે સીવીલ હોસ્પિટલમાં ખાટલા પાસે લીધેલ હતી. સદર ફરીયાદ તેઓએ તેમના હસ્તાક્ષરમાં લખેલ હતી. તેઓએ બનાવની હકિકત પુછેલ અને તેમણે તેમની હકિકત જણાવેલ. તેઓ પુછતા હતા અને ફરીયાદી જવાબ આપતા અને તે તેઓ લખતા હતા. આવુ કેટલી વાર પુછેલ તે તેમને ચોકકસ યાદ નથી. તેઓએ ઘણી વખત પુછેલ હતુ. ફરીયાદ લખવામાં આશરે અડધાથી પોણો કલાક જેટલો સમય લાગેલ હતો. તેઓએ રોહિતભાઈને ફરીયાદ વાંચી સંભળાવી બાદમાં તેમની સહી લીધેલ હતી. એ વાત કબુલ રાખેલ છે કે આ ફરીયાદ ઉપર કેમ્પ સીવીલ હોસ્પિટલ અમદાવાદ તેમ લખેલ છે. એ વાત કબુલ રાખેલ છે કે આખી ફરીયાદમાં ફરીયાદ કેટલા વાગ્યે લીધેલ અને કેટલા વાગ્યે પુરી કરેલ તેનો સમય દર્શાવેલ નથી. એ વાત કબુલ રાખેલ છે કે તેઓએ જયારે ફરીયાદ લીધેલ ત્યારે જયંતિભાઈ રામભાઈ સંપૂર્ણ બેભાન હતા. એ વાત કબુલ રાખેલ છે કે ફરીયાદ લેતા પહેલા પ્રથમ ડોકટરને મળેલ અને તેઓએ જયંતિભાઈ અન કોન્સીયસ છે તેવુ જણાવેલ હતુ. ડોકટરશ્રીએ દર્દી

અનકોન્સીયસ છે તેવુ ડોકટરશ્રીએ મૌખિક જણાવેલ હતુ. તે સમયે દરદી બેભાન થવા બાબતે કોઈ ડોકટર પાસે લેખીત લખાણ મેળવેલ નથી. ફરીયાદ લેતી વખતે જયંતિભાઈ જે ખાટલા હતા ત્યા બીજા કોઈ માણસો આવતા જતા ન હતા ફકત તેમનો દિકરો હાજર હતો. જે સમયે તેઓ ત્યાં પહોચેલ અને જેટલા સમય સુધી ફરીયાદ લીધેલ તે દરમ્યાન ત્યાં કોઈ સ્ત્રીની હાજર ન હતી. તેઓએ તા.૨૧/૫/૧૮ના રોજ ફરીયાદીની ફરીયાદ લીધેલ તથા દર્દીના બ્લડ સેમ્પલ લીધેલ હતુ. બ્લડ સેમ્પલ તેઓએ જે મેડીકલ ઓફિસરશ્રીને દર્દીને બ્લડ સેમ્પલ લેવા સારુ યાદી કરેલ તે ડોકટરશ્રી પાસે મેળવેલ હતુ. બ્લડ સેમ્પલ પેક કવરમાં આવેલ હતુ. તે કેટલુ હતુ તે હુ કહી શકુ નહી. યાદીમાં બ્લડ સેમ્પલ કેટલુ આપો તે જણાવેલ ન હતુ. બ્લડ સેમ્પલ તેઓએ ડોકટરશ્રીને યાદી આપેલ ત્યારબાદ તેમણે જયા બ્લડ કલેકટ કરેલ તે ટેબલ ઉપર રુમમાં આપેલ હતુ. બ્લડ સેમ્પલ માટે યાદી ફરીયાદ લીધા બાદ યાદી આપેલ હતી. બ્લડ સેમ્પલની યાદી તેઓએ ડોકટરશ્રીના તેમની ચેમ્બરમાં આપેલ હતી. યાદી આપ્યા બાદ આશરે અડધા કલાક પછી બ્લડ સેમ્પલ આપેલ હતુ.

સાહેદની વધુ ઉલટ સવાલ જવાબ સ્વરૂપની હતી તેમાં નીચે મુજબ જણાવેલ છે,

સવાલ–બ્લડ સેમ્પલની સાથે રીપોર્ટ કોને ઉદેશી આપેલ હતુ ?

જવાબ– પોલીસ ઈન્સ.શ્રી મહેસાણાને ઉદેશી આપેલ હતુ.

એ વાત કબુલ રાખેલ છે કે બ્લડ સેમ્પલ લેવા માટેની યાદી મારી વિવેક બુધ્ધીથી આપેલી મને કોઈએ સુચના આપેલ ન હતી.

સવાલ– વિવેક બુધ્ધી તમે કેમ વાપરેલ જયારે વ્યકિત મરણ પામેલ ન હતો.

જવાબ– સદર બનાવ ગંભીર હતો અને ગંભીર બનાવના ભાગરુપે ભોગ બનનારનુ બ્લડ સેમ્પલ લેવુ આવશ્યક હોય છે.

સવાલ– અમદાવાદથી ફરીયાદ લીધા બાદ મહેસણા કેટલા વાગ્યે પરત આવવા માટે નીકળેલ હતા.

જવાબ– આશરે સાડા આઠ વાગ્યે.

સવાલ– મહેસાણા પોલીસ સ્ટેશન કેટલા વાગ્યે પહોચેલા.

જવાબ– આશરે સાડા નવ વાગ્યે.

સવાલ– સાડા નવ વાગ્યે પોલીસ સ્ટેશન પહોચ્યા બાદ ફરીયાદ તથા બ્લડ સેમ્પલ કોને કેટલા વાગ્યે આપેલ.

જવાબ– રાત્રીના પોણા દશ વાગ્યે પી.આઈ.શ્રીને મળ્યા બાદ પી.એસ.ઓ.શ્રી ને આપેલ હતુ.

સવાલ– ફરીયાદ તથા બ્લડ સેમ્પલ તમે યાદી સાથે આપેલ હતુ.

જવાબ– મે બ્લડ સેમ્પલ ફરીયાદની સાથે પી.એસ.ઓ.શ્રીને આપેલ હતુ. સામાન્ય પણે અમોએ મુદામાલ અને ફરીયાદ વિગેરે તપાસના ભાગરુપે પી.એસ.ઓ.શ્રીને સોપેલ પરંતુ તેના કોઈ કાગળ અમારી પાસે હોતો  નથી પરંતુ ગુન્હો રજીસ્ટર કરવા સારુ યાદી આપીયે છીએ.

સવાલ– બ્લડ સેમ્પલની તમે કોઈ યાદી પી.એસ.ઓશ્રીની પાસે કોઈ યાદી મેળવેલ હતી.

જવાબ– ના.

સવાલ– બ્લડ સેમ્પલ અને ફરીયાદની સ્ટેશન ડાયરીમાં પી.એસ.ઓ.શ્રીએ યાદી કરેલ તેની તમારી હાજરીમાં પી.એસ.ઓ.શ્રીએ નોંધ કરેલ હતી.

જવાબ– પી.એસ.ઓ.એ તેની નોંધ કરવાની હોય છે પરંતુ તે સમયે અમારી હાજરી જરુરી હોતી નથી.

સવાલ– એકવીશ તારીખ પછી તમે તપાસમાં મુદામાલ આ બ્લડ સેમ્પલ બાબતે તમે જોએલ હતી.

જવાબ– મે સંપૂર્ણ કાગળો જોએલ નથી.

સાહેદે વધુ ઉલટતપાસમાં જણાવેલ છે કે ગુન્હો રજીસ્ટર થયા બાદ પી.આઈ.શ્રી એ તા.૨૨/૫/૧૮ના રોજ મને લેખીત યાદી આપેલ હતી તેમાં સમય દર્શાવેલ નથી. તા. ૨૨/૫/૧૮ ના રોજ અમદાવાદ સીવીલ હોસ્પીટલમાં મહેસાણાથી બપોરના આશરે એક વાગ્યે નીકળેલ હતા. અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં આશરે બપોરના અઢી વાગ્યે પહોચેલ હતા. તેઓ રેકર્ડ જોઈને જોઈને જણાવે છે કે બપોરના સાડા બાર વાગ્યે પહોચેલ હતા. તા.૨૨/૫/૧૮ના રોજ પંચનામુ કરવા સારુ તેમની સાથે પોલીસવાળા હતા તે બોલાવી લાવેલ હતા. પંચો દશેક મીનીટમાં આવેલ હતા. એ વાત કબુલ રાખેલ છે કે બંને પંચો મહેસાણા જીલ્લાના વતની છે. એ વાત કબુલ રાખેલ છે કે બંને પંચો ટ્રોમા સેન્ટરમાં ૯/સી માં આવેલ હતા. વધુ ઉલટતપાસમાં સાહેદે " દર્દીના કપડાં તમારી રુબરુમાં બદલાવેલ હતા. " પ્રશ્નનો જવાબ "ના. " માં આપેલ છે.

એ વાત કબુલ રાખેલ છે કે,રોહિતભાઈએ કપડાં રજુ કરેલ હતા તેમણે કહેલ કે આ લોહીવાળા કપડાં મારા પિતાજીના છે. પંચનામુ તેમની સાથેના પોલીસના માણસે લખેલ હતુ. તેઓ બોલતા હતા અને તેમની સાથેના પોલીસવાળા પંચનામુ લખતા હતા. તા.૨૨/૫/૧૮ના રોજ ધર્મેન્દ્રકુમારનું નિવેદન સીવીલ હોસ્પિટલમાં પંચનામુ કર્યા બાદ લીધેલ હતુ.

એ વાત કબુલ રાખેલ છે કે, ધર્મેન્દ્રકુમારે તેમના નિવેદનમા એવી હકિકત લખાવેલ છે કે '' હુ તરત જ સુરતથી અમદાવાદ આવવા નીકળેલ અને બપોરના અઢી વાગ્યે અમદાવાદ સીવીલમાં આવેલ અને ત્યારે મારા પિતાને જોતા તેઓ બેભાન હતા અને બનાવ બાબતે મારી માતાને પુછપરછ કરતા તેઓએ જણાવેલ કે,"ગઈ કાલે

હુ ઘરે હાજર હતી અને રોહિત તથા  મીનાક્ષી સુતેલા હતા અને તારા પપ્પા દૂધ લેવા સારુ ઘરેથી સાડા છ વાગ્યે નીકળેલા થોડીવાર પછી આપણા પાડોશી પ્રજાપતિ નરેન્દ્રભાઈ બાબભાઈ આવેલા અને બુમપાડી જણાવેલ કે જયંતિભાઈને તીરુપતિ ટાઉનશીપના ગેઈટ સામે રાવળ બાબુભાઈ લવજીભાઈ તથા પોપટભાઈ બાબુભાઈએ ધારીયા તથા લાકડીથી મારેલ છે તેમ જણાવતા હુ તરત જ તીરુપતી ટાઉનશીપના મેઈન ગેઈટ આગળ ગયેલી અને મે જોએલ તો તારા પપ્પા જમીન ઉપર ઉધા પડેલ હતા જેથી મે તેઓને સીધા કરેલ હતા અને જોએલ તો લોહી લુહાણ થઈ ગયેલ હતા અને માથામાં અને બંને હાથે તથા શરીરે ગંભીર ઈજા થયેલ હતી અને મે બુમાબુમ કરતાં આજુમાંથી માણસો આવી જતાં અને તે બાદ રોહિત પણ આવેલ હતો''.

ચંદ્રકાન્તભાઈ વિસાભાઈ પટેલનું તેઓએ નિવેદન અમદાવાદ સીવીલમાં લીધેલ હતુ.

એ વાત કબુલ રાખેલ છે કે,ચંદ્રકાન્તભાઈ વિસાભાઈ પટેલે તેમના નિવેદનમાં એવી હકિકત લખાવેલ છે કે '' હુ બોકરવાડાથી નીકળી મહેસાણા સીવીલ હોસ્પિટલમાં આવેલ અને જોએલ તો મારા સસરાને માથામાં તથા બંને હાથે તથા શરીરે ઈજાઓ થયેલ હતી. ડોકટર સાહેબે સારવાર કરી મહેસાણા સીવીલમાંથી અમદાવાદ સીવીલમાં ટ્રાન્સફર કરતાં અમદાવાદ સીવીલ લઈ જવા રવાના થયેલા દરમ્યાન રસ્તામાં મારા સાળા રોહિતે મને વાત કરેલ કે,"હુ તથા મારી બેન તથા મારી માતા ઘરે હાજર હતા દરમ્યાન મારા પડોશી નરેન્દ્રભાઈ બબાભાઈ માર ઘરે આવેલા અને બુમ પાડી જણાવેલ કે જયંતિભાઈને તિરુપતી શાહીબાગના મેઈન ગેઈટ સામે રાવળ બાબુભાઈ લવજીભાઈ તથા રાવળ પોપટભાઈ બાબુભાઈએ ધારીયા તથા લાકડીથી મારેલ છે તેમ જણાવતાં મારી મમ્મી દોડતી તીરૂપતિ શાહીબાગ સોસાયટીના મેઈન ગેઈટ ગયેલી અને થોડીવાર પછી હુ પણ ત્યાં ગયેલો અને જોએલ તો મારા પપ્પા લોહીલુહાણ હાલતમાં પડેલ હતા''.

એ વાત કબુલ રાખેલ છે કે,તા.૨૨/૫/૧૮ના રોજ વિષ્ણુભાઈ જીવરામભાઈ પટેલનું તેઓએ નિવેદન અમદાવાદ સીવીલમાં લીધેલ હતુ.

એ વાત કબુલ રાખેલ છે કે,વિષ્ણુભાઈ જીવરામભાઈ પટેલે તેમના નિવેદનમા એવી હકિકત લખાવેલ છે કે ''આજરોજ હુ સવારના સુરતથી અમદાવાદ મારા જીજાજીની ખબર પુછવા આવેલ ત્યારે મારા બનેવીને જોતાં તેઓ બેભાન હતા અને મે બનાવ બાબતે મારી બેનને પુછપરછ કરતાં તેઓએ જણાવેલ કે," ગઈ કાલ હુ મારા ઘરે હાજર હતી અને રોહિત અને મીનાક્ષી સુતેલ હતા મારા પતિ દૂધ લેવા સારુ ઘરેથી સાડા છ વાગ્યે નીકળેલા થોડીવાર પછી અમારા પાડોશી પ્રજાપતિ નરેન્દ્રભાઈ બબાભાઇ આવેલા અને બુમપાડી જણાવેલ કે જયંતિભાઈને તીરુપતિ ટાઉનશીપના ગેઈટ સામે રાવળ બાબુભાઈ લવજીભાઈ તથા પોપટભાઈ બાબુભાઈએ ધારીયા તથા લાકડીથી મારેલ છે તેમ જણાવતા હુ તરત જ દોડતી તીરુપતી ટાઉનશીપના મેઈન ગેઈટ આગળ ગયેલી અને મે જોએલ તો મારા પતિ ઉધા જમીન ઉપર પડેલ હતા અને મે સીધા કરેલ હતા અને જોએલ તો લોહી લુહાણ થઈ ગયેલ હતા અને માથામાં અને બંને હાથે તથા શરીરે ગંભીર ઈજા થયેલ હતી અને મે બુમાબુમ કરતાં બાજુમાંથી માણસો આવી જતાં અને તે બાદ રોહિત પણ આવેલ હતો''.

એ વાત કબુલ રાખેલ છે કે,તા.૨૨/૫/૧૮ પછી તેઓએ કોઈ તપાસ કરેલ નથી. એ વાતનો ઇન્કાર કરેલ છે કે તેઓએ ફરીયાદ રોહિતભાઈના કહેવા મુજબ લખેલ નથી પરંતુ તેમની જાતે લખી લીધેલ છે. એ વાતનો ઇન્કાર કરેલ છે કે આંક–૨૭ વાળુ પંચનામુ તૈયાર પંચનામામાં પંચોની સહી લીધેલ હતી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે બ્લડ સેમ્પલ તરીકે લાવેલ લોહી લાવેલ તે તેઓએ પી.એસ.ઓ.શ્રી ને આપેલ નથી. એ વાત કબુલ રાખેલ છે કે, તેઓએ ડોકટર પાસે જે બ્લડ સેમ્પલ મેળવેલ તે સંબધે કોઈ પંચનામુ કરેલ નથી.

(૧૯.૩)..ફરીયાદપક્ષે સાહેદ નં.૧૯ તરીકે આંક–૬૮ થી ત.ક.અમલદાર શ્રી જયદીપભાઇ

અમીતભાઈ બારોટને તપાસવામાં આવેલ છે,તેઓએ પોતાની જુબાનીમાં એવુ જણાવેલ છે કે,ગઈ ૨૧/૫/૨૦૧૮ના રોજ તેઓ મહેસાણા તાલુકા પો.સ્ટે.માં પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન મહેસાણા સીવીલ હોસ્પીટલમાંથી વર્ધી આવતા પો.સબ.ઈન્સ. આઈ.બી.ચૌધરી શ્રીનાઓને મૌખિક હુકમના આધારે દવાખાના વર્ધી નં.૧૬૩/૧૮ના કામે અમદાવાદ સીવીલ હોસ્પિટલ માં જઈ મારામારીના કેસમાં ઈજા પામનાર જયંતિભાઈ રામદાસ પટેલ અમદાવાદ સીવીલ હોસ્પીટલમાં દાખલ હોય તેઓની રૂબરૂ જઈ ફરીયાદ લેવાનુ જણાવતા તેઓ અમદાવાદ સીવીલ હોસ્પીટલમાં ગયેલ પરંતુ ઈજા પામનાર ભાનમાં ન હોય તેમના દિકરા રોહિતભાઈ જયંતિભાઈ પટેલ ઉ.વ.૩૦ ધંધો પ્રાઈવેટ નોકરી રહે. ૧૨, પુષ્પવાટીકા સોસાયટી તીરૂપતિ શાહીબાગની બાજુમાં રાધનપુર રોડ મહેસાણાનાઓને બનાવ અંગે હકિકત પુછતાં તેઓએ તેમના રુબરુ ફરીયાદ જાહેર કર્યા મુજબ તેમના લખાવ્યા મુજબ તેમણે તેમના હતાસ્ક્ષરમાં લખી લીધેલ અને ફરીયાદ નીચે ફરીયાદીની સહી લીધેલ અને રુબરુ તરીકે તેમની સહી કરેલ. સાહેદે વધુ સરતપાસમાં જણાવેલ છે કે સદરહું ફરીયાદ સાથેના કાગળો તેઓએ પી.એસ.ઓ.શ્રીને ગુન્હો રજી.કરવા સારુ રીપોર્ટ કરેલ હતો. જે પી.એસ.ઓ.શ્રીએ સ્ટેશન ડાયરીમાં ફર્સ્ટ ગુ.ર.નં. ૮૬/૧૮ ઈ.પી.કો.ક ૩૦૭,૩૨૫,૩૨૪,૩૨૩ અને ૩૪ મુજબ રજીસ્ટર કરી ગુનાની તપાસ સંભાળવા સારૂ ડેપ્યુટ હુકમ કરેલ જેના આધારે તેઓએ તપાસના કાગળો સંભાળી લીધેલ બાદ ઈજા પામનાર જયંતિભાઈ બ્લડ સેમ્પલ લેવડાવેલ તેમજ એજયુ. મેજી. સા. અમદાવાદ સાહેબને ડી.ડી. લેવા સારૂ રીપોર્ટ કરેલ બાદ, ઈજા પામનારનુ શરીર સ્થિતિનુ પંચનામુ બે પંચો બોલાવી બે પંચોની હાજરીમાં પો.સ.ઈન્સ આઈ.બી.ચૌધરી સાહેબે લખી લઈ નીચે પંચોની સહી લઈ રૂબરૂમાં તેઓની સહી કરેલ.

સાહેદે વધુ સરતપાસમાં જણાવેલ છે કે ત્યારબાદ ગુનાવાળી જગ્યાની તપાસ કરી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલુ જેમાં પંચોની તથા તેઓની સહીઓ

કરેલી જેમાં એફ.એસ.એલ. અધિકારી વી.એસ. કાપુરે નાઓએ લોહી વાળી માટી તથા કંટ્રોલ માટી આપવા પંચનામા વિગતે સીલ કરેલ.ત્યારબાદ એફ.એસ.એલમાં મોકલાવેલ.ત્યારબાદ સાહેદ પ્રજાપતિ નરેન્દ્રભાઈ બબાભાઈ રહે. ૧૫/પુષ્પવાટીકા સોસાયટી રાધનપુર રોડ, મહેસાણા જેઓ નજરે જોનાર સાહેદનુ નિવેદન લીધેલ. ત્યારબાદ સાહેદ રાવળ અરવિંદભાઈ અંબાલાલ રહે. ધાણોધરડા તા.ચાણસ્મા, જી.પાટણનાઓ બનાવવાળી જગ્યાની બાજુમાં આવેલ તિરૂપતિ શાહીબાગ સોસાયટીમાં સિકયુરીટીમાં નોકરી કરતા તેઓનુ નિવેદન લીધેલ. ત્યારબાદ આરોપી જે જગ્યાએ રહેતા તેઓની સાથે રાખી ગણેશવિવાન સોસાયટી બોરની ઓરડી ખાતે ગયેલ જયા આરોપી ઘરે હાજર ન હોઈ ઘરે તાળુ મારેલ હતુ.

સાહેદે વધુ સરતપાસમાં જણાવેલ છે કે સાહેદ અનિલ મફતલાલ ગાંધી રહે. કંથરાવીવાળાનુ નિવેદન લીધેલ તેમજ સાહેદ પટેલ સંજયભાઈ વાડીલાલ રહે. મહેસાણાવાળા તથા પટેલ કનૈયાલાલ ત્રિભોવનદાસ રહે. મહેસાણાવાળાનુ નિવેદન લેતા તેઓએ બનાવ બનેલાનુ સમર્થન કરેલ હતુ. ત્યાર બાદ આ કામના આરોપી રાવળ પોપટભાઈનો મોબાઈલ નંબર મળી આવતા તેના સીડીઆર મેળવવા તજવીજ કરેલ.ત્યારબાદ ઈજા પામનાર જયંતિભાઈ ના જમાઈ પટેલ ચંદ્રકાન્તભાઈ રહે. વિસનગરવાળાનુ નિવેદન લીધેલ તેમજ તેમના દિકરા ધર્મેન્દ્રભાઈ જયંતિભાઈ રહે. સુરતવાળાનુ નિવેદન મેળવેલ ત્યારબાદ સાહેદ વિષ્ણુભાઇ જીવરામભાઈ રહે. સુરતવાળાનુ નિવેદન લીધેલ હતા ત્યારબાદ તાબાના પો.સ.ઈન્સ એમ.જી.ચૌહાણનાઓને આરોપીઓની તપાસમાં મોકલતા તેઓએ આરોપીના સગા રાવળ ભરતભાઈ લવજીભાઈ નિવેદન મેળવેલ તેમજ મળેલ ખાનગી બાતમી આધારે પીલવાઈ ગામ વિજાપુર ખાતે આરોપીઓના સમાચાર મળતા પી.એસ.આઈ. ચૌહાણ તથા પો.સ.ઈ. ચૌધરી પોલીસ સ્ટાફના માણસો સાથે રવાના કરેલ. ત્યારબાદ ઉપરોકત બાતમીવાળી જગ્યાએથી બંને આરોપીઓ મળી આવતા જેઓની પુછપરછ કરતા બનાવ સંબધે તેઓના નિવેદન લઈ અટક કરેલા અને પોલીસ સ્ટેશને લાવેલ

અને આરોપીઓની શરીર સ્થિતિ તથા બનાવ વખતે પહેરેલ કપડા બે પંચોની હાજરીમાં પંચોના લખાવ્યા મુજબ કપડા કબજે કરેલાનુ પંચનામુ લખી લઈ નીચે પંચોની સહી લઈ રૂબરૂ માં પોતાની સહી કરેલ.

સાહેદે વધુ સરતપાસમાં જણાવેલ છે કે ત્યારબાદ આરોપીઓએ બનાવમાં ઉપયોગ કરેલ મારક હથિયાર બતાવવા માગતા હોઈ બે પંચો બોલાવી પ્રાથમિક પંચનામુ કરી આરોપીઓના જણાવ્યા મુજબ જે જગ્યાએ હથિયાર સંતાડેલ હતા તે જગ્યાથી તેઓ તથા પંચોની રૂબરૂ સદર હથિયાર લાકડાનો ધોકો તથા ધારિયુ રજુ કરતા જે કબજે કરેલા અંગેનુ પંચનામુ પંચોના લખાવ્યા મુજબ લખી લઈ નીચે પંચોની સહી લઈ રૂબરૂમાં પોતાની સહી કરેલ. ત્યારબાદ કપડા તથા હથિયારો એફ.એસ.એલ. કચેરીએ સીલબંધ હાલતમાં પરિક્ષણ સારૂ મોકલાવેલ બાદ આરોપીઓને અટકની નોધ સ્ટેશન ડાયરીમાં કરવા સારૂ રીપોર્ટ કરેલ અને સમય મર્યાદામાં  નામદાર કોર્ટમાં રજુ કરેલ.

સાહેદે વધુ સરતપાસમાં જણાવેલ છે કે સાહેદ ગીતાબેન જયંતિભાઇ પટેલ તથા મીનાક્ષીબેન ચંદ્રકાન્તભાઈ પટેલ તથા પ્રજાપતિ નરેન્દ્રભાઈ બબાભાઈ નાઓને ગુના સબંધે નિવેદન લઈ તપાસના કામે સામેલ રાખેલ તેમજ બનાવવાળી જગ્યાનો નકશો તૈયાર કરવા સારૂ સર્કલશ્રી મહેસાણાને રીપોર્ટ કરેલ.ત્યારબાદ આરોપીની મેડીકલ તપાસણી કરાવેલ. બાદ ઈજા પામનાર પટેલ જયંતિભાઈ પટેલનુ સારવાર અંગેનુ સર્ટીફીકેટ મેળવવા સારૂ મહેસાણા સીવીલ હોસ્પીટલ તથા અમદાવાદ  સીવીલ હોસ્પીટલમાં રીપોર્ટ કરેલ. જયંતિભાઈ પટેલ કે જેઓ  સીવીલ હોસ્પીટલ ખાતે સારવાર હેઠળ હતા તેમનુ તા.૨૮/૫/૨૦૧૮ ના ક. ૭:૫૦ વાગે મરણ થતા જે બાબતની વર્ધી એ.એસ.આઈ. રાજેન્દ્રસિહ નાઓએ અમદાવાદ સીવીલ હોસ્પિટલ ખાતેથી લખાવતા જે વર્ધી નં. ૧૭૬/ ૧૮ ના આધારે તેઓ તે વખતે અન્ય ગુનાની તપાસ સારૂ બહાર હોઈ સદર તપાસના કામે પો.સ.ઈ.શ્રી

એમ.જે.પટેલનાઓને સીવીલ હોસ્પિટલમાં જઈ લાશનુ પી.એમ.તથા ઈન્કવેસ્ટ પંચનામુ કરવા સારૂ સ્ટે.ડા. એન્ટ્રી નં. ૨૧/૧૮ થી હુકમ કરેલ.ત્યારબાદ શ્રી એમ.જે.પટેલનાઓને લાશનુ ઈન્કવેસ્ટ ભરી લાશનુ પી.એમ. કરવા તજવીજ કરેલ અને સદર લાશ તેમના સગાઓને સોપેલ અને લાશ સોપ્યા અંગેની પાવતી તૈયાર કરેલ અને સદરહુ ઈન્કવેસ્ટ પંચનામુ તથા સાથેના કાગળો લાવી તેમને સોંપતાં તેઓએ તપાસના કામે સામેલ રાખેલ.

સાહેદે વધુ સરતપાસમાં જણાવેલ છે કે ત્યારબાદ નામદાર ત્રીજા જયુ.મેજી.ફ.ક.સાશ્રી મહેસાણા કોર્ટમાં સદરહુ ગુનાના કામે ઈ.પી.કો.ક. ૩૦૨ નો ઉમેરો કરવા સારૂ રીપોર્ટ કરેલ. ત્યાર બાદ લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલ અને મરણ જનાર પી.એમ. નોટ મેળવવા સારૂ રીપોર્ટ કરેલ બાદ એફ.એસ.એલ. અમદાવાદ ખાતેથી એફ.એસ.એલ.રીપોર્ટ કોન્સ્ટેબલ ઘર્મેશભાઈ લઈ આવતા તપાસના કામે સામેલ રાખેલ. ત્યારબાદ સીવીલ હોસ્પીટલ મહેસાણા તથા સીવીલ અમદાવાદથી મરણ જનારનુ સારવાર સર્ટીફીકેટ મેળવી તપાસના કામે સામેલ રાખેલ.મરણ જનારનુ પી.એમ. નોટ આવતા તપાસના કામે સામેલ રાખેલ અને મરણ જનારનુ મૃત્યુ માથામાં થયેલ ગંભીર ઈજાના કારણે થયેલાનુ આવેલ અને આરોપીઓ વિરૂઘ્ઘ પુરતો પુરાવો પડેલ હોઈ ચાર્જશીટ તૈયાર કરી નામદાર કોર્ટમાં રજુ કરેલ. સાહેદે તેઓએ અટક કરેલ આરોપીઓને ઓળખતા હોવાનુ જણાવી કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે.સાહેદે વધુ સરતપાસ દરમિયાન આરોપીઓએ રજુ કરેલ હથિયાર જે પંચનામાની રૂએ કબજે કરેલ જે હથિયાર ઘોકો તથા ઘારિયુ તેમને બતાવવામાં આવે તો ઓળખી શકે તેમ જણાવી મુદ્દામાલ આર્ટીકલ નં. ૯ ઘોકો જે આરોપી પોપટભાઈ તથા મુદ્દમાલ આર્ટીકલ નં.૧૦ ઘારિયુ જે આરોપી બાબુભાઈનાઓ એ રજુ કરેલ જે જોઈને જણાવેલ છે કે તે તે જ છે. તેમજ આંક–૨૦ થી રજુ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ ,આંક–૨૪ તથા આંક–૩૨ જે આરોપીઓની શરીર સ્થિતિ તેમજ બનાવ વખતે પહેરેલ કપડા તેમજ બનાવમાં ઉપયોગ કરેલ હથિયાર કબજે કરેલાના પંચનામા

બતાવવામાં આવતાં તે પંચોની હાજરીમાં પંચોના લખાવ્યા મુજબ લખી લઈ નીચે પંચોની સહી લઈ રૂબરૂમાં પોતાની સહી કરેલ જે સહી ઓળખી બતાવેલ છે.

સાહેદે વધુ સરતપાસ દરમિયાન ડી.એફ.એસ. ગાંધીનગરનો સ્થળ પરિક્ષણ અહેવાલ મેળવી તપાસના કામે સામેલ રાખેલ જે આંક–૬૯ થી,મહેસાણા તા.પો.સ્ટે.ફ.ગુ.ર.નં ૮૬/૧૮ ના કામે એફ.આઈ.આર.માં ઈ.પી.કો.ક. ૩૦૨ નો ઉમેરો કરવા કરેલ રીપોર્ટ માં પોતાની સહી ઓળખી બતાવી આંક–૭૦, સારવાર સર્ટીફીકેટ મેળવવા કરેલ રીપોર્ટ માં પોતાની સહી ઓળખી બતાવી અનુક્રમે આંક–૭૧ અને ૭૨ થી રજુ કરેલ છે,મરણ જનારની પી.એમ. નોટ મેળવવા કરેલ રીપોર્ટ માં પોતાની સહી ઓળખી બતાવી આંક–૭૩ થી,આરોપીઓની અટક ની નોંધ સ્ટેશન ડાયરીમાં કરવા સારૂ કરેલ રીપોર્ટ માં પોતાની સહી ઓળખી બતાવી આંક–૭૪ થી, મુદ્દામાલ રવાનગી નોંધ તથા સત્તા અંગે ના પ્રમાણપત્રમાં પોતાની સહી ઓળખી બતાવી અનુક્રમે આંક–૭૫ અને ૭૬ થી,એફ.એસ.એલ અમદાવાદ ની મુદ્દામાલ મળ્યા બદલની પહોંચ આંક–૭૭ થી,એફ.એસ.એલ અમદાવાદનો ફોરવર્ડીંગ લેટર આંક– ૭૮ થી,એફ.એસ.એલ.નો બાયોલોજીકલ વિભાગનો પૃથ્થકરણ રીપોર્ટ આંક– ૭૯ થી,એફ.એસ.એલ. નો સીરોલોજીકલ વિભાગનો પૃથ્થકરણ રીપોર્ટ આંક–૮૦ થી રજુ કરેલ છે.

સાહેદે વધુ સરતપાસમાં જણાવેલ છે કે તેમની રૂબરૂના તા. ૨૧ /૫/૨૦૧૮ ના રોજના નિવેદનમાં પ્રજાપતિ નરેન્દ્રભાઈ બબાભાઈએ એવુ લખાવેલ કે '' તા.૨૨/૫/૧૮ના રોજ મે મારા પોલીસ રુબરુના જવાબમાં એવુ લખાવેલ કે મે જોએલ તો છઠિયારડા ગામના રાવળ બાબુભાઈ લવજીભાઈ કે જેઓના હાથમાં ધોકો હતો અને તેઓના દિકરા રાવળ પોપટભાઈના હાથમાં ધારીયુ હતુ, જે અમારી સોસાયટી સામે હાઈવે રોડ ઉપર શાકભાજીની લારી રાખી વેપાર કરતાં હોય તેઓને ઓળખુ છુ અને મે જોએલ તો જયંતિભાઈ લોહીલુહાણ હાલતમાં જોએલા''.

સાહેદે વધુ સરતપાસમાં જણાવેલ છે કે તેમની રૂબરૂના તા. ૨૨/૫/૨૦૧૮ ના રોજના નિવેદનમાં ગાંધી અનિલભાઈ મફતલાલ એવુ લખાવેલ કે , "હુ મેઈન ગેટ ઉપર હાજર હતો તે દરમ્યાન પોણા સાત વાગ્યે શાહીબાગ ટાઉનશીપની બાજુમાં આવેલ પુષ્પવાટીકા સોસાયટીમાં રહેતા પટેલ જયંતિભાઈ રામાભાઈ ચાલતા અમારી સોસાયટીના મેઈન ગેટ આગળ થઈ હાઈવે તરફ જતાં હતા દરમયાન છઠીયારડા ગામના રાવળ બાબુભાઈ લવજીભાઈ કે જેઓના હાથમાં ધોકો હતો અને તેઓના દિકરા રાવળ પોપટભાઈ બાબુભાઈની પાસે ધારીયુ હતુ, તે વખતે તેઓ બંને પટેલ જયંતીભાઈ રામાભાઈ ઉપર એકદમ ઉશ્કેરાઈ ધારીયાના તથા લાકડીઓના ઘા માથામાં તથા શરીર ઉપર મારવા લાગેલા અને કહેતા કે તુ કેમ મારી પત્નીના છુટાછેડા કરાવેલ તેમ કહેતા હતા અને જયંતીભાઈ રામભાઈ પટેલ નીચે પડી ગયેલા''.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે જયારે ફરીયાદની તપાસ તેમને આપવામાં આવેલી ત્યારે તપાસ અર્થે પી.એસ.ઓ.શ્રી તરફથી ડેપ્યુટ હુકમ અને પી.એસ..આઈ.શ્રી આઈ.બી. ચૌધરીનાઓ રૂબરૂ ની ફરીયાદ મળેલી. પી.એસ.આઈ. આઈ.બી.ચૌધરી ઈજા પામનારના બ્લડ સેમ્પલ લેવા માટે યાદીની ઓ.સી. નકલ તેમને આપેલી અને દવાખાના વર્ધીની નકલ આપેલ તેમજ બ્લડ સેમ્પલ મળ્યા અંગેનુ પત્રક તેમજ દર્દી ભાનમાં આવે તો જાણ કરવા અંગે સીવીલ હોસ્પીટલ અમદાવાદને લખેલ યાદીની નકલ તેમજ દર્દીનુ ડી.ડી. લેવા એકઝી. મેજી. અમદાવાદશ્રી ને લખેલ યાદીની નકલ મળેલ. આ તપાસના કાગળો મળ્યા તેમાં એવા કોઈ કાગળ મળ્યા નથી કે જેથી સ્પષ્ટ થતુ હોય કે બ્લડ સેમ્પલ લઈને પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. સમક્ષ રજુ કરવામાં આવેલ હોય. તેમને તપાસ તા. ૨૧ તારીખે રાત્રે ૧૦ વાગે મળેલ. તપાસ સંભાળતા સર્વ પ્રથમ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલ. એ વાતનો ઈન્કાર કરેલ છે કે બનાવવાળી જગ્યા મહેસાણા રાધનપુર રોડ ઉપર તિરૂપતિ શાહીબાગ સોસાયટીના આગળ નાળા ઉપર આવેલ છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે બનાવવાળી જગ્યા તિરૂપતિ શાહીબાગ ના ગેટથી ૩૦ થી ૪૦ ફુટ દુર આવેલ છે.

સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ૬૦ થી ૭૦ ફુટ દુર આવેલ છે.

સાહેદની વધુ ઉલટ સવાલ જવાબ સ્વરૂપની હતી તેમાં નીચે મુજબ જણાવેલ છે,

સવાલ: મુદ્દામાલ તરીકે જે બ્લડ સેમ્પલ લાવ્યા અને પોલીસ સ્ટેશને જમા કરાવ્યુ તે સબંધે કોઈ લેખિત પુરાવો તમારી પાસે છે?

જવાબ: સદર બ્લડ સેમ્પલ તથા તેને લગતા પત્ર પી.એસ.આઈ.શ્રી આઈ.બી. ચૌધરી એ પી.એસ.ઓ શ્રી વિપુલભાઈ રમેશભાઈ હેડ કોન્ટેબલ ને આપેલા.તેઓએ તપાસ અર્થે સદર સેમ્પલ અને પત્ર મને આપેલા.

સવાલ: બ્લડ સેમ્પલ આઈ.બી.ચૌધરી સાહેબે પોલીસ સ્ટેશને જમા કરાવ્યુ તે સબંધે કોઈ લેખિત આધાર છે?

જવાબ: બ્લડ સેમ્પલ અને પત્ર બાબતે મે મારી કેસ ડાયરીમાં ઉલ્લેખ કરેલ છે.

સવાલ : મુદ્દામાલ પાવતી ફાળી હોય તે બાબતે રેકર્ડ ઉપર કોઈ પુરાવા છે?

જવાબ: તે વખતે મુદ્દામાલ પાવતી ફાળી નહોતી. તે વખતે મુદ્દામાલ પાવતી ફાળવાની હોય પણ નહી પછીથી મુદ્દામાલ પાવતી પી.એસ.ઓ. દ્વારા ફાળવામાં આવેલી.

સવાલ: સદર મુદ્દામાલ પાવતી તપાસના કામે કોર્ટમાં રજુ કરવામાં આવેલ નથી. તે બાબતે તમારે શુ કહેવુ છે ?

જવાબ: સદર મુદ્દામાલ પાવતી બાબતે હુ પોલીસ સ્ટેશને તપાસ કરી મળી આવે રજુ કરીશ.

એ વાત કબુલ રાખેલ છે કે, નરેન્દ્રભાઈ બબાભાઈ પ્રજાપતિનો જવાબ લીધેલો. નરેન્દ્રભાઈ બબાભાઈ પ્રજાપતિ એ બનાવ નજરે જોયેલો. એ વાત કબુલ રાખેલ છે કે, નરેન્દ્રભાઈ બબાભાઈ પ્રજાપતિએ એના જવાબમાં એવુ લખાવેલ છે કે જયંતિભાઈ રામભાઈ પટેલ બુમાબુમ કરતા હતા અને મારી પાસે કુતરો હોય હુ

દોડતો કુતરો લઈ ઘરે ગયેલો અને જયંતિભાઈના દિકરા તથા તેઓના ઘરના માણસોને જાણ કરેલી અને હુ તથા તેઓનો દિકરો તથા તેઓની દિકરી બધા દોડતા તિરૂપતિ શાહીબાગ સોસાયટીના નાકે આવેલા અને જોયેલ તો જયંતિભાઈ લોહીલુહાણ હાલતમાં નીચે પડેલ હતા અને પબ્લીકના માણસો ભેગા થયેલા હતા અને કોઈએ ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવેલ જયંતિભાઈનો દિકરો તથા તેઓના ઘરના માણસો સારવાર સારૂ મહેસાણા સીવીલ હોસ્પીટલ લઈ ગયેલા''. એ વાતનો ઈન્કાર કરેલ છે કે,બનાવ બની ગયા પછી બધા ઘરના માણસો આવી ગયેલા. એ વાત કબુલ રાખેલ છે કે,જયંતિભાઈની પત્ની ગીતાબેનનો જવાબ લીધેલો. એ વાત કબુલ રાખેલ છે કે,સાહેદ ગીતાબેન આવુ લખાવેલ છે કે '' ગઈ તા.૨૧/૫/૨૦૧૮ ના રોજ સવારે હુ મારા ઘરે હાજર હતી અને મારો દિકરો રોહિત તથા મારી દિકરી અમારે ઘરે આવેલ હોય તેઓ સુતેલા હતા અને મારા પતિ દુધ લેવા સારૂ ઘરેથી સાડા છ વાગે નીકળેલા અને થોડીક વાર પછી અમારા પાડોસી પ્રજાપતિ નરેન્દ્રભાઈ બબાભાઈ અમારા ઘરે આવેલા અને બુમ પાડી મને તથા મારી દિકરીને જણાવેલ કે જયંતિભાઈને તિરૂપતિ શાહીબાગ ટાઉનશીપના મેઈન ગેટ સામે રાવળ બાબુભાઈ લવજીભાઈ તથા રાવળ પોપટભાઈ બાબુભાઈએ ધારીયા તથા લાકડીથી મારેલ છે તેમ જણાવતા હુ તરત દોડતી તિરૂપતિ શાહીબાગ સોસાયટીના મેઈન ગેટ આગળ ગયેલી અને જોયેલ તો મારા પતિ ઉંધા જમીન પર પડેલ હતા જેથી મે તેઓને સીધા કરેલા અને જોયેલ તો લોહીલુહાણ થઈ ગયેલ હતા અને માથામાં તથા બંને હાથે તથા શરીરે ગંભીર ઈજાઓ ગયેલ હતી જેથી મે બુમાબુમ કરતા આજુબાજુમાંથી માણસો આવી જતા અને તે બાદ મારો દિકરો રોહિત પણ આવેલો અને કોઈએ ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરેલ હોય એમ્બ્યુલન્સ આવી જતા મારા પતિને તેમાં બેસાડી હુ તથા મારો દિકરો રોહિત બંને સારવાર સારૂ મહેસાણા સીવીલ હોસ્પીટલ લઈ ગયેલા''.

એ વાતનો ઈન્કાર કરેલ છે કે,ગીતાબેન બનાવવાળી જગ્યા ઉપર સૌથી પહેલા પહોચેલા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે જયંતિભાઈ નો દિકરો રોહિત સૌપ્રથમ

બનાવવાળી જગ્યાએ પહોચેલ હતો ત્યારબાદ તેના ઘરના બધા સભ્યો બનાવવાળી જગ્યાએ આવેલા. એ વાત કબુલ રાખેલ છે કે,તેઓ રૂબરૂના લેવામાં આવેલ નિવેદનમાં એક પણ સાક્ષીએ એવુ જણાવેલ નથી કે મરણ જનારના ઘરમાંથી રોહિત બનાવવાળી જગ્યા ઉપર સૌ પ્રથમ પહોચેલો. સાહેદ સ્વેચ્છા એ જણાવે છે કે ફરીયાદમાં ઉલ્લેખ છે. તેમજ નરેન્દ્રભાઈના નિવેદનમાં એવુ આવેલ છે કે તેઓએ જયારે જયંતિભાઈના પરિવારને કહેવા ગયેલા ત્યારે તેઓના દિકરા તથા તેઓની દિકરી તિરૂપતિ શાહીબાગ સોસાયટીના નાકે આવેલા.

મીનાક્ષીબેનનો જવાબ તેઓએ લીધેલો. એ વાત કબુલ રાખેલ છે કે, તેમના જવાબમાં એવુ લખાવેલ છે કે '' ગઈ તા. ૨૧/૫/૨૦૧૮ના રોજ સવારે હુ મારા પિતાજીના ઘરે સુતેલી ત્યારે અમારા પાડોશી નરેન્દ્રભાઈ બબાભાઈ પ્રજાપતિ અમારા ઘરે આવેલા અને બુમ પાડી મને તથા મારી માતાને જણાવેલ કે જયંતિભાઈને તિરુપતિ શાહીબાગ સોસાયટીના મેઈન ગેટ સામે રાવળ બાબુભાઈ લવજીભાઈ તથા રાવળ પોપટભાઈ બાબુભાઈએ ધારીયા તથા લાકડીથી મારેલ છે તેમ જણાવતા મારી માતા તથા મારોભાઈ રાહુલ બંને દોડતા ગયેલા અને હુ મારો દિકરો ઘરે રહીને તે બાદ થોડી વાર પછી હુ તિરુપતિ શાહીબાગ સોસાયટી આગળ ગયેલી ત્યારે મારા પિતાજીને દવાખાને લઈ ગયેલા હતા''.

એ વાત કબુલ રાખેલ છે કે,ધર્મેન્દ્રકુમાર જયંતિભાઈનો જવાબ લીધેલો અને તેઓએ તેમના નિવેદનમાં જણાવેલ કે તેઓએ બનાવના સમયે સુરતમાં હતા અને જયારે તે અમદાવાદ સીવીલ હોસ્પીલમાં પહોચેલા અને તેની માતાને પુછતા જણાવેલ કે બનાવ બનતા હુ સૌપ્રથમ ગયેલી અને બુમાબુમ કરતા આજુબાજુથી માણસો આવતા તે બાદ  રોહિત આવેલો. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ઉપરોકત સ્ટેટમેન્ટથીએ ફલીત થતુ નથી કે ઉપરોકત જગ્યા ઉપર રોહિત હાજર ન હતો. એ વાત કબુલ રાખેલ છે કે, તેઓએ તમામ સાહેદોના નિવેદન તેમના લખાવ્યા મુજબ લખેલ હતા.

વધુ ઉલટતપાસમાં સાહેદે "આ કામના બંને આરોપીઓને પીલવાઈથી પોલીસે પકડેલા તે સંબંધનેનું કોઈ પંચનામું કરેલ હતુ ?" પ્રશ્નના જવાબમાં જણાવેલ છે કે,"આ બંને આરોપીઓના નામ એફ.આઈ.આઈ.ની અંદર પહેલેથી હોય ગુન્હો ગંભીર હોય તેમની પુછપરછ કર્યા બાદ જ તેમને એરેસ્ટ કરવાના હોય જેથી પી.એસ.આઈ.શ્રી ચૌધરી તથા ચૌહાણેએ બંને આરોપીઓ નાસતા ફરતા હોય તેમના સંબંધીના ઘરેથી પીલવાઈથી ડીટેઈન કરી અમારી સમક્ષ હાજર કરેલ હતા. તેમજ વધુ ઉલટતપાસમાં સાહેદે " બંને આરોપીને પીલવાઈથી એરેસ્ટ કર્યા તેની નોંધ સ્ટેશન ડાયરીમાં કોઈ જગ્યાએ કરેલ હતી ? " પ્રશ્નના જવાબમાં જણવેલ છે કે"આ બંને આરોપીઓને પકડી લાવવા માટે અમારા તરફથી રીપોર્ટ આપેલ જેની નોંધ કેસ ડાયરીમાં કરેલ છે".

એ વાત કબુલ રાખેલ છે કે,સાહેદ ગીતાબેન જયંતિભાઈ રામભાઈ પટેલે તેમના નિવેદનમાં એવી હકિકત લખાવેલ નથી કે '' જયંતિભાઈ રામાભાઈ પટેલ સવારે વહેલા દૂધ લેવા સારુ ઘરેથી નીકળી તીરુપતિ શાહિબાગ સોસાયટી નજીક ગયેલા અને આવતાં વાર લાગતાં રોહિત તેઓની તપાસ કરવા સારુ સામે ગયેલો''.

વધુ ઉલટતપાસમાં સાહેદે "તમારી રુબરુના તમામ સાહેદોના નિવેદનમાં એવી હકિકત લખાવેલ નથી કે જયંતિભાઈ રામભાઈ પટેલ દૂધ લેવા સારુ ગયેલા અને વાર લાગતાં તેમનો દિકરો રોહિત તેમની તપાસ કરવા સારુ સામે ગયેલો.'' તે પ્રશ્નના જવાબમાં જણાવેલ છે કે "એ વાત ખરી છે કે આ બાબતે કોઈ સાહેદોના નિવેદનમાં આ હકિકત લખાવેલ નથી''.

એ વાત કબુલ રાખેલ છે કે,આરોપીના શરીરસ્થિતિના પંચનામાના કપડા કબ્જે લીધા બાદ આરોપીઓ બીજા કપડાં કયા પહેરેલ હતા અથવા કયાથી લાવ્યા તેનો ઉલ્લેખ પંચનામામાં કરેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેઓએ તૈયાર પંચનામામાં પંચોની સહીઓ લીધેલ હતી. એ વાત કબુલ રાખેલ છે કે, બંને

આરોપીઓની તપાસ કરતાં તેઓ જે રુમ ઉપર રહેતા હતા તે બોરની ઓરડીનું પંચનામું કરેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરવો ન હોવા છતાં ખોટુ ચાર્જશીટ કરેલ છે. એ વાત કબુલ રાખેલ છે કે, રોહિતની ફરીયાદ લીધા બાદ બનાવ સંબંધે બીજી કોઈ પુછપરછ કરેલ નથી. એ વાત કબુલ રાખેલ છે કે,જયંતિભાઈ રામભાઈ પટેલને ઈજા થયા બાદ બેભાન થયેલ ત્યારબાદ મરણ ગયા ત્યાં સુધી ભાનમાં આવેલ ન હતા.

ફરિયાદપક્ષ દ્વારા રેકર્ડ ઉપર ઇજા પામનાર જયંતીભાઇ રામદાસની લાશનુ ઈન્કવેસ્ટ પંચનામુ આંક–૨૫ થી રજુ છે.

**મહત્વ**

*પોલીસ સાહેદો મહત્વના સરકારી સાહેદો હોય છે જેઓ એફ.આઈ.આર.થી લઈને ચાર્જસીટ દાખલ થયા સુધીની તપાસની બધી પ્રક્રિયા ઉપર પ્રકાશ પાડે છે.પોલીસ સાહેદની જુબાનીને રેકર્ડ ઉપરના પુરાવા સાથે સરખામણી કરીને મૂલ્યાંકન કરવાનુ હોય છે.જો પોલીસ સાહેદનો પુરાવો યોગ્ય અને માનવા લાયક હોય તો તેને પુરેપુરો સ્વિકાર કરી શકાય છે.હાલના કેસમાં પોલીસ સાહેદોની જુબાનીમાં તપાસને લગતી પ્રકિયાને લગતા બધા જ દસ્તાવેજો રજુ કરવામાં આવેલ છે જે કેસના સંજોગોના મૂલ્યાંકનના તબકકે ઘ્યાને લેવામાં આવશે.*

## (૨૦)ન્યાય પ્રણાલી અને બંને પક્ષકારોના માનવ અધિકારો

સભ્ય અને સુસંસ્કૃત સમાજમાં ન્યાય પ્રણાલીની સ્થિતી કરોડરજજુ જેવી છે. જેટલી સારી ન્યાય વ્યવસ્થા હોય તેટલુ વધારે સમાજમાં પ્રગતિ અને શાંતિ સ્થાપિત થાય છે. માનવ અધિકારનુ મહત્વ બીજા વિશ્વયુધ્ધ પછી માનવ સમાજમાં વધારે વિચાર કરવામાં આવેલ.૧૯૪૫ માં ચુનાઈટેડ નેશન્સનો ચાર્ટર તૈયાર કરવામાં આવેલ તેમજ ૧૯૪૮ માં યુનીવર્સલ ડેકલેરેશન ઓફ હયુમન રાઈટસ ઘડવામાં આવેલ

જેના ભારત પણ એક સહી કરનાર રાષ્ટ્ર છે. સદર ડેકલેરેશનના બધા અનુછેદો ભારતીય બંધારણને ભાગ–૩માં ઉમેરો કરવામાં આવેલો છે.સદર ડેકલેરેશનમાં પ્રસ્તાવનામાં અને આર્ટીકલ–૧ માં માનવની સ્વતંત્રતાને સર્વોચ્ચ સ્થાન આપવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

Article 1.

All human beings are born free and equal in dignity and rights. They are endowed with reason and conscience and should act towards one another in a spirit of brotherhood.

વ્યકિતની ઉપરોકત જણાવેલ ડીગ્નીટી સમાજમાં ત્યારે જ સ્થાપિત થઇ શકે જયારે કાયદો વ્યવસ્થા ઉત્તમ હોય.સદર ડેકલેરેશનમાં આર્ટીકલ–૮ અને ૧૦ રાષ્ટ્ર ઉપર ફરજ પાડે છે કે કંપીટન્ટ ટ્રીબ્યુનલની સ્થાપના ફેયર પ્રોસીડીંગ્સ માટે કરવામાં આવે જે નીચે મુજબ છે.

**Article** 8.

Everyone has the right to an effective remedy by the competent national tribunals for acts violating the fundamental rights granted him by the constitution or by law.

Article 10.

Everyone is entitled in full equality to a fair and public hearing by an independent and impartial tribunal, in the determination of his rights and obligations and of any criminal charge against him.

તેમજ ૧૯૬૬ માં "ઇન્ટરનેશનલ કોવેનેન્ટ ઓફ સિવીલ એન્ડ પોલીટીકલ રાઇટસ"

ઘડવામાં આવેલ અને તેના કલમ–૧૪ ના અનુસંધાને રાષ્ટ્ર ઉપર ફેર ટ્રાયલની ફરજ પાડવામાં આવેલ.જે નીચે મુજબ છે..

*Article 14*

1. All persons shall be equal before the courts and tribunals. In the determination of any criminal charge against him, or of his rights and obligations in a suit at law, everyone shall be entitled to a fair and public hearing by a competent, independent and impartial tribunal established by law. The press and the public may be excluded from all or part of a trial for reasons of morals, public order (ordre public) or national security in a democratic society, or when the interest of the private lives of the parties so requires, or to the extent strictly necessary in the opinion of the court in special circumstances where publicity would prejudice the interests of justice; but any judgement rendered in a criminal case or in a suit at law shall be made public except where the interest of juvenile persons otherwise requires or the proceedings concern matrimonial disputes or the guardianship of children.

2. Everyone charged with a criminal offence shall have the right to be presumed innocent until proved guilty according to law.

3. In the determination of any criminal charge against him, everyone shall be entitled to the following minimum

guarantees, in full equality: (a) To be informed promptly and in detail in a language which he understands of the nature and cause of the charge against him;

(b) To have adequate time and facilities for the preparation of his defence and to communicate with counsel of his own choosing;

(c) To be tried without undue delay;

(d) To be tried in his presence, and to defend himself in person or through legal assistance of his own choosing; to be informed, if he does not have legal assistance, of this right; and to have legal assistance assigned to him, in any case where the interests of justice so require, and without payment by him in any such case if he does not have sufficient means to pay for it;

(e) To examine, or have examined, the witnesses against him and to obtain the attendance and examination of witnesses on his behalf under the same conditions as witnesses against him;

(f) To have the free assistance of an interpreter if he cannot understand or speak the language used in court;

(g) Not to be compelled to testify against himself or to confess guilt.

4. In the case of juvenile persons, the procedure shall be such as will take account of their age and the desirability of promoting their rehabilitation.

5. Everyone convicted of a crime shall have the right to his conviction and sentence being reviewed by a higher tribunal according to law.

6. When a person has by a final decision been convicted of a criminal offence and when subsequently his conviction has been reversed or he has been pardoned on the ground that a new or newly discovered fact shows conclusively that there has been a miscarriage of justice, the person who has suffered punishment as a result of such conviction shall be compensated according to law, unless it is proved that the non–disclosure of the unknown fact in time is wholly or partly attributable to him.

7. No one shall be liable to be tried or punished again for an offence for which he has already been finally convicted or acquitted in accordance with the law and penal procedure of each country.

(૨૧) **<u>ડેકલેરેશન ફોર વિકટીમ્સ ઓફ ક્રાઇમ્સ</u>**

વિકટીમની તરફેણમાં A/RES/40/34, 29–11–1985 ના રોજ યુ.એન.ની જનરલ એસેમ્બ્લીની 96th plenary meeting માં Declaration of Basic

Principles of Justice for Victims of Crime and Abuse of Power સ્વિકાર કરવામાં આવેલ છે જેનો ભારત પણ એક સહી કરનાર દેશ છે અને તેને અમલમાં લાવેલ છે.સદર ડેકલેરેશનનો હેતુ ડેકલેરેશનના આમુખમાં નીચે મુજબ જણાવવામાં આવેલ છે."Recalling that the Sixth United Nations Congress on the Prevention of Crime and the Treatment of Offenders recommended that the United Nations should continue its present work on the development of guidelines and standards regarding abuse of economic and political power.".

સદર એસેમ્બીમાં સહી કરનાર રાષ્ટ્ર ધ્વારા ગુનામાં ભોગ બનનાર લોકો માટે નીચે મુજબની સુરક્ષા અને વ્યવસ્થા આપાવાની ડીકલેર કરેલ છે.

"Calls upon Member States to take the necessary steps to give effect to the provisions contained in the Declaration and, in order to curtail victimization as referred to hereinafter, endeavour:

Access to justice and fair treatment

4. Victims should be treated with compassion and respect for their dignity.

They are entitled to access to the mechanisms of justice and to prompt redress, as provided for by national legislation, for the harm that they have suffered.

5. Judicial and administrative mechanisms should be

established and strengthened where necessary to enable victims to obtain redress through formal or informal procedures that are expeditious, fair, inexpensive and accessible. Victims should be informed of their rights in seeking redress through such mechanisms.

6. The responsiveness of judicial and administrative processes to the needs of victims should be facilitated by:

(a) Informing victims of their role and the scope, timing and progress of the proceedings and of the disposition of their cases, especially where serious crimes are involved and where they have requested such information;

(b) Allowing the views and concerns of victims to be presented and considered at appropriate stages of the proceedings where their personal interests are affected, without prejudice to the accused and consistent with the relevant national criminal justice system;

(c) Providing proper assistance to victims throughout the legal process;

(d) Taking measures to minimize inconvenience to victims, protect their privacy, when necessary, and ensure their safety, as well as that of their families and witnesses on their behalf, from intimidation and retaliation;

(e) Avoiding unnecessary delay in the disposition of cases and the execution of orders or decrees granting awards to victims."

જે તમામ હકીકતનો હાલના કેસમાં ન્યાય નિર્ણય વખતે ધ્યાને લેવામાં આવેલ છે.

## (૨૨)<u>ભારતીય બંધારણની અને ફોજદારી કાયદાની કાયદાકીય જોગવાઇઓ</u>

ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ ધ્વારા ક્રિમીનલ કેસમાં સામેલ બંને પક્ષકારોને યોગ્ય તક આપવામાં આવેલ છે અને ફેયર પ્રોસીડીગ્સની પ્રક્રિયા જણાવવામાં આવેલ છે.

તેમજ ભારતીય બંધારણ ભાગ–૩ અને આર્ટીકલ –૫૧–એ(ઇ) દરેક વ્યકિતને અધિકારના સાથે કર્તવ્યની પણ ફરજ પાડે છે.તેમજ હયુમન રાઇટસ એકટ ૧૯૯૩ ની કલમ ૨ (ડી) મુજબ માનવ અધિકારને પરિભાષા જણાવવામાં આવેલ છે.આર્ટીકલ–૨૧ ધ્વારા બધાને રાઇટ ટુ લાઇફ એન્ડ લીબર્ટી આપવામાં આવેલ છે તેમજ આર્ટીકલ–૧૪ હેઠળ કાયદા સમક્ષ બધાને સમાનતાનો હકક આપવામાં આવેલ છે.

ઉપરોકત તમામ પ્રોવીજન બંને પક્ષોને પ્રાપ્ત થાય છે પરંતુ સમાજની કાયદા અને વ્યવસ્થાનાની મર્યાદામાં ઉપરોકત માનવ અધિકારો ભોગવવા હેતુ નાગરીકો બંધાયેલા છે.નેચરલ જસ્ટીસના સિધ્ધાંતને આધારે Audi alteram partem ના સિધ્ધાંતને મુખ્ય સ્થાન આપવામાં આવેલ છે અને હાલના કેસમાં બંને પક્ષકારોને તમામ અધિકારોને ધ્યાને લેતાં તેમજ તેઓના પક્ષ રાખવાનો પુરેપુરી તક આપીને ટ્રાયલ ચલાવવામાં આવેલ છે.અને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૩ હેઠળ પ્રોશીકયુશનનો પુરાવો પુરો થયા પછી આરોપીઓનો વિશેષ નિવેદન નોંધવામાં આવેલ અને તેઓને સાહેદો તપાસવા અને પોતાનો પુરાવો રજુ કરવાની તક આપવામાં આવેલ પરંતુ તેઓએ કોઇ સાહેદોને તપાસેલ નથી કે પોતાના બચાવમાં

અન્ય કોઈ પુરાવો રજુ કરેલ નથી.

**<u>આરોપીઓ વિરૂધ્ધના આક્ષેપો</u>**

(૨૩) હાલના આરોપીઓ સામે ઈ.પી.કોડ કલમ ૩૦૨,૩૦૭,૩૨૫, ૩૨૪, ૩૨૩,૩૪ મુજબનો ગુનો કરેલાનો આક્ષેપ છે.

**<u>ગુનાને લગતી કાયદાકીય જોગવાઈઓ</u>**

(૨૩.૧)સૌ પ્રથમ મરણજનારનુ મૃત્યુ કુદરતી છે કે ગુનાહિત મનુષ્યવધ છે અથવા તો ખૂન છે તે બાબતે નીચે મુજબની કાયદાકીય જોગવાઓને ધ્યાને લેવી જરૂરી છે.

**<u>ભારતીય ફોજદારી ધારાની કલમ ૨૯૯</u>** માં ગુનાહિત મનુષ્યવધની વ્યાખ્યા આપવામાં આવેલ છે તે મુજબ,

જે કોઈ વ્યકિત, મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી અથવા જેથી મૃત્યુ નિપજાવવાનો સંભવ હોય તેવી શારીરીક હાનિ પહોંચાડવાના ઈરાદાથી અથવા પોતાના એવા કૃત્યથી પોતે મૃત્યુ નિપજાવે તેવો સંભવ છે એવી જાણકારી સાથે કોઈ કૃત્ય કરીને મૃત્યુ નિપજાવે,તે ગુનાહિત મનુષ્યવધને ગુનો કરે છે.

**<u>ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૦૦</u>** માં ખુનની વ્યાખ્યા આપવામાં આવેલ છે તે મુજબ,

"આમાં હવે પછી દર્શાવેલા અપવાદો સિવાય,ગુનાહીત મનુષ્ય વધ એ ખુન છે.જો મૃત્યુ નિપજાવનારૂ કૃત્ય મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી કર્યુ હોય,અથવા

**બીજુઃ**શારીરીક હાનિ પહોચી હોય તે વ્યકિતનુ જેનાથી મૃત્યુ નિપજાવવાનો સંભવ હોવાનુ ગુનેગાર જાણતો હોય એવી શારીરીક હાનિ પહોચાડવાના ઈરાદાથી કર્યુ હોય,અથવા

**ત્રીજુઃ–**કોઈ વ્યકિતને શારીરીક હાનિ પહોચાડવાના ઈરાદાથી કર્યુ હોય અને કરવા

ધારેલી હાનિ કુદરતી રીતે મૃત્યુ નિપજાવવા માટે પુરતી હોય, અથવા

**ચોથુઃ**–કૃત્ય કરનાર વ્યકિત જાણતી હોય કે તેવુ તાત્કાલિક ભયજનક છે કે તેનાથી મૃત્યુ નિપજવાનો અથવા મૃત્યુ નિપજાવે એવી શારીરીક હાનિ પહોચવાનો પુરો સંભવ છે અને મૃત્યુ નિપજાવવાનુ અથવા ઉપર્યુકત હાનિ પહોચાડવાનુ જોખમ ખેડવાના કસા કારણ વગર તે કૃત્ય કર્યુ હોય.

**ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૦૨** માં ખુન કરવાની કોશીસની વ્યાખ્યા આપવામાં આવેલ છે તે મુજબ,

*જે કોઇ વ્યકિત ખૂન કરે,તેને મોતની અથવા જન્મટીપની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પાત્ર થશે.*

(૨૩.૨)જયારે એક કરતાં વધારે માણસો એકજ ગુનામાં સરખો ઈરાદો ધરાવતો હોય ત્યારે **ઈ.પી.કોડ કલમ ૩૪** જોગવાઈઓ ધ્યાને લેવી જરૂરી છે જે નીચે મુજબ છે:–

*જુદી જુદી વ્યકિતઓએ તેમનો બધાનો સામાન્ય ઈરાદો બર લાવવા માટે કોઈ ગુનાહિત કૃત્ય કર્યુ હોય,ત્યારે એવી વ્યક્તિઓ પૈકીની દરેક વ્યકિત તે કૃત્ય પોતે એકલાએ જ કર્યુ હોય તે રીતે તે કૃત્ય માટે જવાબદાર છે.*

(૨૩.૩)કાયદાના વિરૂઘ્ધ મનુષ્યવધ બાબતે ઈન્ડીયન પીનલ કોડની ચાર પ્રકારના ગુના જણાવવામાં આવેલ છે જે નીચે મુજબ છે,

૧. ગુનાહિત મનુષ્યવધ જે ખૂનના ગુના બની શકે નહી(ઈ.પી.કોડ કલમ ૨૯૯)

૨. ખૂન ઈ.પી.કોડ કલમ ૩૦૦

૩. બેફામ અને બેદરકારી ભર્યુ મનુષ્યવધ(ઈ.પી.કોડ કલમ ૩૦૪–એ)

૪. આત્મઘાત (ઈ.પી.કોડ કલમ ૩૦૫ અને ૩૦૬)

(૨૩.૪)**ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૦૭** માં ખુન કરવાની કોશીસની વ્યાખ્યા

આપવામાં આવેલ છે તે મુજબ,

*"જે કોઇ વ્યકિત, કોઇ કૃત્ય,એવા ઇરાદાથી કે જાણકારી સાથે અને એવા સંજોગોમાં કરે કે તે કૃત્યથી જો પોતે મૃત્યુ નિપજાવત તો ખૂન માટે દોષિત થાય,તેને દસ વર્ષ સુધીની બે માંથી કોઇ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પાત્ર થશે અને એવા કૃત્યથી કોઇ વ્યકિતને વ્યથા થાય, તો ગુનાગાર આજીવન કેદની અથવા ઉપર જણાવ્યા પ્રમાણેની કેદની શિક્ષાને પાત્ર થશે."*

કલમ ૩૦૭ ના તત્વો જોઇએ તો એ સ્પષ્ટ છે કે પ્રોસીકયુશન દ્વારા એ પુરવાર કરવુ પડે કે આરોપીનો ઇરાદો અથવા જાણકારી રાખીને ઇજા પામનારને મારી નાખવાના ઇરાદાથી ઇજા પહોંચાડવાની કોશીશ કરેલ.ઇ.પી.કોડ કલમ ૩૦૭ પુરવાર કરવા માટે પ્રોસીકયુશને ઇ.પી.કોડ કલમ ૩૦૦ ના તત્વો પુરવાર કરવાના હોય છે પરંતુ ઇ.પી.કોડ કલમ ૩૦૭ કલમ માટે જરૂરી નથી કે ઇજા થવી જ જોઇએ.ફકત આરોપીનો ઇરાદો હોવો જોઇએ અને તે ઇરાદાના અનુસંધાને આરોપીનુ એવુ કૃત્ય હોવુ જોઇએ જેથી કે સદર વ્યકિતનુ મૃત્યુ નિપજશે.

(૨૩.૫)**ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૨૦** માં મહાવ્યથાની વ્યાખ્યા આપવામાં આવેલ છે તે મુજબ,માત્ર નીચે જણાવેલા પ્રકારની વ્યથાને જ "મહાવ્યથા" કરી છે,

***કલમ–૩૨૦ : મહાવ્યથા :–***

માત્ર નીચે જણાવેલા પ્રકારની વ્યથાને ' મહાવ્યથા ' કહી શકાય.

પહેલો : – પુરુષત્વનો નાશ

બીજો : – બેમાંથી કોઈ આંખની જોવાની શકિતનો કાયમને માટે નાશ.

ત્રીજો : – બેમાંથી કોઈ કાનની શ્રવણશકિતનો કાયમ માટે નાશ.

ચોથી : – કોઈ અવયવ કે સાંધાનો નાશ.

પાંચમી: – કોઈ અવયવ કે સાંધાની શકિતનો નાશ અથવા કાયમી ખોટ.

છઠી : – મસ્તક અથવા ચહેરાની કાયમી વિકૃતિ.

સાતમી:– હાડકાનું અથવા દાંત ભાંગી જવું કે ખસી જવું.

આઠમી: – જેનાથી જિંદગી જોખમમાં મુકાય અથવા વ્યથા ભોગવનારને ૨૦ દિવસ સુધી શારીરીક પીડા થાય અથવા તેનુ રોજીંદુ કામકાજ કરવા તે અશક્તિમાન બને તેવી વ્યથા

(૨૩.૬)**ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૨૫**

**ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૨૫** માં સ્વેચ્છાપૂર્વકની મહાવ્યથાની વ્યાખ્યા આપવામાં આવેલ છે તે મુજબ,

**જે કોઇ વ્યક્તિ,કલમ ૩૩૫ માં જણાવેલ સંજોગમાં હોય તે સિવાય સ્વેચ્છાપૂર્વક મહાવ્યથા કરે તેને સાત વર્ષ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.**

(૨૩.૭)**ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૪,** મુજબ શિક્ષાને પાત્ર ગુનો સાબિત કરવા માટે ફરીયાદપક્ષે નીચે મુજબની બાબતો સાબિત કરવી જરૂરી છે,

**ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૪,** મુજબ શિક્ષાને પાત્ર ગુનો સાબિત કરવા માટે ફરીયાદપક્ષે નીચે મુજબની બાબતો સાબિત કરવી જરૂરી છે,

૧.આરોપીએ શારીરીક પીડા, રોગ અથવા અશકતતા પહોંચાડી.

૨.તેણે એવુ કૃત્ય ઇરાદાપૂર્વક કર્યુ અથવા એવી જાણ સાથે કર્યુ કે તેનાથી ઇજા, માંદગી અથવા અશકતતા થશે.

૩.તે કૃત્ય નિશાનબાજી, છેદન અથવા કાપવા માટેના સાધનથી અથવા હુમલો કરવા વપરાતા હથિયારથી જેનાથી મૃત્યુ થઇ શકે અથવા કોઇ સ્ફોટક દ્રવ્ય કે ઝેર અથવા જલદ દ્રવ્યથી કરાયું અથવા એવા પદાર્થના ઉપયોગથી કરાયું જે શ્વાસમાં લેવાથી, ગળવાથી કે તેના રૂધિરમાં ભળવાથી માનવ શરીરને હાનિ પહોંચે અથવા કોઇ જાનવરના ઉપયોગથી તેવુ કૃત્ય થયું.

(૨૩.૮)***ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩,*** મુજબ શિક્ષાને પાત્ર ગુનો સાબિત કરવા માટે ફરીયાદપક્ષે નીચે મુજબની બાબતો સાબિત કરવી જરૂરી છે,

૧. આરોપીએ કોઇ વ્યકિતને વ્યથા કરી હતી.

૨. આવી વ્યથા આરોપીએ સ્વેચ્છાપૂર્વક કરી હતી.

૩. સદર વ્યથા ભારતીય ફોજદારી ધારો ૧૮૬૦ ની કલમ ૩૩૪ માં જણાવેલ સંજોગોમાં હોય, તે સિવાયની હતી.

***ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩ સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડવાની સજાઃ–*** *કોઈપણ વ્યક્તિ, કલમ–૩૩૪ માં જણાવેલ સંજોગોમાં હોય તે સિવાય સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડે તેને એક વર્ષ સુધીની બે માંથી કોઈ પ્રકારની કેદ અથવા એક હજાર રૂપિયા સુધીનો દંડ, અથવા તે બંન્ને સજા કરવામાં આવશે.*

ઉપરોકત બધી કલમોનુ અધ્યયન કરીએ તો એ સ્પષ્ટ છે કે જયાં સુધી કોઈપણ કૃત્ય ગુનાહિત વધની વ્યાખ્યામાં આવતુ નથી ત્યાં સુધી કેસ ખૂનના ગુનામાં આવી શકે નહી.જયારે ખૂનના ગુનામાં આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવે છે ત્યારે જરૂરી છે કે તેઓના ગુનાહિત માનસ (Mens rea) સ્પષ્ટરૂપે પુરાવામાં પુરવાર થવુ જોઇએ.પ્રોસીકયુશનની જવાબદારી છે કે તેઓએ પુરવાર કરે કે આરોપીએ સદર કૃત્ય મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી કરેલ છે અથવા તો તેઓએ એ ઈરાદાપૂર્વકનુ કૃત્ય કરેલ હોય કે તે સામાન્યક્રમમાં સદર કૃત્ય મૃત્યુ નિપજાવવા માટે પૂરતુ છે અથવા તો આરોપીએ તેવી શારીરીક ઈજા કરેલ હોય અને તે બાબતે જાણતો હોય કે સદર ઈજાથી ઈજા પામનારનુ મૃત્યુ શકય છે.અથવા તો એવા જ્ઞાન સાથે એવુ કૃત્ય કરે કે જે બહુ તાત્કાલીક ભયંકર હોય અને દરેક સંભવિતતામાં મૃત્યુ નિપજાવે.અથવા એવી શારીરીક ઈજા કરે જેથી મૃત્યુ નિપજે તેવી શકયતા હોય.

ઉપરોકત બધી હકીકતો વ્યકિતની માનસિકસ્થિતી તેમજ આસપાસની

સાંયોગીક સ્થિતી જોઇને જાણી શકાય છે જેથી ઉપરોકત કાયદાકીય જોગવાઇઓ ધ્યાને લઇને સદર કેસની હકીકતોની સાથે મૂલ્યાંકન કરવુ જોઇએ.

**મૂલ્યાંકન**

**મુદ્દા નં.૧**

(૨૪) આંક–૮ થી ફરિયાદપક્ષના સાહેદ નં.૧ ડો.ભાર્ગવ બેચરભાઇ ઝવેરીને તપાસવામાં આવેલ છે,તેઓ તા.૨૮–૫–૨૦૧૮ ના રોજ મહેસાણા સિવીલ હોસ્પિટલમાં મેડીકલ ઓફીસર તરીકે પોતાની ફરજ ઉપર હતા ત્યારે પટેલ જયંતીભાઇ રામદાસની લાશને પેનલ ડોકટર ધ્વારા પી.એમ. કરવા સારૂ બપોરના ૩–૦૫ વાગે લાવવામાં આવેલ.તે સમયે લાશની સાથે પી.એસ.આઇ.શ્રી એમ.જે.પટેલ મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશનની યાદી,ઇન્કવેસ્ટ પંચનામુ અને મરણોત્તર ફોર્મ લાશની સાથે મોકલવામાં આવેલ જે તેઓએ પેનલ ડો.શ્રી એચ.કે.રાઠોડ ની સાથે બપોરના ૩–૩૦ વાગ્યાથી પી.એમ. શરૂ કરીને ૪–૩૦ વાગે પૂર્ણ કરેલ.સદર ઇસમને કમરના ભાગે ડાયપર બાંધેલ હતુ. ગળાના ભાગે ડ્રેસીંગ કરેલ હતુ તેમજ પેશન્સને ટ્રેકીયોસ્ટોમી માટેનો હોલ હતો.જમણા હાથ ભુજા થી પંજા સુધી દવાખાનાનો પાટો બાંધેલ હતો.લાશ ઉપર રાઇગર મોટીસની હાજરી હતી.લાશ ઉપરની કુલ–૧૫ ઇજાઓ તેઓએ તેઓની જુબાનીમાં પેરા નં.૪ માં જણાવેલ છે કે સદર ઇજાઓ મૃત્યુ પહેલાંની હતી.માથામાં જમણા પરાયટલ ટેમ્પરલ ભાગ,જમણા ઓકસીપીટલ ડાભી તરફ ટેમ્પોરાલીસ ઉપર ચકામો હતો.મગજના સબ ડ્યુરલ ભાગમાં હેમરેજની હાજરી અને આખા મગજમાં સબ એરેકનોઇડ હેમરેજની હાજરી મળી આવેલ. મગજ સુજાયેલ અને ફીકકુ હતુ.તેઓએ મરણજનારનુ મૃત્યુનુ કારણ માથામાં થયેલ ઇજાના કારણે હ્દય અને ફેફસાની કામગીરી બંધ થઇ જવાથી થયેલ હોવાનો અભિપ્રાય આપેલો.તેઓએ આંક–૯ થી રજુ પી.એમ.નોટ,આંક–૧૦ થી રજુ કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ ઓળખી બતાવેલ છે તેમજ આંક–૧૧ થી પી.એમ. કરવાની યાદી રજુ કરેલ છે. તેઓએ જણાવેલ છે કે શરીરનુ

ઈજાઓ મૃત્યુ નિપજાવવા માટે પૂરતી હતી.તેઓએ વધુમાં જણાવેલ છે કે જે ઈજા ઉપર પાટા લીધેલ હતા તે કયા પ્રકારના હથિયારથી થઇ શકે તે કહી શકે નહી પરંતુ ઈજા નં.૪,૭,૧૧ અને ૧૫ ની ઈજાઓ મુદ્દામાલ આર્ટીકલ નં.૯ લાકડાના ધોકાથી થઇ શકે તેમ જણાવેલ છે.તેઓની ઉલટતપાસમાં એવો કોઇ વિરોધાભાસ આવેલ નથી કે જેથી મરણજનારનુ મૃત્યુ અકુદરતી ન હોય તેવુ પ્રતિત થાય.

(૨૪.૧)આંક-૧૩ થી ડો.પ્રવિણકુમાર પોપટલાલ સોની કે જેઓ મહેસાણા સિવીલ હોસ્પિટલમાં રેસીડેન્ટ મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવે છે અને મરણજનારને પ્રાથમિક સારવાર આપેલ છે.પોતાની જુબાનીમાં જણાવે છે કે મરણજનારને સવારે ૬-૫૦ કલાકે એમ્બુલન્સમાં  તેમના પુત્ર અને પત્નિ લઇ આવેલા.દરદી બેભાન હાલતમાં હતા અને દરદીની પત્નિએ જણાવેલ કે,"તે જ દિવસે એક કલાક પહેલાં મહેસાણા તિરૂપતિ શાહીબાગ સોસાયટી આગળ ધારીયુ અને લાકડી મારવાથી ઈજા થયેલ અને ઈજા કરનાર તરીકે બાબુભાઇ લવજીભાઇ રાવળ અને પોપટભાઇ બાબુભાઇ રાવળ હતા".સાહેદ વધુમાં જણાવે છે કે દરદીને કુલ-૯ ઈજાઓ હતી.જેમાં પાંચ ઈજાઓ શરીરના વાયટલ પાર્ટ ઉપર હતી.તેઓ વધુમાં જણાવે છે કે ઈજા નં.૧ અને ૩  થી ૮ ની ઈજાઓ મુ.આ.નં.૯ વાળી લાકડાના ધોકા વડે શઇ શકે જયારે કે માથાના ભાગની ઈજા નં.૯ મુ.આ.નં.૧૦ ધારીયા થી થઇ શકે.સદર સાહેદે દરદીને પ્રાથમિક સારવાર આપેલ છે જેથી તેઓની જુબાનીથી પુરવાર થયેલ છે કે મરણ જનારને મૃત્યુ નિપજાવવા માટે ગંભીર ઈજાઓ થયેલ હતી.સદર ડોકટરશ્રી આંક-૧૪ ના મેડીકલ સર્ટીફીકેટમાં પોતાની સહી ઓળખી બતાવે છે અને આંક-૧૫ થી કુલ-૩ પેજ દરદીના અસલ કેસ પેપર્સ રજુ કરેલ છે.તપાસમાં તેઓએ જણાવેલ છે કે જો દરદીને યોગ્ય સારવાર તાત્કાલીક ધોરણે મળી હોત તો દરદી બચી પણ શકે અને ના પણ બચી શકે.

(૨૪.૨)ફરિયાદીએ પોતાની આંક-૩૫ ની જુબાની, સાહેદ ગીતાબેન જયંતીભાઇ પોતાની

આંક–૩૮ અને સાહેદ નરેન્દ્રભાઇ બબાભાઇ પોતાની આંક–૪૧ ની જુબાનીથી મરણ જનારને થયેલ ઉપરોકત ઇજાઓને સમર્થન આપે છે.સાહેદ ધર્મેન્દ્રભાઇ જયંતીભાઇ પણ હોસ્પિટલમાં પોતાના પિતાને જોયેલ અને તેઓને ઇજાઓ બાબતે જણાવે છે.આંક–૨૫ થી રજુ ઇન્કવેસ્ટ પંચનામાથી પણ મરણ જનારને થયેલ ઇજાઓને સમર્થન મળે છે.ફરિયાદપક્ષે આંક–૯ થી પી.એમ. નોટ, આંક–૧૦ થી કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ,આંક–૧૧ થી પી.એમ. કરવા બાબતની યાદી,આંક–૧૪ થી મરણ જનારનુ મહેસાણા સિવીલ હોસ્પિટલનુ મેડીકલ સર્ટીફીકેટ,આંક–૧૫ થી મહેસાણા સિવીલ હોસ્પિટલના અસલ કેસ પેપર્સ,આંક–૨૦ થી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ રજુ કરેલ છે. ગુનાવાળી જગ્યા ઉપર માટીમાં લોહીની હાજરી મળી આવેલ છે.જે આંક–૬૯ થી સ્થળ પરિક્ષણ અહેવાલ રજુ છે જેમાં બનાવવાળી જગ્યા ઉપર લોહીની હાજરી મળી આવેલ છે અને તે સાથે સદર જગ્યા ઉપરથી કંન્ટ્રોલ માટી કબજે કરવામાં આવેલ છે.આંક–૮૦ થી એફ.એસ.એલ. નો સીરોલોજીકલ વિભાગનો પૃથ્થકરણ રીપોર્ટ રજુ છે જેમાં સદર ગુનાવાળી જગ્યા ઉપરથી કબજે લેવામાં આવેલ માટીમાંથી મરણ જનારના બ્લડ ગૃપ "ઓ" હાજરી મળી આવેલ છે.ઉપરોકત તમામ પુરાવાને ધ્યાને લઇએ તો પ્રોસીકયુશને મરણ જનારને થયેલ ઇજાઓનો સમય, તારીખ અને જગ્યા પુરવાર કરવામાં સફળ રહેલ છે.તપાસને લગતી તમામ પ્રક્રિયાને સમર્થન કરતા દસ્તાવેજો રેકર્ડ ઉપર રજુ કરેલ છે.આમ ઉપરોકત રજુ થયેલ દસ્તાવેજી પુરાવા સાથે સાહેદોની તેમજ મેડીકલ ઓફીસરશ્રીઓની જુબાની ધ્યાને લઇએ તો એ સ્પષ્ટ છે કે મરણજનારનુ મૃત્યુનુ કારણ માથામાં થયેલ ઇજાઓના કારણે કાર્ડીયોરેસ્પીરેટરી ફેલીયરથી થયેલ હતુ.આમ,ઉપરોકત તમામ દસ્તાવેજો અને સાહેદોની જુબાનીને સમગ્રપણે ધ્યાને લઇએ તો સ્પષ્ટ છે કે મરણ જનારનુ મૃત્યુ કુદરતી મૃત્યુ ન હતુ પરંતુ સાપરાધ મનુષ્યવધ હતુ.જેથી મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં ઠરાવવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૨,૩ :-</u>**

**<u>મૂલ્યાંકન</u>**

*મુદ્દા નં.૨ અને ૩ એકબીજા સાથે સંકળાયેલા હોઈ પુરાવાનુ પુનરાવર્તન ના થાય તે હેતુ સારૂ સદર બંને મુદ્દાની ચર્ચા એકી સાથે કરવામાં આવેલ છે.*

**<u>રજુ થયેલ પુરાવાની ટુંકી વિગત</u>**

(૨૫) ફરિયાદપક્ષે આરોપીઓ સામેના આક્ષેપો પુરવાર કરવામાં કુલ ૧૯ સાહેદોના પુરાવા ઉપર આધાર રાખેલ છે.સદર સાહેદોમાં મરણજનાર પટેલ જયંતીભાઇ રામદાસના પુત્ર ફરિયાદી પટેલ રોહીતભાઇ જયંતીભાઇને આંક-૩પથી તપાસેલ છે.ફરિયાદપક્ષના કેસ અનુસાર તેઓ બનાવ સમયે તેમના પિતાજીને દૂધ લઇ પરત આવવામાં વાર લાગતાં તેઓ સામે જોવા ગયેલ તે સમયે તેઓએ હાલનો બનાવ જોયેલ છે અને બનાવ બાબતેની હકીકતે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે, જેઓએ બનાવ સંબંધે આપેલ ફરિયાદ આંક-૩૬ ફરિયાદ આપેલ છે. મરણજનારના પત્નિ પટેલ ગીતાબેન જયંતીભાઇને આંક-૩૮ થી સોગંદ ઉપર તપાસેલ છે.ફરિયાદપક્ષના કેસ મુજબ સદર સાહેદને તેમની સોસાયટીના પ્રજાપતિ નરેન્દ્રભાઇ બબાભાઇએ મરણજનારને આરોપીઓ મારતા હોવાનુ જણાવતાં સદર સાહેદ સ્થળ ઉપર પહોંચેલ છે. મરણજનરના બીજા પુત્ર ધર્મેન્દ્રકુમાર જયંતીભાઇને આંક-૪૪ થી સોગંદ ઉપર તપાસેલ છે.સદર સાહેદ સુરત મુકામે રહે છે અને તેમની બહેન મીનાક્ષીબેનનો ફોન આવતાં અમદાવાદ સિવીલ હોસ્પિટલમાં પહોંચેલ છે.સદર ત્રણે સાહેદોનો પુરાવો ચૂકાદામાં વિસ્તૃત નોંધેલ છે.

આ સિવાય બનાવ નજરે જોનાર સાહેદ તરીકે પ્રજાપતિ નરેન્દ્રભાઇ બબાભાઇને આંક-૪૧ થી સોગંદ ઉપર તપાસેલ છે. ફરિયાદપક્ષના કેસ અનુસાર તેઓએ હાલનો બનાવ નજરો નજર જોયા બાદ તરત જ મરણજનારના ઘરના સભ્યોને

જાણ કરેલ છે. બનાવ નજરે જોનાર બીજા સાહેદ તરીકે ગાંધી અનીલભાઈ મફતલાલને આંક–૪૫ થી સોગંદ ઉપર તપાસેલ છે. ફરિયાદપક્ષના કેસ અનુસાર તેઓ સીકયુરીટી ગાર્ડ તરીકે તીરૂપતિ શાહીબાગ ટાઉનશીપમાં ફરજ બજાવે છે અને તેઓએ આ કામના મરણજનારને આરોપીઓ ધ્વારા ધોકા અને ધારીયાથી માર મારતાં જોયેલ છે.સદર બંને નજરે જોનાર સાહેદોનો પુરાવો ચૂકાદામાં વિસ્તૃત નોંધેલ છે.સદર બંને સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલ છે અને હોસ્ટાઈલ જાહેર થયા બાદ વિ.એ.પી.પી.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં ફરિયાદપક્ષના કેસની હકીકતોને લેશ માત્ર સમર્થનકારી પુરાવો આપેલ નથી.

ફરિયાદપક્ષે પંચ સાહેદો ઠાકોર રમેશજી મગનજીને આંક–૧૯ થી,રાઠોડ ઉદેસિંહ મંગાજીને આંક–૨૨ થી,વાઘેલા રમેશજી મોહતાજીને આંક–૨૬ થી, ચોધરી શંકરભાઈ ગણેશભાઈને આંક–૨૯થી,ઠાકોર જીતુજી મોહનજીને આંક–૩૦થી થી, રાઠોડ વિક્રમસિંહ રતુસિંહને આંક–૩૧થી તેમજ ભીલ વિનોદભાઈ શાંતીલાલને આંક–૩૪ થી સોગંદ ઉપર તપાસેલ છે.સદર સાતેય પંચ સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલ છે અને તેઓ રુબરુ કરવામાં આવેલ પંચનામાની હકીકતો સમર્થન કરેલ નથી.

સરકારી સાહેદોમાં ગુનાવાળી જગ્યાનો નકશો બનાવનાર નાયબ મામલતદાર પટેલ ભરતકુમાર રણછોડભાઈને આંક–૪૬ થી તપાસેલ છે તેમજ પોલીસ સાહેદમાં પો.સ્ટે.ઓ. વાઘેલા વિપુલકુમાર રમેશભાઈને આંક–૪૯ થી, ત.ક.અમલદાર પટેલ મીનાક્ષીબેન જગદીશભાઈને આંક–૫૮થી,ત.ક.અમલદાર ચૌધરી ઇશ્વરભાઈ બાબુભાઈને આંક–૬૨થી તથા ત.ક.અમલદાર જયદીપભાઈ અમીતભાઈ બારોટને આંક–૬૮થી સોગંદ ઉપર તપાસેલ છે.સદર તમામ સાહેદોનો પુરાવો ચૂકાદામાં વિસ્તૃત નોંધેલ છે.

**<u>ગુનાનો સમય,સ્થળ અને જગ્યા</u>**

(૨૬) મુદ્દા નં.૧ માં કરેલ ઉપરોકત ચર્ચા પ્રમાણે પુરવાર થાય છે કે સદર બનાવ તા.૨૧–૫–૨૦૧૮ ના રોજ સવારના ૬ થી ૭ ના વચ્ચે તિરૂપતિ શાહીબાદ સોસાયટી,મેઇન ગેટ આગળ બનેલો છે.સદર કામે પ્રોસીકયુશન તરફે રજુ થયેલ સાહેદોની જુબાનીને પોલીસ દ્વારા રજુ કરેલ કાગળોથી સમર્થન મળે છે.

**<u>બનાવનુ કારણ</u>**

(૨૭) આંક–૩૫ થી ફરિયાદી રોહીતભાઇ જયંતીભાઇ પટેલે જણાવેલ છે કે મરણજનાર આરોપી નં.૨ ના છુટાછેડામાં ગયેલ હોઇ જેની અદાવત રાખીને આરોપીએ મરણજનારને મારેલ.સદર હકીકતને આંક–૩૮ થી સાહેદ ગીતાબેન જયંતીભાઇ પટેલે પણ સમર્થન આપેલ છે.તે બાબતે સાહેદ ધર્મેન્દ્રકુમાર જયંતીભાઇ પટેલે આંક–૪૪ થી ઉપરોકત હકીકત જણાવેલ છે.પરંતુ કોઇપણ સાહેદે સ્વતંત્ર પુરાવાથી સદર હકીકત જણાવેલ નથી.

**<u>મૌખિક ડી.ડી. અને વિરોધાભાસી પુરાવા</u>**

(૨૭.૧)ફરિયાદી રોહીતભાઇ જણાવે છે કે બનાવવાળી જગ્યા ઉપર તેઓ પહેલાં પહોંચેલા અને તેઓના પિતા જયંતીભાઇએ તેઓને જણાવેલ કે,"મેં પોપટભાઇ બાબુભાઇ રાવળની પત્નિના છુટાછેડમાં ગયેલ હોઇ અને તેના છુટાછેડા થયેલ હોઇ તેની અદાવત રાખીને આરોપીઓએ તેઓને કહેલ કે તમોએ છુટાછેડા કરાવેલ છે તેમ કહીને માર મારેલો".તેઓ તેઓની ઉલટતપાસમાં જણાવેલ છે કે તેઓ જયારે જગ્યા ઉપર પહોંચેલા ત્યારે આરોપીઓ તેઓના પિતાને મારતા હતા અને તે જયારે જગ્યા ઉપર પહોંચેલા તો તુરત જ તેમની માતા પહોંચી ગયેલા.તેઓએ જણાવેલ છે કે ઉપરોકત છુટાછેડાની હકીકત જે તેઓના પિતાએ તેઓને કહેલ તે તેઓની માતાએ પણ સાંભળેલ છે.પરંતુ આંક–૩૮ ની ગીતાબેનની જુબાનીમાં જોઇએ તો તેઓએ જણાવેલ છે કે સદર હકીકત તેઓને જાણવા મળેલ.તેઓએ સ્વિકારેલ છે કે જયારે તેઓ જગ્યા ઉપર પહોંચેલા ત્યારે તેમના પતિ બેભાન હતા અને મૃત્યુ સુધી બેભાન હતા.તેઓએ

એમ પણ જણાવેલ છે કે મરણજનાર ઉંધા પડેલા હતા અને તેઓના દિકરાએ તેમને સીધા કરેલા.તેઓ જયારે પહોંચેલા ત્યારે તેઓના દિકરાએ તેઓના પતિને બેઠા કરીને ખોળામાં બેસાડેલા હતા.જેથી સ્પષ્ટ છે કે જે છુટાછેડાની હકીકત ફરિયાદીએ તેઓના પિતા પાસેથી સાંભળેલ હોવાની અને તેઓના માતાની હાજરીમાં બતાવેલ હોવાનુ જણાવે છે તે હકીકત સાહેદ ગીતાબેનની જુબાનીથી સંપૂર્ણ વિરોધાભાસી છે જેથી સત્ય પ્રતિત થતુ નથી.

(૨૭.૨)જયારે મરણજનાર પોતાના મૃત્યુના સંદર્ભે કોઇ કારણ જણાવતા હોય અને પછી જો તેમનુ મૃત્યુ થાય તો તેઓનુ કથન પુરાવા અધિનિયમની કલમ ૩૨ હેઠળ ડાઇંગ ડેકલેરેશન ગણાય અને એક સબળ પુરાવો ગણાય પરંતુ હાલના કેસમાં ઉપરોકત મૌખિક ડાઇંગ ડેકલેરેશનની હકીકતને સ્વિકારવા યોગ્ય જણાતી નથી કારણ કે બંને સાહેદોની જુબાનીમાં ઘણો વિરોધાભાસ છે.સાહેદ ગીતાબેનની જુબાનીને જયારે તેઓના પોલીસ નિવેદન સાથે જોઇએ તો એ સ્પષ્ટ છે કે પોલીસ નિવેદનમાં તેઓએ જણાવેલ છે કે."તેઓ જગ્યા ઉપર પહેલાં પહોંચેલા અને તેઓના પતિને સીધા કરેલા પરંતુ તેઓના પતિ તે સમયે બેભાન હતા.જયારે કોર્ટ રુબરુની જુબાનીમાં તેઓએ જણાવેલ છે કે તેઓનો દિકરો રોહીત પહેલાં પહોંચેલ અને તેઓ પછીથી પહોંચેલા. પોલીસ નિવેદનનુ મહત્વ ફકત પુરાવા અધિનિયમની કલમ ૧૫૫ હેઠળ નિવેદન આપનારને જુબાની આપતા સમયે કોન્ટ્રાડીકટ કરવા બાબત ઉપયોગ કરી શકાય પરંતુ બીજા સાહેદને કોન્ટ્રાડીકટ કરવા ઉપયોગ કરી શકાય નહી.પરંતુ જયારે પ્રોસીકયુશનનો કેસ છે કે બંને સાહેદો એક પછી એક તરત જ બનાવવાળી જગ્યા ઉપર પહોંચેલ અને ફરિયાદીએ જણાવેલ છે કે તેઓની માતા તરત જ જગ્યા ઉપર પહોંચેલા અને તેઓના પિતા દ્વારા બનાવનુ કારણ જણાવતાં સાંભળેલ અને સાહેદ ગીતાબેને જણાવેલ છે કે તે જયારે જગ્યા ઉપર પહોંચેલા ત્યારે તેઓના પતિ બેભાન હતા ત્યારે પ્રોસીકયુશનના બે મુખ્ય સાહેદો કે જેઓ જગ્યા ઉપર બનાવ સમયે

પહોંચેલ છે અને તેઓની જુબાનીમાં ઘણો વિરોધાભાસ હોય તો ફરિયાદીની જગ્યા ઉપર હાજરી બાબતે શંકા ઉત્પન્ન થવી સ્વાભાવિક બાબત છે.

સાહેદ ગીતાબેન પોતાની ઉલટતપાસમાં જણાવે છે કે જયારે તેઓએ પોલીસને જવાબ લખાવતા હતા ત્યારે તેઓની માનસિક સ્થિતી સારી ન હતી જેથી જવાબ તેઓના દિકરા આપતા હતા.ડો.પ્રવિણકુમાર પોપટલાલ સોનીની જુબાની આંક–૧૩ અને આંક–૧૪ નુ મેડીકલ સર્ટીફીકેટ ધ્યાને લઈએ તો હોસ્પિટલમાં ગીતાબેને આરોપીઓના નામ જોગ મેડીકલ હીસ્ટ્રી લખાવેલ છે.જેથી એટલુ સ્પષ્ટ થાય છે કે સાહેદ ગીતાબેન તે સમયે પરિસ્થિતી અને સંજોગોને સમજી શકવાની માનસિક સ્થિતીમાં હતા.ડોકટરશ્રી સમક્ષ આપેલ મેડીકલ હીસ્ટ્રી બાબતે બચાવપક્ષ દ્વારા ઉલટતપાસમાં કંઈ પુછવામાં આવેલ નથી.

**ફરિયાદીની કપડા બાબતે વિરોધાભાસી હકીકતો**

(૨૭.૩)આંક–૩૫ થી ફરિયાદી રોહીતભાઈની જુબાની જોવામાં આવે તો ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે,"મેં મારા પપ્પાને જયારે બાથમાં લીધેલા ત્યારે મારા કપડા લોહી વાળા થયેલ હશે".સાહેદ ગીતાબેને પોતાની ઉલટતપાસમાં જણાવેલ છે કે,"એ વાત ખરી છે કે મારા દિકરાએ મારા પતિને ખોળામાં લેવાથી તેના કપડા લોહીવાળા થયેલ હતા".પોલીસે ફરિયાદી રોહીતભાઈના બનાવ સમયે પહેરેલ કપડા કબજે લીધેલ નથી.મેડીકલ સર્ટીફીકેટ, ડોકટરશ્રીની જુબાની તેમજ સાહેદોની જુબાનીથી સ્પષ્ટ છે કે મરણ જનારને ગંભીર ઈજાઓ થયેલ હતી તેમજ ગુનાવાળી જગ્યા ઉપરની માટીમાં મરણ જનારનુ લોહી મળી આવેલ હતુ તેવા સંજોગોમાં ફરિયાદીને તેઓના કપડા ઉપર લાગેલ લોહીનુ ભાન ના હોય તે શંકાસ્પદ લાગે છે.જયારે કેસ સબસ્ટન્સીવ પુરાવાથી પુરવાર થતુ હોય તો ફકત કપડા ઉપર લોહીની હાજરી અથવા તો કપડાની ન થયેલ રીકવરીથી કેસ ઉપર અસર પડે નહી પરંતુ હાલના કેસમાં કોર્ટ સમક્ષ સાહેદોની જુબાની અને પોલીસ રેકર્ડમાં ઘણો વિરોધાભાસ છે.ફરિયાદીના કપડામાં

મરણજનારનુ લોહી, મરણજનાર ધ્વારા પોતાના મૃત્યુ બાબતે કહેલ કથન અને સાહેદ ગીતાબેનની બનાવવાળા જગ્યા ઉપર પહોંચવાના સમય બાબતે ગીતાબેન અને ફરિયાદીની જુબાનીમાં ઘણો વિરોધાભાસ છે.તેમજ સાહેદ ધર્મેન્દ્રભાઇની જુબાનીને તેઓના પોલીસ નિવેદન સાથે તુલના કરીએ અને તપાસ કરનાર અમલદારશ્રીની જુબાની સાથે ધ્યાને લઇએ તો જગ્યા ઉપર ફરિયાદીની પહેલાં હાજરી શંકાથી પર પુરવાર થતી જણાઇ આવતી નથી તેવા સંજોગોમાં ફરિયાદીએ ખરેખર આરોપીને માર મારતાં જોયેલ હોય તે હકીકત પુરવાર થયેલ હોય તેવુ જણાાઇ આવતુ નથી. "***fALSUS IN UNO,FALSUS IN OMNIBUS***" ના સિધ્ધાંત બાબતે નામદાર સર્વોચ્ચ ન્યાયાલય ધ્વારા **ઈસરાર વિરૂધ્ધ સ્ટેટ ઓફ યુ.પી. એ.આઇ.આર.૨૦૦૫, સુપ્રિમકોર્ટ પેજ ૨૪૯** ઉપર વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ છે.લેટીનનો ઉપરોકત પ્રોવર્બ ભારતીય કાયદામાં લાગુ પડતો નથી કારણ કે એક વિરોધાભાસના આધારે સાહેદને ખોટુ બોલવાવાળા તરીકે જાહેર અથવા માની ના શકાય.પરંતુ જયારે સાક્ષીની જુબાનીમાં ઘણો વિરોધાભાસ હોય અને બે થિયરી સ્પષ્ટ ઉત્પન્ન થતી હોય જેમાં એક આરોપીની વિરૂધ્ધમાં અને બીજી આરોપીની તરફેણમાં હોય તેવા સંજોગોમાં આરોપીની તરફેણમાં નિર્ણય લેવો ન્યાયોચિત હોય છે.હાલના કેસમાં સાહેદોની જુબાની તેઓના પોલીસ સ્ટેટમેન્ટ સાથે ધ્યાને લઇને તેમજ વિરોધાભાસ તપાસ કરનાર અધિકારીશ્રીની જુબાની વિગેરેને એકીસાથે ધ્યાને લઇએ તો ફરીયાદીની બનાવના દરમિયાન જગ્યા ઉપર હાજરી શંકાસ્પદ જણાય છે જેથી ફરિયાદીની બનાવ સ્થળ ઉપર હાજરી શંકાના પરે પ્રોસીકયુશન પુરવાર કરી શકેલ નથી,તેવુ માનવુ ન્યાયોચિત જણાય છે.

**<u>ફરિયાદી,સાહેદ ગીતાબેન અને સાહેદ ધર્મેન્દ્રભાઇની જુબાનીમાં આવેલ વિરોધાભાસ</u>**

(૨૭.૪)આંક–૪૪ થી ધર્મેન્દ્રકુમાર જયંતીભાઇને તપાસવામાં આવેલ છે.જેઓ જણાવે છે કે

સુરતથી અમદાવાદ સિવીલ હોસ્પિટલમાં તેઓ બપોરના અઢી વાગે પહોંચેલા અને તેઓના માતાને પુછપરછ કરતાં તેમણે જણાવેલ કે,"તારા પપ્પા સવારે દુધ લેવા છ વાગે ગયેલ હતા,તેઓ લેટ થતાં રોહીત તેમની ભાળ લેવા બહાર નીકળેલ હતો અને પ્રજાપતિ નરેન્દ્રભાઇ બબાભાઇએ કહેલ કે તમારા ઘરેથી બહાર દુધ લેવા ગયેલ છે. સોસાયટીના ગેટ આગળ પોપટભાઇએ ધારીયા વડે હુમલો કરેલ છે અને બાબુભાઇએ ધોકા વડે હુમલો કરેલ છે.હુ ત્યાં ગયેલ તો જોયેલ તો તેઓએ ઉંધા માથે બેભાન અવસ્થામાં પડેલ હતા".સદર સાહેદની પણ ઉપરોકત હકીકત તેમજ મહેસાણા હોસ્પિટલમાં ડોકટરશ્રી રુબરુ સાહેદ ગીતાબેન દ્વારા લખાવવામાં આવેલ મેડીકલ હીસ્ટ્રી જોતાં એ સ્પષ્ટ થાય છે કે ગીતાબેન સંજોગો પ્રત્યે માનસિક રીતે સમજી શકવાની સ્થિતીમાં હતા અને તેઓ જગ્યા ઉપર પહોંચ્યા ત્યારે મરણ જનાર ઘાયલ અવસ્થામાં ઉંધા પડેલ હતા તે હકીકતને તપાસ કરનાર અધિકારીશ્રીની જુબાનીથી પણ સમર્થન મળે છે.પરંતુ સાહેદ ગીતાબેને કોર્ટ રુબરુની જુબાનીમાં જણાવેલ છે કે તેઓ પહોંચેલ તો તેઓના પતિ ઉંધા પડેલ હતા અને તેઓના દિકરાએ તેઓના પતિને બેઠા કરેલ હતા.સાહેદ ગીતાબેન અને સાહેદ ધર્મેન્દ્રભાઇની કોર્ટ રુબરુની જુબાનીમાં ઘણો વિરોધાભાસ છે.બંને સાહેદોએ પોલીસ નિવેદનમાં જણાવેલ છે કે બનાવના દિવસે નરેદ્રભાઇના કહેવાથી ગીતાબેને બનાવ બાબતે જાણેલ અને જગ્યા ઉપર પહોંચેલ ત્યારે તેઓના પતિ ઉંધા પડેલ હતા,જેને તેઓએ સીધા કરેલા,ત્યારે તેઓના પતિ બેભાન હતા.જયારે કે કોર્ટ રૂબરૂની જુબાનીમાં બંને સાહેદો જણાવે છે કે રોહીત જગ્યા ઉપર પહેલાં પહોંચેલ,પછી ગીતાબેન પહોંચેલ જે મોટો વિરોધાભાસ છે.

(૨૭.૫)ડોકટરશ્રી પ્રવિણ પોપટલાલ સોનીને તા.૨૧-૫-૧૮ ના રોજ સવારના ૬-૫૦ કલાકે ગીતાબેને હીસ્ટ્રી લખાવેલ કે "બાબુભાઇ લવજીભાઇ રાવળ અને પોપટભાઇ બાબુભાઇ રાવળે માર મારેલ છે". બનાવ બન્યાના ૩૦ મીનીટના સમય ગાળામાં હોસ્પિટલમાં પહોંચીને સાહેદ દ્વારા હીસ્ટ્રી લખાવવામાં આવેલ છે.**જે બહુ જ સ્ટ્રોંગ**

**પ્રીઝમપ્શન** આરોપીઓ વિરૂધ્ધ ઉભો કરે છે.કેમ કે આટલા ઓછા સમયમાં અને તેવા કઠીન સંજોગોમાં સાહેદ કઇ રીતે કોઇ ખોટા નામ હીસ્ટ્રીમાં જણાવી શકે.પરંતુ તેઓની જુબાનીમાં તેઓએ જણાવેલ છે કે તેઓને જાણવા મળેલ તેમજ તેઓએ જણાવેલ છે કે નરેન્દ્રભાઇએ તેઓને જણાવેલ કે બાબુભાઇ અને પોપટભાઇ લાકડાના ધોકા અને ધારીયાથી જયંતીભાઇને માર મારેલ છે,પરંતુ સાહેદ નરેન્દ્રભાઇએ સદર હકીકતને સમર્થન કરેલ નથી અને હોસ્ટાઇલ જાહેર થયેલ છે જેથી હીયર સે એવીડન્સની વેલ્યુ શૂન્ય થઇ જાય છે.તેમજ ક્રિ.પ્રો.કોડ કલમ ૧૬૧ ના નિવેદનમાં બંને સ્વતંત્ર સાહેદોએ તેમના નિવેદનમાં આરોપીઓના નામજોગ જણાવેલ છે કે બંને આરોપીઓ મરણજનારને ધારીયા અને લાકડાના ધોકાથી માર મારેલ.પરંતુ સાહેદ નરેન્દ્રભાઇએ પોતાની જુબાનીમાં આ બાબતે ઇન્કાર કરેલ છે.જયારે કે ગીતાબેને જણાવેલ છે કે નરેન્દ્રભાઇએ તેમને જાણ કરેલ પરંતુ કોર્ટ સમક્ષ નરેન્દ્રભાઇના ઇન્કાર કરવાથી સદર હકીકતનુ મહત્વ રહેતુ નથી.તેમજ સાહેદ અનિલભાઇ મફતલાલ ગાંધી પણ પોતાની જુબાનીમાં બનાવની એક પણ હકીકતને સમર્થન આપેલ નથી.

બચાવપક્ષે ડોટકરશ્રીની ઉલટતપાસમાં પુછેલ છે કે ધારદાર વસ્તુ ઉપર પડવાથી ઇજાઓ થઇ શકે છે પરંતુ સદર જગ્યા ઉપર કોઇ ધારદાર વસ્તુની હાજરી મળી આવેલ નથી,જે ફરિયાદપક્ષનો બચાવ કે મરણજનારને જાતે જ વાગેલ છે તે પુરવાર થતુ નથી. જેથી બહુ જ સ્ટ્રોંગ પ્રીઝમપ્શન હોવાછતાં પ્રોસીકયુશને જગ્યા ઉપર બનાવના સમયે ફરિયાદીની હાજરી અથવા તો મરણજનારનુ ઓરલ ડીડી પુરવાર કરી શકવામાં અસમર્થ રહેલ છે.

(૨૭.૬)બંને સાહેદો ગીતાબેન અને રોહીતભાઇની જુબાનીમાં ઘણો વિરોધાભાસ છે.તેઓ બંનેએ સ્વિકારેલ છે કે ૧૦૮ એમ્બ્યુલન્સ આવતાં ગીતાબેન,રોહીતભાઇ અને ચંદ્રકાન્ત વિસાભાઇ સાથે મરણજનારને સિવીલ હોસ્પિટલમાં લઇ ગયેલા.ફરિયાદીની ફરિયાદ અને સાહેદ ગીતાબેનના નિવેદનનમાં ઘણુ અંતર છે.સાહેદ ગીતાબેન અને

રોહીતભાઇ બંને સ્વિકારેલ છે કે પોલીસે તેઓ બંને જયારે એક સાથે હતા ત્યારે પુછપરછ કરેલ.જયારે કે તપાસ કરનાર અમલદારે જણાવેલ છે કે તેઓએ જયારે ફરિયાદ લીધી ત્યારે ત્યાં કોઇ સ્ત્રી ન હતી.

**<u>ફરિયાદી અને સાહેદ નરેન્દ્રભાઇની જુબાનીમાં આવેલ વિરોધાભાસ</u>**

(૨૭.૭)ફરિયાદીએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે તેઓએ જયારે તેના પિતાની ભાળ લેવા માટે નીકલેલા ત્યારે નરેન્દ્રભાઇ મળેલા પરંતુ તેઓ અને નરેન્દ્રભાઇ વચ્ચે કોઇ વાતચીત થયેલ નહી.તેઓ વધુમાં જણાવે છે કે નરેન્દ્રભાઇ જયારે સોસાયટીમાંથી નીકળેલા ત્યારે સોસાયટીના નાકે અવળી દિશામાં ઉભેલ હતા.અને ફરિયાદીને ભાગતા જોઇને પછી એ બાજુ જોઇને ફરિયાદીના ઘરે જાણ કરેલી.બંને જણા પાડોશીઓ છે,સામસામે રહે છે.નરેન્દ્રભાઇની જુબાનીથી સ્પષ્ટ છે કે તેઓએ મરણજનારના સાથે વાતચીત કરેલ અને પછી આગળ જતા રહેલા પછી જયારે મરણજનારની ચીચીયારી સાંભળેલ તો પાછળ જોએલ તો બે જણા મરણજનારને ધારીયુ અને લાકડાના ધોકાથી મારતા હતા.સદર સાહેદ પોતાના નિવેદનમાં આરોપીના નામજોગ જણાવેલ છે કે આરોપીઓ મરણજનારને ધોકા અને ધારીયાથી મારતા હતા. સદર વિરોધાભાસના લીધે સાહેદને હોસ્ટાઇલ જાહેર કરી પ્રશ્ન પુછવામાં આવેલ તો પણ તેઓએ આરોપીઓને ઓળખવાનો ઇન્કાર કરેલ છે. બીજા સ્વતંત્ર સાહેદ સાહેદ નં.૧૪ ગાંધી અનિલભાઇ મફતભાઇ જેઓ તિરૂપતી શાહીબાગ સોસાયટીમાં વોચમેન તરીકે ફરજ બજાવતા હતા જેમના પોલીસ નિવેદનમાં આરોપીઓના નામજોગ આવેલ છે કે આરોપીઓએ મરણજનારને લાકડાના ધોકા અને ધારીયાથી માર મારેલ જયારે કે કોર્ટ સમક્ષની જુબાનીમાં તેઓએ સદર હકીકતનો ઇન્કાર કરેલ છે અને પ્રોસીકયુશન તરફે હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે.ઉપરોકત બંને સ્વતંત્ર સાહેદ સિવાય બીજા કોઇ સ્વતંત્ર સાહેદ પ્રોસીકયુશને તપાસેલ નથી અને પ્રત્યક્ષ પુરાવાથી કેસ પુરવાર કરેલ નથી.પરિવારના ત્રણેય સભ્યો રોહીતભાઇ,

ગીતાબેન અને ધર્મેન્દ્રભાઈની જુબાનીમાં ઘણુ કોન્ટ્રાડીકશન અને ઓમીશન આવેલ છે. ફરિયાદીએ સાહેદ નરેન્દ્રભાઇને રસ્તામાં જોયેલ હતા તે બાબતે ઉલટતપાસમાં કોઇ પ્રશ્ન પુછવામાં આવેલ નથી.પરંતુ ફકત પ્રશ્ન ના પુછવાથી પ્રોસીકયુશન દ્વારા રેકર્ડ ઉપર મુકવામાં આવેલ હકીકતમાં મોટા પાયા ઉપર ઉત્પન્ન થયેલ વિરોધાભાસને નજરઅંદાજ કરવા યોગ્ય નથી.

**<u>આરોપીની પેન્ટ રીકવરી બાબતે અપુરતા પુરાવા</u>**

(૨૭.૮)આંર–૨૪ થી આરોપીઓની શરીરસ્થિતી તેમજ કપડા કબજે કર્યા અંગેનુ પંચનામુ રજુ છે.સદર પંચનામાના પંચ સાહેદ રાઠોડ ઉદેસીંહ મંગાજીને આંક–૨૨ થી તથા પંચ સાહેદ ઠાકોર જીતુજી મોહનજીને આંક–૩૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે.બંને પંચ સાહેદોએ પંચનામાની હકીકતો ને સમર્થન કરેલ નથી અને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે. ફકત પંચનામા ઉપર તેમજ પંચસ્લીપો ઉપર પોતાની સહી ઓળખી બતાવેલ છે.આંક–૮૦ થી રજુ એફ.એસ.એલ.નો સીરોલોજીકલ વિભાગનો રીપોર્ટ રજુ છે.જેમાં જણાવવામાં આવેલ છે કે મુ.આ.નં.–એફ જે આરોપી બાબુભાઇનુ પેન્ટ છે તેના ઉપર લોહીની હાજરી મળી આવેલ છે.ગુનો તારીખ ૨૧–૫–૨૦૧૮ ના રોજ સવારના ૬ થી ૬–૩૦ ના અરસામાં બનેલ છે જયારે કે આંક–૨૪ વાળુ પંચનામુ તા.૨૩–૫–૨૦૧૮ ના રોજ ૧૨–૫૦ થી ૧–૩૦ વાગે પુરુ થયેલ છે.આમ બે દિવસ કરતાં વધારે સમયગાળા પછી પેન્ટ રીકવર કરવામાં આવેલ છે તેમજ એક પણ પંચે સમર્થન આપેલ નથી.આવા સંજોગોમાં જયારે કે પ્રોસીકયુશનનો કેસ ઘણો વિરોધાભાસ ઉપર આધારીત હોય ત્યારે ફકત તપાસ કરનાર અમલદારશ્રીની જુબાનીથી આરોપી પાસેથી મુદ્દામાલ આર્ટીકલ–એફ કબજે કરવાની હકીકત પુરવાર ગણવી ન્યાયોચિત જણાઇ આવતી નથી.જેથી તેઓના પેન્ટ ઉપર મરણજનારના બ્લડ ગૃપની હાજરી મળી આવવાથી ગુનાની કડીથી તેઓને સાંકળી શકાય તેમ નથી.

**<u>મોટીવ બાબતે પુરાવાનો અભાવ</u>**

(૨૭.૯)જયારે ફોજદારી કેસમાં આરોપીની ડાયરેકટ ગુનામાં સાંકળી શકાય તેમ ના હોય અને કેસ સંજોગોના આધારે પુરવાર કરવાનો હોય તો પ્રોસીકયુશનની જવાબદારી છે કે ગુનાનુ મોટીવ પુરવાર કરે. હાલના કેસમાં ફરિયાદી,સાહેદ ગીતાબેન, સાહેદ ધર્મેન્દ્રભાઇ દ્વારા જણાવવામાં આવેલ છે કે આરોપી પોપટભાઇના છુટાછેડામાં મરણજનારની હાજરીના લીધે અદાવત રાખીને આરોપીઓએ મરણજનાર ઉપર હુમલો કરીને મૃત્યુ નિપજાવેલ છે.પરંતુ તે બાબતે પ્રોસીકયુશને કોઇ વિશ્વસનીય પુરાવાથી મોટીવ પુરવાર કરેલ નથી.ફરિયાદી દ્વારા જણાવવામાં આવેલ છે કે ફરિયાદીને મરણજનારે બનાવનુ કારણ જણાવેલ પરંતુ સદર જગ્યા ઉપર તેઓના પહેલાં પહોંચવા બાબતેની હકીકત શંકારહીત પુરવાર થયેલ નથી તેવા સંજોગોમાં મરણજનારે તેઓને કંઇ જણાવેલ હોય તે શંકાસ્પદ લાગે છે.તેમજ કોઇપણ સાહેદે એવું જણાવેલ નથી કે અગાઉથી તેઓને અદાવતની જાણ હતી.ગુનાનુ મોટીવ કોઇપણ કેસ પુરવાર કરવામાં મજબુત કડી હોય છે.પરંતુ હાલના કેસમાં પ્રોસીકયુશને તે પુરવાર કરેલ નથી.હાલના કેસમાં રેકર્ડ જોતાં આરોપીઓ વિરૂધ્ધ બહુ મજબુત શંકા ગુના બાબતે ઉત્પન્ન થાય છે પરંતુ શંકા કેટલી પણ મજબુત હોય તે પુરાવાનુ સ્થાન લઇ શકે નહી.

**<u>મરણજનારની જગ્યા ઉપર હાજરી</u>**

(૨૭.૧૦)મરણજનારની જગ્યા ઉપર હાજરી બાબતે કોઇ શંકા રહેતી નથી. ફરિયાદીની ફરિયાદ તેમજ સાહેદ ગીતાબેન અને નરેન્દ્રભાઇની જુબાનીથી તેમજ જગ્યા ઉપરથી કબજે લેવામાં આવેલ માટીમાં મરણજનારના બ્લડ ગૃપની હાજરીથી સ્પષ્ટ છે કે મરણજનાર ત્યાં દૂધ લેવા માટે પહોંચેલ હતા અને તેઓ ઉપર હુમલો કરવામાં આવેલ.બનાવનો સમય સવારનો હતો. ઉનાળાના દિવસો હતા.જયારે બે સોસાયટીની સામેની જગ્યા ઉપર બનાવ બનેલ હોય તેમજ સાહેદોની જુબાનીમાં પણ આવેલ છે કે

ઘણા લોકો ભેગા થઇ ગયેલા તેવા સંજોગોમાં એકપણ સ્વતંત્ર સાહેદ આવા ગંભીર ગુનામાં સમર્થન આપેલ નથી. જે બે સ્વતંત્ર સાહેદો તપાસવામાં આવેલ છે તેઓ પણ હોસ્ટાઇલ જાહેર થયેલ છે અને પ્રોસીકયુશનને સમર્થન કરેલ નથી. હાલના સંજોગો સમાજ માટે ઘાતક અને સમાજના હીતથી વિપરીત છે.

**<u>ક્રિ.પ્રો.કોડ કલમ ૩૧૩ અન્વયે અનુમાનનુ સ્ટેજ</u>**

(૨૭.૧૧)ક્રિ.પ્રો.કોડ કલમ ૩૧૩ ના નિવેદનમાં આરોપી એફ.એસ.એલ. પરિક્ષણમાં તેમના પેન્ટમાં બ્લડ ગૃપની હાજરી મળી આવેલ છે તે પ્રશ્નના ઉત્તરમાં ખોટી વાત હોવાનુ જણાવેલ છે.એફ.એસ.એલ. રીપોર્ટ એક સાયન્ટીફીક ટેસ્ટ છે,ફકત ઓપીનીયન નથી.જયારે પ્રોસીકયુશન પોતાનો કેસ બીયોન્ડ રીઝનેબલ ડાઉટ પુરવાર કરેલ હોય ત્યારે ક્રિ.પ્રો.કોડ કલમ ૩૧૩ હેઠળ નોંધેલ નિવેદનના વિરૂધ્ધ ઇન્ફરેન્સ ત્યારે કાઢી શકાય પરંતુ હાલના કેસમાં તપાસ અને પ્રોશીકયુશન બંને સ્તરે ઘણું કોન્ટ્રાડીકશન અને ઓમીશન જોવા મળે છે જેથી ક્રિ.પ્રો.કોડ કલમ ૩૧૩ હેઠળ નોંધેલ નિવેદનના વિરૂધ્ધ ઇન્ફરેન્સ કાઢવો ન્યાયોચિત નથી.

**<u>પોલીસ નિવેદનનુ મહત્વ</u>**

(૨૭.૧૨)ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૫૫ પ્રમાણે સાહેદના પોતાના નિવેદનની વિરૂધ્ધ કોન્ટ્રાડીકટ કરી શકાય તેમજ જયારે કોઇ બીજા વ્યક્તિ સાથે તેઓની પ્રત્યક્ષ વાતચીત થયેલ હોય તો તે બાબતે પુછી શકાય.સાહેદ ગીતાબેનની જુબાનીમાં જો કોન્ટ્રાડીકશન લેવામાં આવેલ છે તે સંદર્ભે તપાસ કરનાર અધિકારીશ્રીને પુછવામાં આવેલ છે અને તેઓએ સદર કોન્ટ્રાડીકશન બાબતે જણાવેલ છે કે ગીતાબેને જણાવેલ છે કે તેઓ જગ્યા ઉપર પહેલાં પહોંચેલા તેમજ તમામ સાક્ષીઓના કોન્ટ્રાડીકશન બાબતે તેઓએ જણાવેલ છે કે પોલીસ નિવેદન પ્રમાણે તેઓએ હકીકત જણાવેલ.જે કોન્ટ્રાડીકશન પ્રોસીકયુશનને કેસને નબળો કરેલ છે.

**તપાસ અને પ્રોસીકયુશનની ખામી(લેકયુના)**

(૨૭.૧૩)ફરિયાદપક્ષના સાહેદ નં.૧૫ પટેલ ભરતકુમાર રણછોડભાઇની જુબાની આંક–૪૬ થી રેકર્ડ કરવામાં આવેલ છે અને આંક–૪૭ થી ગુનાવાળી જગ્યાનો નકશો રજુ કરવામાં આવેલ છે. જે નકશો તેઓએ જુબાનીના એક દિવસ અગાઉ તા.૬–૯–૨૦૧૯ ના રોજ તૈયાર કરેલ.એટલે કે લગભગ સવા વર્ષ પછી આવા ગંભીર ગુનામાં મામલતદારશ્રી ધ્વારા નકશો તૈયાર કરવામાં આવેલ છે.

(૨૭.૧૪)સાહેદ નરેન્દ્રભાઇ બબાભાઇ પોતાની આંક–૪૧ ની જુબાનીના પાન–૨ ઉપર જણાવે છે કે જયંતીભાઇને માર મારતા જે બે વ્યક્તિ આરોપીના કઠેડામાં બેઠેલ છે તે છે. પછી દુરના ચશ્મા છે અને ચશ્મા પહેરેલ ન હતા તેવુ જણાવેલ છે પરંતુ પ્રોસીકયુશન ધ્વારા રેકર્ડ પર લાવવામાં આવેલ નથી કે સદર બનાવ તેઓએ કેટલા દુરથી જોયેલ તેમજ પાન નં.૩ ઉપર ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે તેઓ ચોકકસ કહી શકે નહી કે તે જ આરોપીઓ હતા.જે બાબતે પ્રોસીકયુશન ધ્વારા સદર સાહેદના રી એકઝામીન કરવામાં આવેલ નથી.

(૨૭.૧૫)પોલીસ ધ્વારા કરવામાં આવેલ તપાસ ઘણી નબળી છે.સાહેદ નરેન્દ્રભાઇ ઉર્ફે નરેશભાઇએ તેઓની આંક–૪૧ ની જુબાનીની ઉલટતપાસમાં જણાવે છે કે ગુનાવાળી જગ્યાના પંચનામા વખતે જગ્યા ઉપર ફકત પોલીસવાળા અને તેઓ હાજર હતા,તે સિવાય કોઇ હાજર ન હતા.આ કેસમાં સાતે સાત પંચો હોસ્ટાઇલ જાહેર થયેલ છે જયારે કે ઉપરોકત સાહેદની જુબાનીને ધ્યાને લઇએ તો એ સ્પષ્ટ છે કે તપાસમાં બેદરકારી થયેલ છે.સદર તમામ પંચનામાની હકીકતો તપાસ કરનાર અમલદારશ્રીએ પોતાની જુબાનીમાં ગ્રાહય રાખેલ છે.કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ પોલીસવાળાની જુબાની પણ પુરાવામાં ઘણું મહત્વ ધરાવે છે અને તે આધારે પણ સજા થઇ શકે પરંતુ હાલના કેસમાં તપાસ ઘણી નબળી છે.દરેક હકીકતના વિરૂધ્ધ બીજી હકીકત ઉભી થઇને કોન્ટ્રાડીકશન સ્થાપિત કરે છે. ચાર્જશીટના તબકકે પણ

પોલીસે ગુનાવાળી જગ્યાનો નકશો લઇને રેકર્ડ સાથે રજુ રાખવાની તકેદારી રાખેલ નથી.તેમજ સાહેદોના નિવેદન અને જુબાનીમાં ઘણુ કોન્ટ્રાડીકશન અને ઓમીશન છે.જયારે પ્રોસીકયુશનનો કેસ આરોપી પોપટભાઇના છુટાછેડાના બનાવની અદાવતના કારણે થયેલાનો કેસ છે તેવા સંજોગોમાં ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૦૪ પ્રમાણે અદાવતની હકીકત પુરવાર કરવી જોઇતી હતી જે હાલના કેસમાં પ્રોસીકયુશન ધ્વારા પુરવાર કરવામાં આવેલ નથી.

(૨૭.૧૬)જયારે કેસમાં બધા પુરાવા રેકર્ડ થયા પછી કોર્ટ સમક્ષ બે થિયરી ઉત્પન્ન થાય જેમાં એક આરોપીની તરફેણમાં હોય અને બીજી આરોપીની વિરૂદ્ધમાં હોય તેવા સંજોગોમાં ફોજદારી કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ જે થિયરી આરોપીની તરફેણમાં હોય તે સ્વિકારવી જોઇએ.

(૨૮) નામદાર સુપ્રિમકોર્ટે શરદ વિરદીચંદ શારદા વિરૂદ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર,AIR,1984 SC 1922 ના ચૂકાદામાં પેરા-૯૨ માં ઠરાવેલ છે કે,"જયારે સંજોગો પર પ્રોસીકયુશનનો કેસ આધારીત હોય તો પ્રોસીકયુશન ધ્વારા એ પુરવાર કરવુ પડે કે ગુનો નિ:શંકપણે આરોપી ધ્વારા કરવામાં આવેલ છે,આરોપી સિવાય બીજા કોઇ ધ્વારા કરવામાં આવેલ ગુનાને હાઇપોથેસીસ પ્રતિપાદીત ન હોવુ જોઇએ.કોઇપણ સંજોગોમાં ગુનો ફકત આરોપીએ કરેલ છે બીજા કોઇએ નહી તે નિષ્કર્ષ સ્થાપિત થવો જોઇએ તેમજ સંજોગો નિર્ણાયક હોવા જોઇએ.પુરાવાની ચેન પુરેપુરી સંકળાયેલ હોવી જોઇએ જે ફકત આરોપીને ગુનેગાર દર્શાવતુ હોવુ જોઇએ".

ફરિયાદપક્ષે રજુ કરેલ પુરાવાની ઉપરોકત વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ છે તે મુજબ આ કામે ફરિયાદપક્ષ આરોપીઓ સામેના પુરાવાની સાંકળ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી જેથી તેનો લાભ આરોપીઓને મળવા પાત્ર છે.

**<u>બચાવપક્ષના વકીલશ્રી ધ્વારા રજુ કરવામાં આવેલ કાનૂની ચૂકાદા અને તેનુ મૂલ્યાંકન</u>**

(૨૯)આરોપીઓના વિ.વ.શ્રીએ તેમની દલીલોના સમર્થનમાં 2011(0) AIJEL–HC–225581,Abdulbhai Samratbhai Sipai V/s State of Gujarat નો ચૂકાદો રજુ કરેલ છે.ઉપર ચર્ચા કર્યા મુજબ આરોપી બાબુભાઇની પેન્ટ ઉપર મરણજનારના બ્લડગૃપની હાજરી મળી આવેલ છે પરંતુ મુદ્દામાલ હથિયાર ઉપર કોઇ લોહી મળી આવેલ નથી.તેમજ સાહેદ ગીતાબેન, ફરિયાદી રોહીતભાઇ અને સાહેદ નરેન્દ્રભાઇની જુબાનીમાં ઘણો વિરોધાભાસ આવેલ છે જે જગ્યા ઉપર ફરિયાદી રોહીતભાઇની હાજરી બાબતે શંકા ઉપજાવે છે.જેથી સદર ચૂકાદાના સિધ્ધાંતો હાલના કેસને લાગુ પડે છે.

(૨૯.૧)હાલના કેસમાં હથિયાર ઉપર બ્લડની હાજરી મળી આવેલ નથી.આરોપી બાબુભાઇના પેન્ટ ઉપર બ્લડની હાજરી મળી આવેલ છે પરંતુ પોલીસ કસ્ટડીમાં આવેલ મુદ્દામાલ અને confessional stetment પ્રોસીકયુશન પુરવાર કરી શકેલ નથી જેથી આરોપી તરફે રજુ કરેલ 2012(0) AIJEL–HC–232523,Thakor Govaji Sendhaji V/s State of Gujarat ના કેસમાં પ્રતિપાદીત કરેલ સિધ્ધાંતો હાલના કેસમાં પુરેપુરા લાગુ પડે છે.

(૨૯.૨)હાલના કામે બનાવવાળી જગ્યા ખુલ્લી જગ્યા છે. બનાવ સવારના સમયે બનેલ છે. જગ્યા રોડ ઉપરની છે જયાં બે સોસાયટીઓ આવેલ છે.બનાવ પછી ભીડ પણ જમા થયેલ છે. પરંતુ નરેન્દ્રભાઇ કે જેઓ પ્રોસીકયુશનના કેસ મુજબ જગ્યા ઉપર મરણજનારને માર મારતા જોયેલ તેઓએ ગુજરનારની પત્નિને આરોપીઓના નામ અને હથિયાર સાથે બનાવની વિગત જણાવેલ પરંતુ કોર્ટ સમક્ષ સદર સાહેદ હોસ્ટાઇલ જાહેર થયેલ છે.એક પણ પંચ સાહેદે પ્રોસીકયુશનના કેસને સમર્થન આપેલ નથી. તેવા સંજોગોમાં ફકત આરોપી બાબુભાઇના પેન્ટ ઉપર સીરોલોજીકલ રીપોર્ટ પ્રમાણે બ્લડની હાજરી મળી આવવાથી Conviction record ન કરી શકાય જેથી આરોપીના વિ.વ.શ્રી ધ્વારા રજુ કરેલ 2012(0) AIJEL–HC–229531,

Khodabhai Babubhai Gohel V/s State of Gujarat ના કેસમાં કાયદાના પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત હાલના કેસને લાગુ પડે છે.

**<u>નિષ્કર્ષ</u>**

(૩૦) આમ, ઉપરોકત કરેલ ચર્ચા અનુસાર ફરિયાદપક્ષ મુદ્દા નં.૨,૩ ની હકીકતો નિ:શંકપણે અને કડીબધ્ધ પુરાવાથી પુરવાર કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ નિવડેલ હોઈ મુદ્દા નં.૨ અને ૩ નો જવાબ નકારમાં ઠરાવવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૪ :-</u>**

(૩૧)..આમ, રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં ફરીયાદપક્ષ આ કામના મરણજનાર પટેલ જયંતીભાઈ રામદાસનાઓએ આરોપી રાવળ પોપટભાઈ બાબુભાઈના છુટાછેડા કરાવેલ હોઈ તે અંગેની અદાવત રાખી બનાવ તા.૨૧-૫-૨૦૧૮ ના રોજ કલાક ૬-૪૫ વાગે મોજે તિરૂપતી શાહીબાગ ટાઉનશીપના મેઈન ગેટ આગળ આરોપીઓએ મરણજનાર પાસે આવી "તેં કેમ છુટાછેડા કરાવેલ છે" તેમ કહી ઉશ્કેરાઈ જઈ મારી નાખવાના ઈરાદાથી ધારીયાથી માથામાં તેમજ શરીરે ઘા મારી તેમજ લાકડીથી પણ માથામાં તેમજ જમણા હાથે તથા બરડામાં તથા શરીરે માર મારી,ગંભીર ઈજાઓ કરી વ્યથા તેમજ મહાવ્યથા કરી,મરણજનારને બેભાન કરી,સારવાર દરમિયાન મોત નિપજાવી ઈ.પી.કો.કલમ- ૩૦૨, ૩૦૭,૩૨૫,૩૨૪,૩૨૩ સાથે વાંચતાં કલમ૩૪ મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલાની હકીકત નિઃશંક અને કડીબધ્ધ પુરાવાથી પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ મુદ્દા નં.૪ અંગે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

// આખરી હુ ક મ //

(૧). આરોપી નં.૧ રાવળ બાબુભાઈ લવજીભાઈ ખોડાભાઈ તથા આરોપી નં.૨ રાવળ પોપટભાઈ ઉર્ફે લાલો બાબુભાઈ લવજીભાઈ,રહે.ગણેશ વિવાન સોસાયટી,બોરની

ઓરડીમાં, મહેસાણા, મૂળ રહે. ખોરસમ,તા.ચાણસ્મા,તા.જી.પાટણનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫ (૧) મુજબ, મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૮૬/૨૦૧૮, ઈ.પી.કો. કલમ–૩૦૨,૩૦૭, ૩૨૫, ૩૨૪,૩૨૩,૩૪ મુજબના ગુનાના કામેથી શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવે છે.

(૨) આ કામના આરોપીઓ જયુડીશીયલ કસ્ટડીમાં હોઇ તેઓની અન્ય ગુનાના કામે જરૂરીયાત ના હોય તો તાત્કાલીક જેલ મુકત કરવા.

(૩). આજ રોજ મજકુર ઠરાવ સામે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અપીલ થવાના પ્રસંગે દરેક આરોપીઓ પાસેથી ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ–૪૩૭(એ) મુજબ રૂ.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર) ના જામીન તેમજ તેટલી જ રકમના જાતમુચરકા રજુ કરવા હુકમ કરવામાં આવે છે.

(૪) મુદ્દામાલનો અપિલ સમય વિતે નાશ કરવો.

હુકમ આજરોજ તા.૦૬ માહે માર્ચ સને ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૦૬/૦૩/૨૦૨૧
સ્થળ – મહેસાણા.

(માધુરી ધ્રુવકુમાર પાન્ડેય)
Code No.GJ–01542
છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ, મહેસાણા